# બારી બહાર

પ્રહ્લાદ પારેખ

# બારી બહાર

પ્રહલાદ પારેખ

બારી બહાર Copyright © by પ્રહલાદ પારેખ. All Rights Reserved.

# Contents


’એકત્ર’નો ગ્રંથ-ગુલાલ xi

પરિચય 1

પ્રકાશન માહિતી iii

અર્પણ v

અન્ય પુસ્તકો vi

ત્રીજી આવૃત્તિનું નિવેદન viii

બીજી આવૃત્તિનું નિવેદન x

પહેલી આવૃત્તિનું નિવેદન xi

ચોથી આવૃત્તિનું નિવેદન xiii

આંતર દર્શન : ઉમાશંકર જોશી xiv

૧. માગણી 39

૨. બારી બહાર 40

૩. બનાવટી ફૂલોને 43

૪. હતે તું સંગાથે ! 44

૫. પદે 46

૬. ઘેરૈયા 47
૭. હસું 48
૮. શું રે કરું હું ? 49
૯. અબોલડા 50
૧૦. વીજળી 51
૧૧. અમારી મહેફિલો 52
૧૨. દરિયાને 53
૧૩. અનંત કથા 54
૧૪. એક મિત્રને 55
૧૫. પરબ 56
૧૬. ઝાંખી 57
૧૭. અવધૂતનું ગાન 58
૧૮. ગમે 59
૧૯. પરી 60
૨૦. જાણીતી અજાણી 61
૨૧. એક છોરી 63
૨૨. લહાણું 65
૨૩. વ્યથા 66
૨૪. મારા રે હૈયાને તેનું પારખું 67

૨૫. અકારણ અશ્રુ 68

૨૬. એક દિવસ તો આવ પ્રભાત ! 70

૨૭. આજ 71

૨૮. રાત પડી હતી 72

૨૯. અમે અંધારું શણગાર્યું 73

૩૦. ચાંદરણાં 74

૩૧. આઠમ-ચાંદની 76

૩૨. શ્રદ્ધા 79

૩૩. વિભાવરી 80

૩૪. જૂઈ 81

૩૫. મુક્ત નિર્ઝર 82

૩૬. અવધૂત 83

૩૭. પ્રેમ 84

૩૮. જીવનસંધ્યા 87

૩૯. અંધ 88

૪૦. જલધિમોજ શો 89

૪૧. અતિસુખનું દુઃખ 90

૪૨. ગામની વિદાય 91

૪૩. એકલું 92

૪૪. સિન્ધુને 93
૪૫. બી 94
૪૬. દીવાદાંડી 95
૪૭. હૈયું 96
૪૮. એવું હૈયું 97
૪૯. હૈયાની પકડ 98
૫૦. સૂર્યોદય 99
૫૧. મળ્યાં અને જુદાં પડયાં 100
૫૨. વાંછા 101
૫૩. આવેશ 102
૫૪. અબોલા 103
૫૫. એક ફૂલ ખીલ્યું છે! 104
૫૬. કોકિલ બોલે છે 105
૫૭. વાતો 106
૫૮. ચિરતૃષા 107
૫૯. રોજિંદાં કામ કેરું આ 108
૬૦. આવ, મેહુલિયા ! 110
૬૧. વર્ષા 111
૬૨. આયો મેહુલિયો ! 112

૬૩. શાને ? 113
૬૪. થાયે છે થેઈ થેઈકાર 114
૬૫. વરસે અનરાધાર 115
૬૬. કામિની 116
૬૭. શ્રાવણ 118
૬૮. શિવલી 119
૬૯. વાદળ વીખરાયાં 121
૭૦. ઘાસ અને હું 122
૭૧. માનવકંઠ 124
૭૨. લાગે રે નવાઈ 126
૭૩. આપણે ભરોસે 127
૭૪. અદના આદમીનું ગીત 128
૭૫. પસંદગી 130
૭૬. છેલ્લી પૂજા 132
૭૭. પરાજયની જીત 134
૭૮. દાન 137
૭૯. શી કસોટી, હાય! 139
૮૦. હે મંગલ ! 140
૮૧. તારો ઇતબાર 141

૮૨. શબ્દો 142

૮૩. વિદાય 143

૮૪. ભુંડ 144

૮૫. મશીનની માનવી ઉપર સવારી 146

૮૬. હૈયું કહીં ? 148

૮૭. માનવીનાં મૂલ 150

૮૮. મેલો એક કોડિયું 151

૮૯. પૂજ્ય નાનાભાઈ ભટ્ટઃ એંસીમે જન્મદિને 152

૯૦. સ્વ. મોતીલાલ નેહરુને : જન્મશતાબ્દીએ 153

૯૧. વનપ્રવેશ, મિત્રોને 154

૯૨. દિલડું જીત્યું નહી ! 155

૯૩. એક ગોરીને 156

૯૪. વળાંક 157

૯૫. માનવ-પારિજાત હે ! 158

૯૬. રખડવા નીકળ્યો છું 160

૯૭. હૈયાનો હંસલો 161

૯૮. કોણ એવું છે અપાર! 162

# 'એકત્ર'નો ગ્રંથ-ગુલાલ

આપણી મધુર ગુજરાતી ભાષા અને એના મનભાવન સાહિત્ય માટેનાં સ્નેહ-પ્રેમ-મમતા અને ગૌરવથી પ્રેરાઈને 'એકત્ર' પરિવારે સાહિત્યનાં ઉત્તમ ને રસપ્રદ પુસ્તકોને, વીજાણુ માધ્યમથી, સૌ વાચકો ને મુક્તપણે પહોંચાડવાનો સંકલ્પ કરેલો છે.

આજ સુધીમાં અમે જે જે પુસ્તકો અમારા આ ઈ-બુકના માધ્યમથી પ્રકાશિત કરેલાં છે એ સર્વ આપ

www.ekatrafoundation.org

તથા

https://ekatra.pressbooks.pub

પરથી વાંચી શકશો.

## અમારો દૃષ્ટિકોણ:

હા, પુસ્તકો સૌને અમારે પહોંચાડવાં છે – પણ દૃષ્ટિપૂર્વક. અમારો 'વેચવાનો' આશય નથી, 'વહેંચવાનો' જ છે, એ ખરું; પરંતુ એટલું પૂરતું નથી. અમારે ઉત્તમ વસ્તુ સરસ રીતે પહોંચાડવી છે.

આ રીતે –

* પુસ્તકોની પસંદગી 'ઉત્તમ-અને-રસપ્રદ'ના ધોરણે કરીએ છીએ: એટલે કે રસપૂર્વક વાંચી શકાય એવાં ઉત્તમ પુસ્તકો અમે, ચાખીચાખીને, સૌ સામે મૂકવા માગીએ છીએ.

* પુસ્તકનો આરંભ થશે એના મૂળ કવરપેજથી; પછી હશે તેના લેખકનો પૂરા કદનો ફોટોગ્રાફ; એ પછી હશે એક ખાસ મહત્ત્વની બાબત – લેખક પરિચય અને પુસ્તક પરિચય (ટૂંકમા) અને પછી હશે પુસ્તકનું શીર્ષક અને પ્રકાશન વિગતો. ત્યાર બાદ આપ સૌ પુસ્તકમાં પ્રવેશ કરશો.

– અર્થાત્, લેખકનો તથા પુસ્તકનો પ્રથમ પરિચય કરીને લેખક અને પુસ્તક સાથે હસ્તધૂનન કરીને આપ પુસ્તકમાં પ્રવેશશો.

**તો, આવો. આપનું સ્વાગત છે ગમતાના ગુલાલથી.**


*

Ekatra Foundation is grateful to the author for allowing distribution of this book as ebook at no charge. Readers are not permitted to modify content or use it commercially without written permission from author and publisher. Readers can purchase original book form the publisher. Ekatra Foundation is a USA registered not for profit organization with objective to preserve Gujarati literature and increase its audience through

digitization. For more information, Please visit:
www.ekatrafoundation.org and
https://ekatra.pressbooks.pub.

***

# પરિચય



**પ્રહ્લાદ જેઠાલાલ પારેખ**
**(જ.૨૨, ઑક્ટોબર ૧૯૧૧ – અવ. ૨, જાન્યુઆરી ૧૯૬૨)**

ગાંધી-વિચાર-સંવેદના ધરાવતી દક્ષિણામૂર્તિ શાળા (ભાવનગર)માં અભ્યાસ કરીને પછી ૧૯૩૦ની આઝાદીની ચળવળમાં ભાગ લઈ જેલવાસ પણ કરનાર પ્રહલાદ

પારેખની કવિતામાં ગાંધી-પ્રેરિત માનવ-કરુણા તો છે જ, પરંતુ એમની કવિતા સમાજ-અભિમુખ રહેવાને બદલે સૌંદર્ય-અભિમુખ બને છે –એ એનો વિશેષ છે. એમની ૨૨ની વયે ચાર વરસ એ શાંતિનિકેતનમાં, રવીદ્રનાથના સાન્નિધ્યમાં રહે છે, એ એમની કવિતાની દિશા બદલવામાં નિર્ણાયક બને છે. ત્યાંથી આવીને એ જીવનભર શિક્ષક રહે છે –પહેલાં ભાવનગરમાં પછી ઘણો વખત મુંબઈમાં. ત્યાં જ ૫૦ની વયે એમનું અવસાન. એમનો મહત્ત્વનો કાવ્યસંગ્રહ ‘**બારી બહાર**‘. એ ઉપરાંત એમણે ‘**સરવાણી**‘ નામે ગીતસંગ્રહ આપ્યો. બાળકો માટે કાવ્યો અને વાર્તાઓ લખી. (જે અપ્રગટ છે.) એ ઉપરાંત એમણે ભાઈબહેનના શૈશવનું નિરૂપણ કરતી એક સળંગ ગદ્યકથા પણ પ્રકાશિત કરેલી.

## કૃતિ-પરિચય

**બારી બહાર** (૧૯૪૦)ની કાવ્યરચનાઓ ગુજરાતી કવિતાને એક નવો વળાંક આપે છે. ગાંધીયુગીન કવિતાના સામાજિક વાસ્તવમાંથી, ઇંદ્રીયાનુભવોના આંતર-વિશ્વમાં સરકતી આ કવિની કવિતા માનવ-સંવેદનાનો ઝીણો તાર રણકાવતી, હૃદયના નાજુક ભાવોને મધુર છંદ-લયથી વ્યક્ત કરતી રહે છે. એ કાવ્યરચનાઓ પ્રેમ, પ્રકૃતિ અને સંવેદન-પ્રેરક વિષયોને ગીતો દ્વારા, સંસ્કૃત છંદોમાં તેમજ માત્રામેળી લયોમાં નિરૂપણ પામી છે. ‘બારી બહાર’, ‘આજ અંધાર...’, ‘જૂઈ’, ‘વાતો’, ‘વિદાય’, ‘ઘાસ અને હું’ એમનાં ખૂબ જ જાણીતાં થયેલાં કાવ્યો છે. ‘બારી બહાર’ની અનેક આવૃત્તિઓ થઈ છે એ પણ આ કાવ્યોની મહત્તા બતાવે છે.

તો, એ સંવેદન-રંગો અને સૂરોના કવિતા-પ્રવાહમાં પ્રવેશીએ...

(પરિચય – રમણ સોની)

# પ્રકાશન માહિતી

Baari Bahaar : Poems in Gujarati.
By Prahlad Jethalal Parekh.
બારી બહાર : પ્રહ્લાદ પારેખ

[ચોથી શોધિતવર્ધિત આવૃત્તિ, ૧૯૭૨]
સં. ભૃગુરાય અંજારિયા

વોરા એન્ડ કંપની, પબ્લિશર, પ્રાઇવેટ લિમિટેડ
૩, રાઉન્ડ બિલ્ડીંગ, કાલબાદેવી રોડ મુંબઈ ૨.

મુખ્ય વિક્રેતા
વોરા એન્ડ કંપની
ગાંધી ચેમ્બસર્, ગાંધીમાર્ગ
અમદાવાદ – ૧

આ સંગ્રહમાંનાં કાવ્યોનો કોઈ પણ પ્રકારે ઉપયોગ કરતાં પહેલાં શ્રી. રંજનબહેન પારેખની
સંમતિ મેળવવી આવશ્યક છે.

રંજનબહેન પ્રહ્લાદ પારેખ
૨, ગાલા નિવાસ, મહાત્મા ગાંધી માર્ગ, કાંદીવલી પશ્ચિમ, મુંબઈ ૬૭

પહેલી આવૃત્તિ, ૧૯૪૦, પ્રત : ૫૦૦
બીજી આવૃત્તિ, ૧૯૬૦, પ્રત : ૧૫૦૦
બીજી આવૃત્તિનું પહેલું પુનર્મુદ્રણ તા. ૧-૭-૧૯૬ પ્રત : ૧૬૦૦
બીજી આવૃત્તિનું બીજું પુનર્મુદ્રણ તા. ૧૪-૬-૧૯૬૯ પ્રત : ૧૫૦૦
બીજી આવૃત્તિનું ત્રીજું પુનર્મુદ્રણ તા. ૨૨-૮-૧૯૬૯ પ્રત : ૧૫૦૦
ત્રીજી આવૃત્તિ તા.૨૦-૬-૧૯૭૦ પ્રત : ૧૫૦૦
ચોથી આવૃત્તિ તા.૩૦-૬-૧૯૭૧ પ્રત : ૨૧૫૦
ચોથી આવૃત્તિનું પહેલું પુનર્મુદ્રણ તા.૨૦-૭-૧૯૭૧ પ્રત : ૧૨૫૦

કિંમત : ૩-૫૦

પ્રકાશક :
કનુભાઈ કે. વોરા
વોરા એન્ડ કંપની,
પબ્લિશર, પ્રાઇવેટ લિમિટેડ,૩, રાઉન્ડ બિલ્ડિંગ,મુંબઈ ૨

મુદ્રક :
દિનકરરાય અંબાશંકર ઓઝા,
શ્રી અંબિકા પ્રિન્ટરી, ઢાળની પોળ,
ઉપલી શેરી સામે, અમદાવાદ

# અર્પણ

શ્રી સોમાલાલ શાહને
રંગના કવિને કરે…

# અન્ય પુસ્તકો

**પ્રહ્લાદ જેઠાલાલ પારેખ**

**જન્મ** : ભાવનગર, તા. ૨૨-૧૦-૧૯૧૧.

**અવસાન** : કાંદીવલી (મુંબઈ) તા. ૨-૧-૧૯૬૨.

**કૃતિઓ** :

**ગુલાબ અને શિવલી** : ૧૯૩૮.

(માબાપોએ વાંચવા જેવી ભાઈબહેનના શૈશવજીવનનું મનોવૈજ્ઞાનિક નિરૂપણ કરતી કરુણમંગલ ગદ્યકથા)

**બારી બહાર** : ૧૯૪૦, ૧૯૬૦, ૧૯૬૮, ૧૯૬૯, ૧૯૬૯, ૧૯૭૦, ૧૯૭૧, ૧૯૭૨.

(કાવ્યસંગ્રહ : શ્રી ઉમાશંકર જોશીની પ્રસ્તાવના સહિત)

**સરવાણી** : ૧૯૪૮, ૧૯૫૭.

(‘વર્ષામંગલ’ની ગીતમાલા સહિત મુખ્યત્વે ગીતોનો સંગ્રહ: શ્રી ભૃગુરાય અંજારિયાની પ્રસ્તાવના સહિત)

**રૂપેરી સરોવરને કિનારે** : ૧૯૬૨.

(Mrs. Laura Ingalls Wilderના By The Shores Of The Silver Lake નો અનુવાદ.)

**ગુલાબ અને શિવલી** : બીજો ભાગ (અપ્રકટ)

**બાળકાવ્યોનો સંગ્રહ** : (અપ્રકટ)

# અન્ય પુસ્તકો

**બાળવાર્તાનો સંગ્રહ :** (અપ્રકટ)

# ત્રીજી આવૃત્તિનું નિવેદન

'બારી બહાર' (૧૯૪૦)ની પહેલી આવૃત્તિ પછીનાં વીસ વરસમાં સ્વ. પ્રહ્લાદે લખેલાં કાવ્યો બીજી આવૃત્તિમાં યોગ્ય સ્થાને ગૂંથવાનું, અને એમ કરતાં જરૂર લાગે તેટલા કાવ્યોનો ક્રમ બદલાવવાનું કામ મારે કરવું પડ્યું હતું. કવિ પોતે જ પોતાનાં કાવ્યોને ઉત્તમ રીતે ગૂંથી શકે એવી મારી દલીલ છતાં સ્વ. પ્રહ્લાદના આગ્રહને મારે વશ થવું પડ્યું હતું.

ઉપરાંત, પ્રહ્લાદના હાથલખાણમાં, શેલીના હાથલખાણમાં હતાં તેવાં, એક પ્રકારની ઋજુતા અને નિસર્ગવાદ હતાં : જોડણી, અનુસ્વાર, વિરામચિહ્નો, પંક્તિને અને કડીને છંદ, લય અને પ્રાસને લક્ષમાં લઇ મુદ્રણનો અમુક ઘાટ આપવો, એ બધી બાબતોની એ બહુ ચિંતા ન કરતા. પહેલી આવૃત્તિના મુદ્રણમાં, એમના હાથલખાણમાં નથી એવી મુદ્રણને લગતી થોડીઘણી કાળજી કોઈ એ લીધી લાગે છે છતાં, પ્રહ્લાદના લખાણના આ લક્ષણની પ્રબળ અસર રહી ગઈ છે. બીજી આવૃત્તિ વેળાએ તેમણે આ બાબતની જવાબદારી પણ મારા ઉપર નાખેલી. એમણે ગાયેલી કામિનીનું ફૂલ એટલું નાજુક હોય છે કે તેને ચૂંટવા જતાં કાળજી ન રાખીએ તો હાથમાં છૂટી પાંખડીઓ જ આવે. એમની પંક્તિઓમાં વિરામચિહ્નો મૂકતાં મને આ નાની, નાજુક, શ્વેત પાંખડીઓ ઉપર હું મારી ટાંકથી આંકા પાડતો હોઉં એવું લાગેલું પણ ઉત્તમ કાવ્યસંગ્રહનું એક ભાવિ એ છે કે એ પાઠ્યપુસ્તક બને છે.

આ આવૃત્તિમાં મેં બીજી આવૃત્તિ છપાયા પછી તેમણે લખેલાં કાવ્યોમાંથી પસંદગી કરીને તેર કાવ્યો, અને, અમે તે પહેલાં લખાયેલાં પણ બીજી આવૃત્તિમાં ન લીધેલાં બે

કાવ્યો, 'દિલડું જીત્યું નહીં!' અને 'એક ગોરીને', એમ કુલ પંદર કાવ્યો ઉમેર્યાં છે. આમ કરતાં, તેમની મને મળેલી નોટો, અધૂરાપધૂરા પ્રયોગ– પ્રયત્ન ધરાવતાં અનેક છૂટાં કાગળિયાં, ૯૦ જોઈ લીધાં છે. 'બારી બહાર' હાલ પાઠ્યપુસ્તક છે તેથી આવૃત્તિમાં નવાં કાવ્યોને ગૂંથીને ક્રમ ન બદલાવતાં, પરિશિષ્ટ રૂપે એ પંદર કાવ્યો મૂક્યાં છે.

ઉપરકહી હસ્તલિખિત સામગ્રી પહેલી જ વાર ઝીણવટથી જોવા મળતાં બીજી આવૃત્તિમાં અને તે પછીનાં તેનાં ત્રણ પુનમુદ્રણોમાં મળતી ભૂલો સુધારી લીધી છે. 'ગામની વિદાય'માં છેલ્લી અને 'આવ, મેહુલિયા !'માં ત્રીજી કડી ઉમેરાઈ છે. 'એક ફૂલ ખૂલ્યું છે !'માં પહેલી લીટીમાં 'મારા વા'લમની ડાળીએ નહીં પણ 'વાડીએ' નોટમાં મળે છે, તે પ્રમાણે છે. 'આયો મેહુલિયો !' માં 'એ તો આવી આવીને મલકાયો :' અર્થવિહીન છે. મૂળ નોટ જોતાં કવિના હસ્તાક્ષરમાં પણ વ–લની સમાનતા મળે છે. પણ કવિએ આ ગીત મારી પાસે અનેક વાર ગાયું છે. તેની સ્પષ્ટ સ્મૃતિથી 'એ તો આલી આલીને મલકાયો :',–એમ સુધાર્યું છે. 'ઘાસ અને હું'માં 'ના છબે છે એક પળ એના ચરણ.'માં કવિએ મને બીજી આવૃત્તિ છપાઈ ગયા પછી કહેલું કે પોતાને 'છબે' અભિપ્રેત છે. નોટમાં પણ 'છબે' મળે છે. આ ઉપરાંત પુનર્મુદ્રણોમાં ઉમેરાયેલી ભૂલો કાઢી નાખવાની કાળજી રાખી છે.

બીજી આવૃત્તિમાં બીજાં અનેક કાવ્યોની સાથે 'એકલું'નો મુદ્રણઘાટ બદલાવ્યો હતો. 'મારા રે હૈયાને તેનું પારખું'નો બંધ પણ એવો જ હોવાથી એનો ઘાટ પણ આ વખતે 'એકલું' પ્રમાણે કર્યો છે. બીજાં કાવ્યોમાં પણ ઘાટ બદલાવ્યા છે.

નવાં કાવ્યો ઉમેરવામાં મારાથી જુદી રીતે કોઈ પસંદગી કરી શકે. આ કારણે, અને એમનાં અધૂરાં કાવ્યો, બે જુદી દિશામાં લખી જોયેલાં કાવ્યો. કડીઓ, છૂટી પંક્તિઓ વગેરે જે નોટો અને છૂટાં કાગળિયાંમાં છે તે બહુ વખત ન ટકે, તેથી એક વાર તો આ બધો ખેરો એક જ સ્થળે – બેન તો એક સામયિકમાં–રસિકો સમક્ષ મૂકવનું વિચાર્યું છે.

**–ભૃગુરાય અંજારિયા**

તા. ૧૦-૫-૧૯૭૦, સાન્તાક્રુઝ-પશ્ચિમ, મુંબઈ

# બીજી આવૃત્તિનું નિવેદન

'બારી બહાર'ની પહેલી આવૃત્તિ ઈ.સ. ૧૯૪૦માં પ્રગટ થઈ. ત્યાર પછી ઓગણીસ વરસે આ બીજી આવૃત્તિ પ્રગટ થાય છે. આ આવૃત્તિમાં અનુક્રમમાં ફૂદડીની નિશાનીથી દર્શાવેલી કૃતિઓ નવી ઉમેરી છે. અને તે ઉમેરાતાં જૂની કૃતિઓનો ક્રમ બદલાયો છે.

સંગ્રહનાં કાવ્યોમાંથી 'મુક્ત નિર્ઝર' કવિવર ટાગોરના 'નિર્ઝરેર સ્વપ્નભંગ' કાવ્યનો ભાવનુવાદ છે. 'અંધ' તેમના 'Cycle of Spring'ના ૧૦૨ મા પાન ઉપરના અંધ ગાયકે ગાયેલા ગીતનો અનુવાદ છે. તે ઉપરાંત 'છેલ્લી પૂજા' અને 'દાન' એ બન્ને પણ તેમનાં જ પ્રસિદ્ધ કથાકાવ્યોના અનુવાદ છે.

પહેલી આવૃત્તિ સાથે જોડેલું શ્રી ઉમાશંકર જોશીનું પુરોવચન–'આંતર દર્શન' આજે બે દાયકા પછીય એટલું જ ઉપયોગી હોઈ, આ આવૃત્તિમાં પણ મૂક્યું છે. એ મૂકવા દેવા માટે શ્રી ઉમાશંકર જોશીનો હૃદયપૂર્વક આભાર માનું છું.

શ્રી મૂળશંકર મો. ભટ્ટે ગીતોની સ્વરચના કરી આપી મિત્રકાર્ય બજાવ્યું છે.

મારા મિત્ર શ્રી બાલમુકુન્દ દવે અને શ્રી બાલુભાઈ પારેખે જે સહકાર આપ્યો છે તે માટે તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

આ આવૃત્તિના પ્રકાશનમાં મારા મિત્ર શ્રી ભૃગુરાય અંજારિયાની પ્રેરણા માટે તેમનો પણ આભારી છું.

– **પ્રહ્લાદ પારેખ**

સ્વામીનારાયણ ચાલ, રૂમ નં. ૨
મહાત્મા ગાંધી રોડ, કાંદીવલી (પશ્ચિમ), મુંબઈ

# પહેલી આવૃત્તિનું નિવેદન

રો. રવિશંકર જોષીની પ્રેરણા આ પુસ્તક હું પ્રગટ કરી શક્યો ન હોત એ પ્રેરણા બદલ તેમનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

તે ઉપરાંત નામદાર દરબારશ્રીના "ગ્રંથોત્તેજક ફંડ"માંથી મને જે સહાય મળી છે તે પણ પુસ્તકના પ્રકાશનમાં અત્યંત મહત્ત્વની હોઈ નામદા દરબારશ્રીનો અને "ગ્રંથોત્તેજક ફંડ"ની કમિટીના સભ્યોનો આભાર માનું છું.

મારા મિત્ર શ્રી. મૂળશંકરમો. ભટ્ટે પુસ્તકનાં પ્રૈફ જોઈ દેવાની અને ગીતોની સ્વરચના કરી આપવાની કીમતી મદદ મને કરી છે.

સંગ્રહમાંનાં કાવ્યો ૧૯૩૦ થી ૧૯૪૦ સુધીમાં લખાયેલાં છે. ૩૫ મા પાના ઉપરનું 'મુક્ત નિર્ઝર' કવિવર ટાગોરના 'નિર્ઝરેર સ્વપ્નભંગ' નામના કાવ્યના ભાવની અસર નીચે લખાયેલું છે. ૪૧ મા પાના ઉપરનું 'અંધ પણ તેમની જ કૃતિ 'Cycle of Spring'ના ૧૦૨ મા પાના ઉપરના અંધ ગાયકે ગાયેલા ગીતનો અનુવાદ છે.

તે ઉપરાંત ૬૯ મા પાના ઉપરનું 'છેલ્લી પૂજા' અને ૭૨ મા પાના ઉપરનું 'દાન' એ બન્ને કવિવરનાં જ પ્રસિદ્ધ કથાકાવ્યોના અનુવાદ છે.

૫૪ મા પાના ઉપરનું 'હે મંગલ!' અને ૬૩ મા પાના ઉપરનું 'શી કસોટી, હાય!'– બન્ને ગીતો મુંબઈની 'પ્યૂપિલ્ઝ ઓન સ્કૂલ'ના વિદ્યાર્થીઓએ શ્રી. બચુભાઈ શુકલે ગુજરાતીમાં ટૈંકાવી આપેલ 'નટીર પૂજા' રેડિયો ઉપર ભજવ્યું ત્યારે લખી આપેલાં. તેમાંનું 'શી કસોટી, હાય!' તે પૂજા કરવા જતી નટીનો પૂજાનો થાળ છીનવી લેવામાં આવે છે તે પ્રસંગ માટે. અને 'હે મંગલ!' તે પૂજા શરૂ કરે છે તે પ્રસંગ માટે.

૪૩ મા પાના ઉપરનું ‘અંતર ભરપૂર’ [મૂલ : જોઈએ, ‘અતિસુખનું દુ:ખ’] પણ એ જ નિશાળના વિદ્યાર્થીઓએ શ્રી બચુભાઈ શુક્લ પ્રયોજિત ‘વરદાન’ નામનું સંગીતનાટક ભજવેલું તે વખતે લખી આપેલું. તેમાં શ્રી અને શોભા નામની બે બેનો શંકર પાસે વરદાન માગે છે, અને તેમાંની શ્રી પછીથી કશું જ માગવાપણું ન રહે તે રીતે બધું જ ઐહિક સુખ માગી લે છે. પરિણામે એ જ સ્થિતિ તેને દુ:ખદ થઈ પડે છે અને ‘નહીં કામના કદી ય જાગે?’ –એવું તેને દુ:ખ થાય છે.

પારિજાતકનું શિવલી નામ શાંતિનિકેતનમાં સાંભળેલું. ‘કામિની’ફૂલ આ પણ ‘અષાઢી’ને સંપૂર્ણ રીતે મળતું છે.

સ્વરરચના ચાર જ ગીતોની આપી છે. કારણ કે બીજા સહેલાઈથી બેસાડી શકાય તેવા ઢાળો છે.

ભીખા ઠક્કરની શેરી,
ભગાતળાવ, ભાવનગર. ૧૯૪૦
**પ્ર. પારેખ**

# ચોથી આવૃત્તિનું નિવેદન

આ આવૃત્તિમાં કવિનું પહેલી આવૃત્તિનું નિવેદન દાખલ કર્યું છે. આ ઉપરાંત, ‘હતે તું સંગાથે !’માં પહેલી આવૃત્તિને આધારે છેલ્લી કડી ઉમેરી છે. આ સુધારો ગયે વખતે થવો રહી ગયો હતો. વળી, ‘મશીનની માનવી ઉપર સવારી’માં એક છપાયેલી નકલનો આધાર છોડી કવિના જ હાથલખાણને આધારે છેલ્લે બે પંક્તિ ઉમેરી છે.

છેલ્લે, યથાશક્ય મુદ્રણદોષો સુધારીને કાવ્યભાવોની સ્પષ્ટતા ખાતર જરૂરી વિરામચિહ્નો મૂક્યાં છે.

૧-૬-૧૯૭૧

—**ભૃગુરાય અંજારિયા**

# આંતર દર્શન : ઉમાશંકર જોશી

### પ્રહલાદ પારેખની કવિતા વિશે—

### ૧. ‘નીતરાં પાણી’

૧૯૩૧થી ૧૯૪૦ એ દસકો ગુજરાતી સાહિત્યમાં કવિતાનો ગણાશે. સિદ્ધહસ્ત કવિઓમાંથી પણ કવિશ્રી, પ્રો. અને કવિશ્રી ન્હાનાલાલ, પ્રો. ઠાકોર અને કવિશ્રી ખબરદારની મહત્ત્વની ગણી શકાય એવી કાવ્યપ્રવૃત્તિ આ દસકાને ફાળે જમા થઈ છે. ન્હાનાલાલના મહાકાવ્ય ‘કુરુક્ષેત્ર’ ના મોટા ભાગના કાંડ આ દસકામાં પૂરા થતાં અર્વાચીન ગુજરાતને એક દીર્ઘકાવ્યરૂપ રચના મળે છે. ખબરદારે મનનપ્રધાન પદ્યગ્રંથ ‘દર્શનિકા’ આપ્યો તે પણ આ દસકામાં જ. અને પ્રો. ઠાકોરના સૉનેટ, ખંડકાવ્ય, વર્ણનકાવ્ય અને કથાકાવ્યના અનેક નવા નવા પ્રસિદ્ધ અપ્રસિદ્ધ પ્રયોગોનો સમય તે પણ આ. તે પછી કાવ્યક્ષેત્રમાં જેમનો પ્રવેશ થયો તે ‘શેષ’નાં પણ મોટા ભાગનાં કાવ્યો આ સમયમાં રચાયાં. આગલા દસકામાં જ કવિ તરીકે પ્રતિષ્ઠા પામી ચૂકેલા એવા મેઘાણી, સ્નેહરશ્મિ અને ચંદ્રવદનના કાવ્યસંગ્રહો આ દસકામાં મળ્યા એટલું જ નહિ પણ તેમની મુખ્ય મુખ્ય રચનાઓ પણ આ સમય દરમ્યાન થઈ.

પણ આ દસકાને કવિતાને માટે સર કરી લીધો તે તો મનસુખલાલ, ઇન્દુલાલ, સુંદરજી બેટાઈ, શ્રીધરાણી, સુંદરમ્, પતીલ, કરસનદાસ માણેક, બાદરાયણ, રામપ્રસાદ શુક્લ, પૂજાલાલ વગેરે નવકવિઓના વેગ અને આવેગભર્યા પ્રયત્નોએ. આ નવીનોએ થોડી વાર તો જાણે કે ગુજરાતને કાવ્યપ્લાવિત કરી મૂક્યું. થોડીવાર સૌને

એ ગમ્યું પણ ખરું. પણ પછી તરત તેનો પ્રતિકાર પણ શરૂ થયો. એ કુદરતી હતું. નવી કવિતા સમાજજીવનની જેટલી કડક વિવેચના કરતી ન હતી તેટલી સમાજે નવી કવિતાની કરવી શરૂ કરી. એ સમયમાં નવકવિઓએ ડહોળી નાખેલા વાતાવરણમાં આવવાનું સદ્ભાગ્ય કહો કે દુર્ભાગ્ય કવિઓના એક બીજા નવતર સમુદાયને મળ્યું. એ નવતર કવિઓની હારમાં સહેજે ઝળકી આવે એવા 'સ્વપ્નરથ', 'ઉપવાસી', અરાલવાળા, 'કોલક', પ્રબોધ-પારાશર્ય, હરિશ્ચંદ્ર ભટ્ટ, પ્રજારામ રાવળ, ગોવિંદ સ્વામી, અશોક હર્ષ, નાથાલાલ દવે, પ્રહ્લાદ પારેખ, –કેટલાં નામ ગણાવવાં? પણ આ જેવાં છે તેવાં નામની માળા આગળ ચલાવતાં જ દૂર અદૂરના ભવિષ્યમાં વચ્ચે કોઈ મહાકવિનાં નામ પણ આવી જશે ને?

આટલી પશ્ચાદ્ – અને પાશ્વર્ભૂમિકા પોતાની મેળે ધ્યાન ખેચે એવી છે. પણ તે રજૂ કરવામાં બીજો પણ આશય છે.

ઘણી વાર કલાકારની કૃતિઓને તપાસવા બેસતાં આપણે આસપાસના ઇતિહાસનું દર્શન કરવાની જરૂર જોઈએ છીએ. મને આ કાવ્યસંગ્રહ જોઈને એમ થાય છે કે હમેશાં એવા તત્કાલીન પરિસ્થિતિના અભ્યાસથી જ કલાકારની કૃતિઓનો તાગ મેળવવાનો આગ્રહ રાખવો એ બરોબર નથી. 'બારી બહાર' ના લેખકે ૧૯૩૦ના પ્રચંડ રાષ્ટ્રીય આંદોલનમાં સક્રિયપણે ભાગ લીધો હતો એ હું જાણું છું. અમે વીરમગામ છાવણીમાં સાથે જ હતા. છતાં એમનાં આ કાવ્યો જુઓ. દસકાના શરૂઆતના કવિઓએ જે બલિદાન, મુક્તિ, શહાદત, શંખનાદ, અશ્રુ, રુધિર, યજ્ઞજ્વાળા વગેરે સળગતા શબ્દો અને તેની પાછળની સ્વાતંત્ર્યની બાવનાઓનો છૂટે હાથે–મોંએ ઉપયોગ કર્યો છે તેવું અહીં તો કાંઈ જ દેખાતું નથી. એ જ કવિઓએ બેત્રણ વરસ પછી દલિત, પતિત, શોષણ, ભૂખ, બાળમજૂર, વર્ગભેદ, વગેરે શબ્દોનો ઉદ્ઘોષ ભારે શોરપૂર્વક કર્યો હતો. પણ તે જુવાળનો પણ અણસારો ક્યાંક

ભૂખના માર્યા, દુ:ખના માર્યા, થાતા ગુનેગાર;
('માનવકંઠ')

એવી પંક્તિઓમાં મળે છે તે જ.

અને બીજું : નવીનોએ બહિરંગમાં જે પરિવર્તનો કર્યાં છે તેનું માહાત્મ્ય પન આ સંગ્રહમાં બહુ નહિ દેખવા પામો. માથે ચડી વાગેલો એવો છંદ તે આમાં ક્વચિત્-ક્વચિત જ જોશો. લખવાનો અભખરો પણ અહીં નથી. પ્રવાહી પદ્યને બદલે શ્લોકબંધનો

આગ્રહ વિશેષ દેખાય છે. નવીનતાને ખાતર જ લીધા હોય એવા જે હડફેટે ચડયા હોય તે વિષયને આમાં સ્થાન મળેલું લાગતું નથી. શબ્દ પ્રયોગો અંગે પણ આ કવિએ આ દસકામાં નામચીન થઈ પડેલી એવી ભાંગતોડ કે ઠરડમરડ કરી નથી. 'બનાવટી ફૂલોને' જેવું નવા વિષયનું કાવ્ય મળે છે ત્યારે કવિહૃદયે એને પરત્વે તીવ્ર સંવેદન અનુભવ્યું છે એની પ્રતીતિ થયા વગર રહેતી નથી.

આનો અર્થ હું એટલો જ કરું છું કે શ્રી પ્રહ્લાદ પારેખ અને બીજા નવીનતર કવિઓ એવા સમયે આવ્યા છે કે માત્ર છંદપ્રયોગથી કે વિષયની નવીનતાથી, શૈલીના લહેકાથી કે ભાષાના ફટાટોપથી સામાને આંજી નાખવાનું હવે સુકર નથી; અને એથી એમણે ભાવની નિર્ભરતા ઉપર, રસની ગહનતા ઉપર જ આધાર રાખવાનો રહે છે. એનો અર્થ એ નથી કે આ કવિઓ યુગબળો કે યુગપરિવર્તોથી છેક જ અલિપ્ત છે. તેઓ મન ફાવે ત્યારે પ્રાસંગિક ઘટનાઓને પણ કાવ્યવિષય તરીકે અપનાવે છે. પણ જેમને હું નવીનતર કવિઓ કહું છું તેમનું લક્ષણ મને અવશ્ય એ લાગે છે કે તેઓ આગળનાઓ કરતાં સવિશેષપણે સૌન્દર્યાભિમુખ છે. આ લક્ષણ શ્રી પ્રહ્લાદ પારેખની રચનાઓમાં સાંગોપાંગ દેખાય છે.

આ કવિની કૃતિઓ આટલી જ ? એવો પ્રશ્ન કોઈ ને થાય તો તેનો ઉત્તર પણ ઉપરના વર્ણનમાંથી મળી રહેશે. ભાવને ઘૂંટી ઘૂંટીને આપવાનો, સૌન્દર્યદર્શનને સુરેખશિલ્પમંડિત કરવાનો, આગ્રહ મનમાં બંધાતો જાય પછી પરિણામ એ આવે કે ફાલ ઓછો ઊતર્યો તો એમાં આશ્ચર્ય પણ શું ? પ્રવાહી પદ્યના ઓઠા નીચે ભાવનું ડહોળાણ છુપાવવું બહુ સહેલું છે અને ભાવની ધનતા સિદ્ધ નથી થઈ તે સહેજમાં પકડાવા દીધા સિવાય સેંકડો પંક્તિમાં કાવ્ય વહાવી શકાય. પણ મુક્તક કે સુભાષિત શૈલીમાં ચોટ સાધ્યા વગર છૂટકો જ નહિ. પ્રવાહી શૈલીના વિરોધમાં આ શબ્દોક નથી. કહેવાનું એટલું જ છે કે લઘુકાવ્ય લખતી વખતે લાંબા વર્ણનકાવ્ય, કથાકાવ્ય કે મહાકાવ્ય માટે વધુ ઉચિત એવી પ્રવાહી શૈલીનો હમેશાં આગ્રહ રાખવાને બદલે ઊર્મિકવિતાને અનુકૂળ એવી મુક્તક શૈલીનો પણ ઉપયોગ આપણે ત્યાં થતો રહે એ ઇચ્છવાજોગ છે. પાણીદાર મોતી જેવાં ઊર્મિકાવ્યો, રસની ઘૂંટેલી કણિકાઓ જેવી શ્લોકપંક્તિઓ આ કવિમાંથી ઘણા સારા પ્રમાણમાં મળી રહેશે. વિષયની વિવિધતા માટે વલખાં મારવાને બદલે કવિએ માનવીના ચિરંતન મનોભાવોને આલેખવામાં જ આનંદ માન્યો છે. માનવહૃદયની ગૂઢ ઉત્સુકતા, તીવ્ર વેદના, નિસ્તલ નિરાશા અને અમોઘ મુદિતા કવિ સહેજમાં શબ્દરથ

કરી શકે છે. શ્રી પ્રહ્‌લાદ પારેખે માનવહૃદયને જ જાણે પોતાનો કાવ્યવિષય બનાવ્યો લાગે છે. બહિરંગ અને અંતરંગ અંગે જે કવિ સ્થિર અને સુડોળ તત્ત્વો પર નજર રાખતો હોય તેની રચનાઓ બહુ નયે સંભવે. મને આ સંબંધમાં છએક વરસ પહેલાં પાર્લામાં પ્રો. ઠાકોરે આધુનિક કવિતા વિશે જાહેરમાં બોલતાં વાપરેલા શબ્દો યાદ આવે છે. તેઓશ્રીએ કહ્યું હતું : ‘નેવનાં પાણી નીતરાં નહિ ને નીતરાં પાણી ઝાઝાં નહિ.’

શ્રી પ્રહ્‌લાદ પારેખની કૃતિઓમાં ‘નીતરાં પાણી’ હોવાનો ગુણ છે. અને તે, પોતે ડહોળાણના વાતાવરણમાં ઊછર્યા હોવા છતાં. આ તો તેમનો પ્રથમ કૃતિસંગ્રહ છે અને તેઓ હજી તો યુવાન છે. એટલે નીતરાં પાણી ‘ઝાઝાં’ મેળવવાની આશા રાખવાનો પણ આપણને હક્ક છે.

## ૨. આંખ, કાન અને નાકની કવિતા

મહાત્માજીએ શ્રી મુનશીના ‘ગુજરાત એન્ડ ઇટષસ લિટષરેચર’ની પ્રસ્તાવનામાં સાહિત્ય આદિ કલાઓ ‘sensuous’–ઇંદ્રિયગ્રાહ્ય હોય છે એવા લેખકના વર્ણન સામે સહેજ જાણે કે ટકોર કરી છે. પણ શ્રી મુનશીનું એ કથન ભાગ્યે જ ખોટું ઠરાવી શકાય.. લલિતકલાઓનો એ ગુણ છે કે તેમનું કોઈ ને કોઈ ઇંદ્રિયથી ગ્રહણ થઈ શકે છે, એટલું જ નહિ પણ તેની ‘અપીલ’–દાદ પણ જેમ કોઈ ને કોઈ ઇંદ્રિયને વિશેષ હોય તેમ વધારે સારું. કવિતા મૂળ તો કાનનો વિષય છે. છતાં કવિ માત્ર આપણા કાનનું જ રંજન કરીને બેસી રહેતો નથી. તે શબ્દો દ્વારા ચિત્રો ઉઠાવી આપણી નજર આગળ ખડાં કરી દે છે આપણાં કાન અને આંખને સંતોષવાનો તો ઘણુંખરું કવિઓ પ્રયત્ન કરતા હોય જ છે. પણ કોઈ કોઈ કવિઓ આપણી બીજી ઇંદ્રિયોનું પણ ઉદ્‌બોધન કરે છે. દરિયાનું એવું વર્ણન કરે કે પાણીની ખારાશ તમારી જીભ ઉપર વસી જાય. એટલું જ નહિ, નાકને પણ તેની ખબર પડે. આમ આપણી વિવિધ ઇંદ્રિયોને રોકી, તેમની દ્વારા પોતાના કલ્પનાપ્રદેશની વિવિધ ઇંદ્રિયગ્રાહ્ય સમૃિદ્ધને આપણા કલ્પનાદેશમાં સંક્રાન્ત કરવા કવિ બીડું ઝડપે છે. કોઈ વિરલા જ એમાં પૂરી સફળતા તો મેળવે છે. જાણકારો કહે છે કે કાલિદાસ અને કીટષસ જેવા કવિઓમાં આ આવડત ગજબની હતી.

આપણા આ કવિયુવકની રચનાઓને આંખ, કાન અને નાકની કવિતા કહેવાનું મને મન થાય છે, આંખ, કાન અને નાકના ડૉક્ટરો વિશે તો સાંભળ્યું હશે. પણ જેમ ડૉક્ટરો એકાંગી નિપુણતા (સ્પેશલાઇઝેશન) કેળવે છે તેમ કોઈ કોઈ કલાકારો પણ

એકાદ ઇંદ્રિયનાં સંવેદનો સવિશેષ નિરૂપવામાં નિપુણતા મેળવે છે. શ્રી પ્રહ્‌લાદ પારેખની કૃતિઓમાંથી દૃષ્ટાંતો લઈ આ વસ્તુનો સ્પષ્ટ ખ્યાલ મેળવીએ.

પહેલાં ધ્યાન ખેંચાય છે કવિએ ઠેરઠેર રમતાં મૂકેલાં. સુરેખ ચિત્રો તરફ. થોડાંક જોઈએ:

અને, દિન અમાસને, વિધુવિહીન સિંધુ હસે; (‘હસું’)
ભરી મુઠ્ઠી વર્ષા વિવિધ તહીં રંગો ઊડવતી,
અને નાચી રે’ ત્યાં ગગન ભરીને વિદ્યુત નટી! (‘અમારી મહેફિલો’)
અનંત મહીં ઊડતો ઉપરણો રહે વાયુનો,
અને કદીક મેઘ-શંખ ધરી હાથ એ ફૂંકતો. (‘અવધૂત’)
....વાદ્ય વર્ષા લઈ,
વગાડી, નચવે સરોવર, નદી અને નિર્ઝરો. (‘અવધૂત’)
સૂતેલ ટૈંટિયું વળી, ક્ષિતિજ ઉપરે વાદળાં. (‘સૂર્યોદય’)
ચારે તે આરે ભેટે સરોવર,
નદીઓને હાથ ના હૈયાં રહ્યાં; (‘વર્ષા’)
તરંગોના શાને તુજ શરીર રોમાંચ ઊપડે? (‘સિંધુને’)
સમીર કેરી હેરે જ્યારે ફૂલો ધીમાં ઝોલાં ખાય, (‘જૂઈ’)

બધાં ચિત્રો પણ કવિની કવિતાની લહરી આવતાં જાણે કે આપણી કલ્પનામાં ઝોલાં ખાય છે. ચંદિકાની ગેરહાજરીમાં પણ હસતા સિંધુનું વર્ણન કવિએ એક જ પંક્તિમાં, સ્વરવ્યંજન-સંકલનાની અજબ સુરાવટથી ખડું કરી દીધું છે. બીજી વાર વળી એને હર્ષિત થયેલો જુએ છે ત્યારે કવિ એના તરંગોને રોમાંચ કહી સિંધુની મૂર્તિ જાણે કે આપણને પ્રત્યક્ષ કરાવી દે છે. વર્ષા ઉપર કવિને બહુ વહાલ લાગે છે. મૂઠીઓ ભરી ભરીને રંગો ઊડવતી અને નદીઓને બહાવરી કરી મૂકતી વર્ષાનું લાડથી એ વર્ણન કરે છે વર્ષાનું વાદ્ય વાગવા માંડે છે ત્યાં નદી, સરોવર ને નિર્ઝર નાચવા માંડે છે. અને ‘ચારે તે આરે ભેટે સરોવર’!–જાણે જોઈ જ રહો. કોઈ વાર બાલસહજ ઋજુતાથી ક્ષિતિજ પર ટૈંટિયું વળીને પડેલાં વાદળોનું કવિ દર્શન કરે છે, તો કોઈ વાર એની કરાલતાનો પણ પરિચય કરી લે છે ને કરાવે છે. કોઈ ગેબી અવધૂતની આપણને ઓળખ આપવી છે તો કવિ એનો હાથમાં ગડગડાટ કરતા મેઘનો શંખ મૂકી દે છે એટલે કામ પત્યું. અને છતાં કાંઈ અધૂરું હોય તો એના ઉપરણાનો ફફડાટ પણ આપણને સંભળાવ્યો છે. એને

તે ઓછો રોશમજરીનો ઉપરણો હોય? એ તો અવધૂત. ઉપરણારૂપે સાક્ષાત્ ભગવાન માતરિશ્વા જ વહી રહે છે.

આવડા નાનકડા સંગ્રહમાં પણ તારાઓ વિશે અનેક ચિત્રાંકનો મળશે.

સુધાભરી તારક-પ્યાલીઓને
આકાશથાળે લઈ રાત આવે;
('બારી બહાર')

બીજે એક ઠેકાણે પણ તારાને ચંદાની મટુકીનું પાણી પીવા માટેની પ્યાલીઓ તરીકે વર્ણવ્યા છે :

....ત્યાં રાત્રિ, નિજ મટુકી-ચંદા શિર ધરી,
લઈ આવે પીણું અજબ ભરિયું એ મટુકીમાં;
અમે તારા-પ્યાલી ભરી ભરી પીતા એ ફરી ફરી.
('અમારી મહેફિલો')

તારાઓને આંખો સાથે પણ અનેક વાર કવિ સરખાવે છે. આ સરખામણીમાં પોતામાં કાંઈ નવીનતા નથી પણ આ પંક્તિ જુઓ તો :

તારા નેને નિજ ભીરતમાં વિશ્વ જોતું જણાય;
('અકારણ અશ્રુ')

તારાઓને શુચિતાનાં–શુદ્ધતાનાં પ્રતીક–ચિહ્નરૂપે પણ એક સ્વચ્છ, સુંદર પંક્તિમાં ઓળખાવ્યાં છે :

પ્રતીક શુચિતા તણાં, –અહીંહતીં ઝગે તારલા;
('સૂર્યોદય')

તો બીજી કોઈ વખત એકાદ તારાને ખરતો જઈ કવિ એને અશ્રુકણ ગણવા પ્રેરાય છે:

....નીરખિયું આભને ગાલ થૈને
વ્હેતું વેગે ધરણીદિશમાં તારલા-અશ્રુબિન્દુ;
('અકારણ અશ્રુ')

બેત્રણ બીજાં ચિત્રદર્શનો જોઈએ :

એક વાર અમે બંને સામસામે હસ્યાં, અને પિછાન પૂર્ણ એ લાગી અમારાં બેઉંનાં મને.
('જાણીતી અજાણી')

કેટલું મધુરું, નિખાલસ અને ભરીભરી પ્રસન્નતાવાળું ચિત્ર છે! પછી એ જ હૃદયને પૂરી

રીતે જાનીતી (અને બીજા કયા પરિચયની આ ટૈંકીશી જિન્દગીમાં કિંમત પણ છે?) પણ વ્યાવહારિક રીતે – સામાજિક રીતે અજાણી બાલાનું સહેજ મલકાટથી લાડભર્યું વર્ણન કર્યું છે તે જુઓ :

બારી પાસે મુજ થઈ જતી ક્યાંક રોજે સવારે,
નાની પાડી પગલી, મુખડું રાખતી કૈંક ભારે;

એક નાના બાળકનું પણ ચિત્ર આપ્યું છે :

....જાય છે બાળ ચાલ્યું;
પુષ્પે, પર્ણે, તૃણ સકલમાં સાંભળે હર્ષગાણું.
એ યે ગાતું કુસુમ,–તૃણમાં જાગતો હર્ષકંપ!
જાયે ધીમે ડગ, ફૂલ કને ઝાલવાને પતંગ.
('બારી બહાર')

બાળકને 'ગાતું કુસુમ' કહેવાતું સાંભળી, આપણાં રોમમાં પણ, તૃણને મુકાબલે એ જડ ન હોય તો, હર્ષકંપ જાગ્યા વગર રહેશે? એક ફૂલ પરથી બીજા ફૂલ પર ઊડતા પતંગિયા બા–ર કરતાંયે એને ધીમે ડગલે ઝલવા જતા બાળકનું ચિત્ર વધારે છટકણું છે. પેલા બાળકને પતંગિયું ઝાલવામાં સફળતા મળી કે કેમ તે આપણે જાણી શકતા નથી, પણ એનું ચિત્ર તો કવિએ પકડી પાડયું છે, એમાં શંકા નથી.

આંખથી જો કાંઈ પકડી શકાતું નથિ તો કાનની મદદ મેળવવા મન પ્રેરાય છે. તેમણે અનુવાદ માટે પસંદ કરેલી કવિતાનો અંધ કહે છે:

નેન તણાં મુજ તેજ બુઝાણાં, જોઉં ના તારી કાય :
 ધીમા ધીમા સૂર થા જે પડતાં તારા પાય,
સુણી ને સૂર એ તારા,
માંડું છું પાય હું મારા.

આ નાનકડા કાવ્યસંગ્રહમાં કાનને સારું એવું મહત્ત્વ મળ્યું છે. બે રીતે : લયવાહી સ્વરવ્યંજનસંકલનાની કલાથિ અને સાંભળવાના વિષયને – અવાજને કાવ્યમાં આપેલા પ્રાધાન્યથી.

પદ્યરચના એટલી સાફ છે, ભાષા એટલી સરળ અને પસંદગી વાળી છે કે લેખકે શબ્દનું વર્ણમાધુર્ય પોતાની કૃતિઓમાં બની શકે તેટલું ઉતારવા પ્રયત્ન કર્યો છે. લેખકને એ સહજ છે એમ જણાઈ આવે છે. કાવ્યોમાં આંતરપ્રાસ અને વર્ણસગાઈ ઠેર ઠેર દેખાય

છે. એના દાખલા અહીં ખડકીશ નહિ. માત્ર ઉપર આપેલા બાળકના વર્ણનને મોટેથી વાંચવા ભલામણ કરું છું. અને ઢાળ બંગાળ તરફનો છે પણ જો ફાવી જાય તો નીચેની પંક્તિઓ ગાઈ જુઓ તોયે ખોટંુ નહિ :

તવ રંગથી સહુ પતંગ અંગ દે ભરી,
પુનિત પ્રાંતે લઈ જતી અમ મન કદી હરી!
('પરી')

કવિએ પોતાનું મનોગત આપણી આગળ રજૂ કરી દેવા માટે ઘણી વાર વિશિષ્ટ વર્ણરચનાનો આશરો લીધો છે. 'અવધૂતનું ગાન' માં અવધૂતનું વર્ણન માત્ર અવાજની મદદથી હૂબહૂ કરી દીધું છે :

એક લંગોટી, એક ભંભોટી, હાથમાં છે એકતારો;

'બારી બહાર' કાવ્યમાં સાધુનું વર્ણન છે તે પણ વર્ણોની સુરાવટથી આપણને પ્રત્યક્ષ પ્રતીત થાય છે :

ઉચ્ચરીને 'અહાલેક !' કોઈ સાધુ જતો વહી,
સંદેશો સર્વ સંતોનો બારણે બારણે દઈ.

કુશળ વર્ણરચનાનો મને ઉત્તમોત્તમ પુરાવો છેલ્લા કાવ્ય વિદાય' માં લાગે છે.

કદીક તુજ ગોદ શીશ ધરી હીબકાં મેં ભર્યાં.

†આ પંક્તિમાં ૨, ૮ અને ૧૨ અક્ષરે દીર્ઘ 'ઈ' ના ઉચ્ચારનાં આવર્તનો થતાં જાણે કે કોઈ ને હીબકાં લેતું આપણે સાંભળતા ન હોઈએ એમ થાય છે. છટ્ઠા અક્ષરે 'ઓ' આવે છે તે જાણે વચ્ચે વેદનાથી 'ઓ !' થઈ ગયું ન હોય !

અવાજની સૃષ્ટિને કાવ્યનો વિષય બનેલી પણ આપણે આ કાવ્યોમાં ઘણીવાર જોઈએ છીએ. શ્રીમતીનો શિરોવધ કરવા પુરરક્ષક આગળ વધે છે ત્યાં,

નિસર્ગ જાણે ડૂસકું ભરે છે.
('છેલ્લી પૂજા')

વર્ષામાં કવિ સંગીત–સંગીત જ જુએ છે:

અંગુલિ વીજની કોણે આ ફેરવી,
શુષ્કતા વિદારતાં ગીત છેડિયાં ?
('વર્ષા')

મેઘશંખ ફૂંકતા અવધૂતની ઓળખાણ તો આપણે અગાઉ કરી લીધી જ છે.

આછાપાછા અવાજ પકડવા પણ કવિ ઊંચેકાન રહે છે. 'અંધ' (માણસનો દેખતો છતાં ન દેખતો આત્મા ?) પોતાના આતમરામને વીનવે છે :

વસ્ત્ર તણો ફફડાટ સુણું હું,–એટલો રે'જે પાસ:

પણ અવાજોથી કવિ લોભાઈ ગયા નથી. આ દુનિયામાં સૌથીયે વાચાળ કશું હોય તો તે મૌન જ છે. આ મૌનનો મહિમા કાવ્યસંગ્રહમાં ડગલેપગલે વરતાય છે.

શબ્દની હોડલી કોઈ જ્યારે નથી
લઈ જવા ભાવનો ભાર મારો,
('વાંછા')

–એમ એ જ્યારે જુએ છે ત્યારે હૃદયને આંસુમાં વહાવી કૃતાર્થ થાય છે.

ઉરે હતી વાત હજાર કે'વા,
કિંતુ નહીં ઓષ્ઠ જરીય ઊઘડ્યા;
*
મળી મળી નેન વળી જતાં ફરી
અકથ્ય શદે વદી વાત ઉરની;
('અબોલડા')

પછી તો ના વાતો, પ્રિય-અધર જે કંપ ઊઠતો,
ધ્વનિ તેનો આવી મુજ હૃદય માંહી શમી જતો.
('વાતો')

ફૂટેલ ઉર વાદ્યનું ધરીશ પાયમાં મૌન હું.
('પદે')

સહીશ, રહી મૌન, હું સકલ ઊર્મિ-આઘાતને;
('શ્રદ્ધા')

લૂંટી લેજે પણ સકલ જે મૌન કેરા કમાડે
વાસી રાખ્યું: મુજ પ્રબળ ઇચ્છા નહીં જાણતો એ ?
('માગણી')

જોવાનું એ છે કે કવિ જેવા વાચાળ પ્રાણી કને મૌન પોતાનો મહિમા ખોલે છે. કવિ જિંદગીભર ગાતો રહે, છતાં મૌનના કમાડ પાછળ જે હૃદયસસમૃદ્ધિ વાસી રાખી હોય–વાસી રાખવી પડે, તેનું શું? તે કોઈ આવીને લૂંટી લે એવી પ્રબળ ઇચ્છા રાખવી,

એવી ‘માગણી’ કરવી એનોયે શો અર્થ ? છતાં શ્રી પ્રહ્લાદ પારેખે ભલે એટલો મૌનભંગ કર્યો. આપણને તો વેદનમધુર એવું આરંભનું સુંદર કાવ્ય ‘માગણી’ મળી ગયું. એમનું એ જાણે.

મૌનની મૂંઝવણ અને તેમાંથી નિષ્પન્ન થતું સાÃદર્ય કવિએ પકડયું છે એ બતાવવા આટલું બસ થશે. આ તો વ્યિક્તનું વ્યથામય મુદ્વા ભર્યુ મૌન. તેમાં કવિ ભલે રાચે. સમિષ્ટમાં મૌન, અકારણ પરાણે પાળવું પડતું મૌન, એ જુએ છે ત્યારે તો એ ત્રાસી જાય છે ને આક્રંદ કરી ઊઠે છે :

લોકની વાણી આજ રૂંધાણી, બંધ એ માનવકંઠ ;

(‘માનવકંઠ’)

આવો કવિ આટલી ઊંડી વેદના ભર્યા શબ્દ કહે તો બસ ગણાવું જોઈએ. ધણના ધર્ધરાટ ને દાતરડાંના કરકરાટ, ખાંડાંના ખણકાર ને ક્રાંતિના કડકાર એ ન વર્ણવે તોયે એની માનવતા માટેની સહાનુભૂતિ છાની રહેવાની નથી.

આંખ અને કાન જ્યાં સહાયરૂપ થવામાં મોળાં પડે છે ત્યારે ઘણી વાર નાક મદદે દોડી આવે છે. કવિનો ‘અંધ’ આ બાબતમાં આપણને સાચે રસ્તે દોરશે. પગરવને અણસારે ડગલાં માંડવાનો મનસૂબો એણે કર્યો હતો. છતાં કાન દગો દે તો ? ત્યાં એના હાથમાં કોઈ બીજો સ્પર્શક્ષમ તંતુ આવી લાગે છે, જેને ઝાલીને આગળ વધી શકાય. આ તંતુ તે સુંગધનો :

ઝૂલતો તારે કઠે તાજાં ફૂલડાં કેરો હાર;
સૌરભ કેરો આવતો તેનો, ઉર સુધી મુજ તારઃ
ઝાલીને તાર એ તારો,
માંડું છું પાય હું મારો.

‘કામિની’ પુષ્પની સુવાસ પોતે ઓળખિ શકે એ પહેલાં કવિ બહાવરો બનીને આમતેમ જુએ છે ને મનને પૂછે છે :

મઘમઘતે અંગે આ પંથે ગઈ કોઈ નવપરિણીતા ?
વા પ્રેમીને મળવા કાજે કોઈ ગઈ યોવનમત્તા ?

આ સૌરભથી કોઈ વાર ડરવા જેવું પણ ખરું. કવિ એથી નાયક પાસે કહેવડાવે છે કે પેલાં મુકુલો (કળીઓ) જો આપણી ગૂજગોિષ્ઠ સાંભળી જશે તો કાંઈ ઠીક નહિ થાય કેમ કે તેઓ

...શ્રવણ કદી જો વાત પડશે,
સુવાસે તો ક'શે સકલ કથની એ અનિલને;
('વાતો')

†શ્રી પ્રહ્લાદ પારેખની સૌરભપ્રીતિ એ મને એમની એક લાક્ષણિકતા લાગે છે. એ પ્રીતિનો મઘમઘાટ એમની રચનાઓમાં વરતાઈ આવ્યા વગર રહેતો નથી. એટલું જ નહિ, જે શાશ્વત આનંદની ચિત્ત નિરંતર રટણા કરિ રહે છે તેને પણ એ સુરભિપૂરરૂપે પોતાના આત્મામાં વહી આવતો કપે છે. 'આજ' માંની થોડીક પંક્તિઓથી એ સમજાય છે :

આજ અંધાર ખુશબો ભર્યો લાગતો,
આજ આકાશથી તારલા માંહીથી
œહેકતી આવતી શી સુગંધી !
ક્યાં, કયું પુષ્પ એવું ખીલ્યું, જેહના
મઘમઘાટે નિશા આજ ભારી ?
ચિત્ત જે નિત્ય આનંદને કલ્પતું,
આવિયો તે થઈ સુરભિપૂર ?

આ કવિમાં આંખ, કાન અને નાકનું માહાત્મ્ય કેટલું છે એ બતાવવા આટલું બસ છે. ખરી વાત તો એ છે કે આપણી ઇંદ્રિયોને અનુભવગ્રહણ માટે ઉદ્‌બોધી કવિ એવી કોઈ સૂક્ષ્મ રીતે પોતાની વાત આપણી મનોભૂમિમાં પહોંચાડી દેતો હોય છે કે કોઈ એક જ ઇંદ્રિય કરતાં ઘણી વાર એકસામટી બેત્રણ ઇંદ્રિયો કામ આપતી હોય એવું પણ બને છે. 'એક લંગોટી, એક ભંભોટી'માં કાન અને આંખની મદદથી કવિના દર્શનની આપણને પ્રતીતિ થાય છે. 'અંધ'ને પોતાના આતમરામને ગળે ઝૂલતા તાજાં ફૂલના હારથી પોતાના હૃદય સુધી આવતા સૌરભતારને વળગીને ડગલાં માંડતો બતાવ્યો છે તેમાં આંખ, નાક અને સ્પર્શેંદ્રિય ત્રણે અનુભવગ્રણમાં આપણને ખપ લાગે છે.

કવિની મુશ્કેલી જો કોઈ હોય તો તે પહેલી ને સૌથી મોટી એ છે કે પોતાના મનોગતના હવાઈ સ્વરૂપને ઇંદ્રિયગ્રાહ્ય, સ્પર્શક્ષમ, અણે ઘન (concrete)કેવી રીતે બનાવવું. જે ભાવમય છે તેને સામાના ભાવપ્રદેશમાં જ પહોંચાડવું તો છે, પણ તેમ કરવાનો માર્ગ આ એક જ છે કે તેનું ઘનીકરણ કરવું. આથી કાંઈ કવિનું ભાવમય વસ્તુ પાર્થિવ બની જતું નથી. પાર્થિવતા તો સાધન, વાહન, વિવર્ત, માત્ર છે. જે એક જણમાં ભાવમાય છે તે

પાર્થિવરૂપે પ્રગટ થઈ પાછું અન્યમાં ભાવમય બને કૃતકૃત્ય થાય છે : આ વચલી લીલા તે જ કલા.

ઉપરની મુશ્કેલીમાંથી માર્ગ કરવા માટે ઇંદ્રિયોની ગ્રાહકતા-ગ્રહણશીલતાને ઉદ્‌બોધવાની – ઉત્તેજવાની કલાકારોને ગરજ રહે છે. ઘણી વાર તેઓ વ્યત્યયનો આશરો પણ લે છે, એટલે કે આંખનો વિષય દેખવાનો છતાં આંખથી સૂંઘવાની વાત કરે ને કાનથી દેખવાનું કહે. કવિઓનું ભલું પૂછવું. પણ આ માત્ર હસવાની જ વાત નથી. 'મૃચ્છકટિક'ના કર્તાએ શકાર પાસે આવો વ્યત્યય માત્ર હાસ્ય માટે કરાવ્યો છે. પણ ઘણી વાર બીજા કવિઓએ ગંભીર અને સૂક્ષ્મ સંવેદનો જગવવા માટે પણ આ ભયભર્યો છતાં અનિવાર્ય માર્ગ લીધો છે. અહીં શ્રી પ્રહ્‌લાદ પારેખમાંથી જ થોડાં ઉદાહરણ જોઈએ : 'એ યે ગાતું કુસુમ' ('બારી બહાર') અને 'ગાનનો ગેરુ રંગ' ('અવધૂતનું ગાન') એ બે આવા વ્યત્યયનાં ઉત્તમ દૃષ્ટાંતો છે. 'માનવકંઠ' માં તેઓ કહે છે : 'તારલાને છે તેજની વાણી, ફૂલની વાણી ગંધ.' તેજ કાનનો વિષય હોય એમ કવિ ઠસાવવા કરતા ન હોય ! અને ફૂલ ને દેખવાનું છે તેની ગંધ જે સૂંઘવાની છે તેનું કાનથી ગ્રહણ કરવા કવિ આપણને સૂચન કરે છે ! 'અંધ' નો સૌરભતાર તો આપણે થોડી વાર ઉપર હમણાં જ જોયો – અરે સૂંઘ્યો ! 'અવધૂતનું ગાન' માં વળી ધરતી ને આભ ગાનના તારે સંધાય છે. કાન તમારા કંઈ કામ નહિ આપે. હિંમત હોય ત એ તાર ઝાલી લો. વળી ઊંચે તારકના પલકાર અને નીચે હૈયાના થડકાર, –'તેની વચ્ચે મૂંગો મૂંગો વહે છે અંધાર.' અંધાર વળી કયે દિવસે બોલતો જ હતો જે?-તમે પૂછશો. ત્યારે તમારા પ્રશ્નના પ્રતિધ્વનિ રૂપે શ્રી સ્નેહરશ્મિની પંક્તિ તમને સામી આવી ભટકાશે : 'અંધકારના દૂર પડઘા પડે.'

આ કવિની રચનાઓમાં જેમ 'નીતરાં પાણી'નો ગુણ છે, તેમ ઇંદ્રિયગ્રાહ્યતાનો પણ સારા પ્રમાણમાં ગુણ છે. પોતાના દિલની વાતને તે સહજલીલાથી આપણી આગળ હાજર કરી બતાવે છે.

## ૩. છટકણો ભાવો

ઉપર સૂચન કર્યું છે કે આ કવિનું મન માનવીહૃદયની વિવિધ ભાવપરિસ્થિતિઓ ગાવા ઉપર છે. અને માનવીહૃદય બીજું ઘણુંબધું હશે પણ સાથે સાથે ગોપનશીલ પણ છે. એની વાત એ ઝટ પકડાવા દેતું નથી.

અને છતાં એ કહી દેવાની તાલાવેલી પણ એની ભારે હોય છે. લેખકને આ બાબત

શું કહેવું છે?
હૈયાની જાણો છો જાત ? કે’વી હોયે કંઈયે વાત,
તોયે કે’વી ને ના કે’વી, –બન્ને કરવાં એકી સાથ !
(‘હૈયું’)

ઝલાવા માગતા છતાં હાથતાળી દઈને ભાગી જતા કેટલાક નાજુક ભાવો આ સંગ્રહમાં શબ્દરથ થયેલા જોવા મળે છે. અશમ્ય આતુરતા તો એના નામ ‘બારી બહાર’ માં અભિપ્રેત છે. આત્મા જાણે કે એક ઠેકાણે બેઠો બેઠો બહિર્જગત તરફ ઉત્સુકતાથી, કદી કૌતુકથી, પરંતુ ઉત્કંઠાથી જોઈ રહે છે. બહારનું સર્વ કંઈ એને ‘આવ,’ ‘આવ,’ કહી આમંત્રે છે અને પોતની આસપાસ જડતાના વીંટળાયેલા થરો ખંખેરી એ સહુ તરફ જવા એનામાં અદમ્ય ઝંખના જગાડે છે.
લેખક બારી તરફ વારેઘડીએ વળે છે : ‘બારી ઉઘાડી, બારણે જોતાં શ્રાવણ-મેઘલી રાત!’ (‘શ્રાવણ’), ‘ખુલ્લી મારી બારી પાસ સૂતો’તો જોતો આકાશ’ (‘કામિની’). છતાં જે જોવાનું છે તે સર્વસ્વ અથવા તો તેનો રહસ્યભાગ તે બારી બહાર જ જોવા મળશે એવી ભ્રમણામાં કવિ નથી.

ફરીને કુટિરદ્વારો વાસિયાં, રાખી દુનિયા બહાર;
પછી રે હૈયાં બેઉ ખોલિયાં, જેમાં દુનિયા હજાર!
(‘મારા રે હૈયાને તેનું પારખું’)

આમાં છે તેવી પરિતૃપ્તિ પણ કોઈ કોઈ કાવ્યમાં અંકાઈ છે. છતાં વિશેષ તો એમાં વેદના, અમૂંઝણ, આરજૂ, સમર્પણ, સંન્યાસ વગેરે ભાવોનું આલેખન જોવા મળે છે. કહે છે :

આવે ત્યારે દઈ નવ શંકુ અંતરે જે ભર્યું તે,
જાયે ત્યારે સહી નવ શકું અંતરે જે રહ્યું તે :
(‘માગણી’)

પછી ઉમેરે છે : તેથી તો કહું છું કે જે દેવાનું છે તે આપીશ એમ માની રાહ ન જોતો. તારે જ એ લૂંટી લેવાનું છે. મારી એ ઇચ્છા પણ તું જાણતો નથી કે ? ‘બનાવટી ફૂલોને’ કવિ પ્રશ્ન પૂછે છે તેમાં પણ સમર્પનનો જ ભાવ છે : તમે સૂર્યચંદ્રના ઉદયથી પ્રફુલ્લતા માગી છે? ‘વસંતે વાયુનું રસિક અડવું વા અનુભવ્યું છે? પછી આત્મસમર્પણ તો શેના જ જાણો ?

ન જાણો નિંદું છું,
પરન્તુ પૂછું છું :
તમારાં હૈયાંના ગહન મહીંયે આવું વસતું:
'દિનાન્તે આજે તો સકલ નિજ આપી ઝરી જવું.'?

'કામિની' માટે કવિએ સમર્પણની ભાવના જ કલ્પી છે :

અધીર એ આપી દેવાને અંતરની સુરભિ સઘળી,
તેથી તો આ વાયુ કેરી છલકી જાતી સૌ લહરી.

કોઈ વાર અસ્પષ્ટ ભવિષ્યની આશા, આકાંક્ષા, આશંકા કવિએ ગાઈ છે :

વિરોધો વચ્ચે આ ઝરણ ઉરનું, નિત્ય વહશે
દિશે તારી, મારું : તુજ ઝરણ તેને શું મળશે ?
('એક મિત્રને')

તો કોઈ વાર ગત આનંદની અતૃપ્તિ પણ શબ્દરથ કરી છે :

પ્રવાહ બે મળે અને, મળી, ભળી, વહી રહે,
પ્રવાહ એકથી કદી વહેણ બે થઈ વહે ;
તેમ આપણે મળ્યાં, ભળ્યાં, અને વહી રહ્યાં,
પ્રવાહ એકનાં પછી વહેણ બે સમાં થયાં.
('મળ્યાં અને જુદાં પડયાં')

જાયે ત્યારે જ થાયે : હૃદય મહીં હતો આવિયો સ્નેહ આ તો !
('જાણિતી અજાણી')

છતાં કવિ હૃદયને અતૃપ્તિ વાગોળી વાગોળીને હિજરાઈ જવા દેતા હોય એમ લાગતું નથી. સ્નેહને, ઉદાત્ત સ્નેહને ઉચિત એવી સંન્યાસભાવનાનો એ, આખા સંગ્રહના કદાચ ઉત્તમોત્તમ કાવ્ય 'વિદાય'માં પુરસ્કાર કરે છે. અપાર વેદનાથિ, પણ ભારોભાર દઢતાથી, 'કદી નહિ કહું' એ શબ્દોમાં તે કહે છે – મને જ તું સ્મરણમાં રાખજે એમ હું નહિ કહું. મારાથી અધિક કોઈ મળે તેને તારે હૈયે થાપજે. આપણે

પરસ્પર કરી કથા રજનિ ને દિનો ગાળિયાં;
અનેક જગતો રચી સ્વપ્નમાં, વળી ભાંગિયાં.
અને
કઠોર થઈ ને કદીક તુજ આંસુ જોયા કર્યા;

કઠોરતાનું વર્ણન કેટલું અપૂર્વ અને ઋજુકરુણ છે! વળી
કદીક તુજ ગોદ શીશ ધરી હીબકાં મેં ભર્યાં

આ આત્મીયતા પછી પણ

મળે અધિક ઊજળા દિન અને મીઠી રાતડી,
જજે સકલ તો ભૂલી રજનિ ને દિનો આપણાં;

એમ કહી બીજા જોડે નવું હૃદયજગત રચી જૂનું વિસારે મેલવા વિનવે છે અને વધારામાં વિનવે છે :

છતાંય સ્મરણે ચડી વિષળ એક જો હું લઉં,
ઉદાર તવ ઉરની પ્રથમથી ક્ષમા તો ચહું.

બનવાજોગ છે, ક્યારેક, પછી ભલે ક્ષણવાર, હું તારી સ્મૃતિમાં આવી જાઉ. કદાચ તને તારી નવીન હૃદયસૃષ્ટિમાં એટલો વિક્ષેપ પડશે. પણ એનું શું કરવું ? એ જ કે તારા ચિત્તની ઉદારતાથિ તો હું વાકેફ છું જ, તો એની અત્યારે જ ક્ષમા માગી રાખું છું.

આમાં નથી શહાદનો ખોટો આડંબર કે નથી દયાની પૌરુષહીણ યાચના. આની જોડે કવિશ્રી ન્હાનાલાલના 'ઇન્દુકુમાર'–(૩)માંની ઇન્દુની ઉક્તિ સરખાવવી ઠીક પડશે. 'અમે સ્મરણોના સંગી, માફ કરજે બાલા,' એમ ઇન્દુકુમાર કહે છે. અને યૌવનની રમણા માટર અન્યને સ્વીકારવા અનુમતિ આપે છે. છેવટે તોયે એનાથી કહ્યા વગર રહેવાતું નથી કે 'પડયા અંતરાય ભેદી દયા ઝરજે બાલા.' કવિશ્રીનું ગીત અત્યંત હૃદયદ્રાવક છે. પરન્તુ શ્રી પ્રહ્લાદ પારેખના આ કાવ્યમાં નાયકે પોતાનો સ્મરણો આવશે કે નહિ તે વિશે સેવેલું મૌન અને પ્રેમપાત્રને સ્મરણોથી અસ્વસ્થતા થવાની શક્યતા વિશે બતાવેલી ચિન્તા મને બહુ જ સંયમશીલ અને પૌરુષવાળાં લાગે છે. આ કાવ્ય 'વિદાય' માં હૃદયદૌલ્યનો છાંટો સરખો નથી.

હૃદયની મુલાયમ લાગણીઓને, અડવા જાઓ ને કરમાઈ જાય એવી લજામણીના છૌડ જેવી લાગણીઓને આ રીતે કુશળ કવિઓ સફળતાપૂર્વક સ્પર્શે છે. અને તે આંસુથી તેમને ખરડાવા દીધા સિવાય. આસંસુ પણ ડોકિયું કરતાં ખંચાઈ જાય એવી વેદના કદાચ આવી નાજુકાઈ અને
નિખાલસતાથી જ શબ્દાંકિત કરી શકાય.

હૃદયની મુલાયમ લાગણીઓને, અડવા જાઓ ને કરમાઈ જાય એવી લજામણીના છોડ જેવી લાગણીઓને આ રીતે કુશળ કવિઓ સ્ફળતાપૂર્વક સ્પર્શે છે, અને તે આંસુથી

તેમને ખરડાવા દીધા સિવાય. આંસુ પણ ડોકિયું કરતાં ખંચાઈ જાય એવી વેદના કદાચ આવી નાજુકાઈ અને નિખાલસતાથી જ શબ્દાંકિત કરી શકાય.

હૃદયના ભાવો ગાતાં ગાતાં કવિઓ કેટલીક વાર આ દુનિયાના ડંખથી ત્રાસી નિસર્ગમાં કે એવે કોઈ ઠેકાણે ભાગે છે. આવી છુટકારાની વૃત્તિને બદલે બીજું જ કાંઈ આ કવિતામાં મળે છે. 'લહાણું' કાવ્યના કવિત-મનહર છંદમાં કવિએ સરળતાથી પોતાની વાત મૂકી છે.

મલિન ગલીઓ વહેવાર તણી જોઉં બહુ,
થતું ત્યારે, ઉર લઈ કયમ કરી આંહીં રહું ?

હૃદયવાળાંને માટે આ એક ભારે મૂંઝવણનો પ્રશ્ન છે. કવિ વિચારે છે કે

જઈ ત્યારે રહું હવે તારલાની સાથમાં ?
જીવતર વા વિતાવું સુમન-સંગાથમાં ?

પણ આ તો આપણા પ્રકૃતિપ્રિય કવિ નરસિંહરાવ મનુષ્યોથી ત્રાસી કુદરતમાં જઈ 'ફૂલની સાથે રમત' કરવા પ્રેરાય છે એના જેવી જ વાત થઈ! ના, બંનેનાં દ્રિષ્ટબિંદુમાં ફેર છે. નરસિંહરાવ કહે છે:

'તમમાંનું હું પણ રે કુસુમ એક કોમળિયું,
રહી મનુજ-સમૂહે રે વદન કરમાઈ ગયું.'

આ કવિ પણ વહેવારની મલિન ગલીઓ જોઈ અકળાય છે. મનુષ્યની સૃષ્ટિમાં સૌન્દર્ય નથી એમ નથી. પણ એને પકડવા વલખાં મારતા જીવોની ચર્ચા કવિની વેધક નજરથી છૂપી રહી શકતી નથી.

સુંદરતા જોઈ મારું મન જ્યારે કોળી ઊઠે,
અફસોસ ! પકડવા તેને બહુ લોક છૂટે.
નવા નવા વેશ કાઢી મતલબ આવે રોજ;
હસવામાં જોઉં છૂપું ઝેર ત્યારે થાતો શોચ.

તો? કવિ શોચે છે કે કાં તો તારા કાં તો ફૂલની સોબતમાં જીવન ગાળું. નરસિંહરાવ કલુષિત માનવીજીવનનો 'દિન એક તો' ફૂલની સાથે રમત કરીને નિર્ગમે છે ને આનંદે નિર્ગમે છે, કેમ કે ફૂલના હર્ષશોક નિર્દંભ હોય છે. આંતરબાહ્ય જીવનમાં ભેદ હોતો નથી.

'કદી હાસ કરંતાં રે તો નિશ્ચે આનંદભર્યાં,
કરમાઈ કદી સૂતાં રે તો સત્યે દુ:ખે જ ગળ્યાં.

જેવું અંતર થાયે રે ત્હેવું તમ મુખડું દિસે,
જેવું મુખ દેખાયે રે ત્હેવું તમ હૃદય વિશે.'

પણ આપણા કવિને આવી પ્રતીતિ અને તજ્જન્ય આનંદ નથી તો આપી શક્તા તારા કે નથી આપી શકતાં ફૂલ. એનું કારણ એ આપે છે :

અરે, પણ માનવીનું મન મારું કેમ રહે
એમની સંગાથ ? એ તો માનવીનું ઉર ચહે.

આમ ભાગેડુ થઈ ને કુદરતમાં જવા ક્ષણવાર વિચાર તો કર્યો પણ તરત મન પાછું પડે છે અને કવિ પાછો મનુષ્યજગત તરફ વળે છે. નરસિંહરાવને આપી શકે છે એટલો આનંદ આ કવિને ફૂલ (કે તારા) આપી શકતાં નથી. છતાં કવિ ફૂલને ઉતારી પાડે છે એમ નથી.

એમને તો દિલ નહીં; અને, ધારો, દિલ હશે,
માનવીના દિલ સાથ મેળ એનો જામશે ?

તો પછી

રૂડું એથી આંહી રહું માનવીની સાથમાં :
કદી વળી સમજશે એ જ મારી વાતમાં.

આપણી ભાષામાં મને જો કોઈ કરુણ પંક્તિઓ વાંચવા મળી હોય તો ઉપરની છેલ્લી લીટી પણ તેમાંની બેશક એક છે. 'કદી' અને 'વળી' જેવા સાદા ગુજરાતી શબ્દો કદી કદી વક્તવ્યને કેટલી ચોટ આપી શકે એ પણ અહીં સમજાય છે.

આમ આપણે જોઈએ છીએ કે કવિ વળી વળીને માનવીહૃદય તરફ જ નજર કરે છે અને એના સ્પશ્ય-અસ્પશ્ય સર્વ કોઈ ભાવોને ગાવમાં જ કૃતકૃત્યતા અનુભવે છે.

પ્રકૃતિવર્ણન અને ખાસ તો હૃદયભાવને મૂર્તતા આપતી સહેજે સ્મરણમાં રહી જાય એવી અને પ્રસંગ પડ્યે ટાંકી શકાય એવી અનેક પંક્તિઓ આ સંગ્રહમાં મળે છે. અવતરણક્ષમતા (quotability) એ સારી કવિતાનું એક લક્ષણ છે, અને એવી કવિતા સામે દુર્બોધતાનો આરોપ, જે આજની કવિતાને રોજનો થઈ પડ્યો છે તે, ભાગ્યે જ મૂકી શકાય.

## ૪. અનુસર્જન

એક વિદ્વાને પોતાના કવિમિત્રના કાવ્યનાં ટિપ્પણ લખ્યાં અને તેમાં દેશપરદેશના

કવિઓની મળતી આવતી રચનાઓના ઉતારા પણ છૂટે હાથે આપ્યા. વાચકો જે હમેશાં કવિ અને ટિપ્પણકાર કરતાં વધારે ચતુર હોય છે તેમણે તરત જ ચુકાદો આપી દીધો કે એ કવિએ બીજા કવિઓમાંથી ચોરી કરિ છે, એટલું જ નહિ પણ કવિના મિત્રે પણ એમ છે એ બતાવવા જ ટિપ્પણમાં સરખામણીઓ નોંધી છે. આ દાખલાને કિલ્પત ગણશો તોયે ચાલશે. કહેવાનું એટલું જ છે કે જ્યારે બીજા કોઈ કવિમાં આપણા જેવી વાત મળી રહે છે ત્યારે આપણને પેલી 'મહાન પુરુષો રીતે વિચાર કરે છે' એ મતલબની અંગ્રેજી કહેવત તરત યાદ આવે છે. પણ જો એ વાત આપણા સિવાય બીજા કોઈની હોય તો બેધડક આપણે બોલી ઊઠવાના : 'જોયું ? આબાદ ચોરી કરી લાવ્યો છે !'

આ પ્રશ્ન સાહિત્યની દુનિયામાં એટલો બધો નાજુક ગણાય છે કે એની છેડતી કરવા જતાં આ યુવાન કવિને કદાચ કોઈ રીતે મારાથી અન્યાય થઈ જાય છતાં બની શકે તેટલી સ્વચ્છતાથી આ સંગ્રહમાંનાં કેટલાંક કાવ્યો વિશે જે થોડુંક જણાવવું જરૂરી લાગે છે તે રજૂ કરીશ.

'દાન' નામે ખંડકાવ્ય છે તે શ્રી રવીદ્રનાથ ઠાકુરના 'કથા ઓ કાહિની'માંના 'શ્રેષ્ઠ દાન' નો ગુજરાતી અવતાર છે. મુક્ત નિર્ઝર – એ નાનકડું કાવ્ય પણ રવીદ્રનાથનાં નાનપણનાં કાવ્યોમાંના એક 'નિર્ષરેર સ્વપ્નભંગ' નામે આશરે સોએક લીટીના કાવ્ય ઉપરથી છે. 'છેલ્લી પૂજા'–ખંડકાવ્ય શ્રી રવીદ્રનાથના પ્રસિદ્ધ કથાકાવ્ય ઉપરથી યોજાયં◌ુ છે.

આ કૃતિઓને આપણે અનુવાદ કહી શકીએ તેમ નથી. એ રૂપાંતર પણ નથી. ત્યારે છે શું? સહેજ તપાસ કરતાં જોવા મળે છે કે તે તે કૃતિ દ્વારા શ્રી રવીદ્રનાથ જે અનુભવ શબ્દમંડિત કરવા ઉદ્યત થયા છે તે જ અનુભવનો આ કવિ પણ ગુજરાતી ભાષા દ્વારા પુરસ્કાર કરવા માગે છે. એટલે કૃતિ પાછળનું રહસ્ય તે આ કર્તાનું સર્જન નથી છતાં રહસ્ય સ્વીકારીને પણ કર્તાએ કહેવાનો પ્રકાર પોતાને મનફાવતો પસંદ કર્યો છે. આવી રચનાને આપણે તેમાંનું રહસ્ય ઉછીનું લેવાયું હોઈ, સર્જન ન કહી શકીએ એ બરોબર છે. આપણે એને અનુ-સર્જન કહીશું ? આપણા કવિ મેઘાણીની કેટલીક રચનાઓ તે નહિ અનુવાદ, નહિ રૂપાંતર, ઘણીવાર અનુસર્જનની કોટિની હોય છે. એમાં કર્તા પોતે સ્વતંત્ર સર્જન કરતો હોય તેટલી શિક્ત ઘણું ખરું વાપરતો હોય છે.

એક જ વિષય ઉપર દસ રચનાઔ હોય પણ અંતર્ગત રહસ્ય નોખાં નોખાં હોય તો તે તદ્દન સ્વતંત્ર સર્જનો જ બની રહે છે એ કહેવાની ભાગ્યે જ જરૂર હોય. પણ

કોઈ વાર એક કૃતિ વાંચીને તેના પ્રતિઘાત રૂપે કાંઈ સૂઝે ને શબ્દમાં મૂર્ત થવા પામે તો તેને અનુસર્જનની કોટિમાં જ મૂકવું જોઈએ. 'પ્રેમ' એ કાવ્ય શ્રી મનસુખલાલ ઝવેરીના 'બદલો !' ના પ્રતિઘાત રૂપે છે એમ લેખકના કહેવાથી જાણું છું.

લેખકને પૂછવાથી એ પણ જાણું છું કે 'સિંધુને' એ કાવ્ય શ્રી 'શેષ' ના 'સખિ ! જો ઉદધિ તણે ઉરે' વાળું ગ્રંથારંભે મૂકેલું કરુણસુંદર કાવ્ય પ્રગટ થયા પહેલાં જ પ્રગટ થયેલું. મને લાગે છે કે સહેજે દરેકને સ્વતંત્ર રીતે સૂઝે એવી અમાસ-પૂર્ણિમાની ભરતીઓ વિશેની કલ્પના છે. મેટ્રિક સુધીમાં ભણાવવામાં આવે છે એટલી ભૂગોળ પણ કલ્પના છે. મેટ્રિક સુધીમાં ભણાવવામાં આવે છે એટલી ભૂગોળ પણ કલ્પનાને એટલી સામગ્રી આપવા પૂરતી ગણાય. છતાં આવી બાબતમાં દરેકનો કાવ્યાંતર્ગત અનુભવ કેટલો તો નિજનિજના વ્યિક્તત્વથી અંકિત હોય છે ! શ્રી શેષના વૌતાલીય સાથે આ 'સિંધુને' સરખાવવાથી પ્રતીતિ થશે.

'અકારણ અશ્રુ' માં આએભને ગાલ થઈને પસાર થા અશ્રુબિંદુ સાથે ખરતા તારાને સરખાવ્યો છે તે અર્વાચીન અંગ્રેજ કવિની તેવી જ એક ઉપમાની યાદ આપે છે એમ કહું તો દૂધમાંથી પોરા કાઢવા બેઠો છું એમ જ કોઈ કહેશે. ભાઈ પ્રહ્‌લાદ પારેખે શાંતિનિકેતન – વિશ્વભારતીમાં ચાર વર્ષ સુધી અભ્યાસ કર્યો હોવા છતાં એ કવિ ડેઇવિસની કૃતિથી વાકેફ નથી તે માની શકાય એવું છે પણ લગભગ મળતા લેઇકના વર્ણનથિ ડેઇવિસ પણ બિનવાકેફ હશે ? આવી બાબતોમાં મને લાગે છે કે કવિઓને વિસ્તૃત વાચનનું માન આપવા કરતાં એમને સહજસિદ્ધ એવી કલ્પનાશિક્તની લીલાને જ જવાબદાર ગણવી એ વધારે ઠીક પડશે.

શ્રી પ્રહ્‌લાદ પારેખમાંથી એક દૃષ્ટાંત લઈ આ વાત પૂરી કરીએ. 'હતે તું સંગાથે !' કાવ્ય જુઓ.

કડીને છેડે શિખરિણીના આદિ છ અક્ષરો લાવીને સચોટ શિલ્પરચના સાધી છે તે તો અપૂર્વ છે જ, પણ પંક્તિ અધૂરી લટકતી મૂકી દેવાથી આખા કાવ્યનો મુખ્ય ધ્વનિ – આયુષ્યની અધૂરપ નિરૂપવાનો – સહજમાં પ્રસ્ફુટ થાય છે. હૃદયમાં શિશિર હોય કે વસંત હોય, રટણા એક જ જાગે છે કે 'હતે તું સંગાથે!' જીવનના વિશિષ્ટ અનુભવોના રહસ્યસારમાં ભાગીદારી પડાવવા, હૃદય નિરંતર ઝંખ્યા કરે છે, 'હતે તું સંગાથે !' ૧૬ મી પંક્તિ છે :

નિહાળી કૈં ભવ્ય,

પણ ત્યાં જ કવિની જરી અટકે છે, કેમ કે ચિત્તમાં એક વિચાર સ્ફુરી આવે છે : 'ભવ્ય જ શા માટે ?' ત્યાં બીજી એક લીટી કલમે ચડી ગઈ :

નિહાળી વા રમ્ય,

અહીં આપણે બોલી ઊઠવાના : 'ઓહ ! આ નો જ્જ્જાદ્બદ્બદઙદ્બ દ®દ્બÆજાદ્બ: વાળી કાલિદાસની વાત જ થઈ !'

શાકુંતલ (અંક ૫)ના તે શ્લોકનો ચાલતી કલમે જેવો બેસે તેવો અનુવાદ જ આપું છું :

રમ્યો નિહાળી, મધુરા સુણતાં જ શબ્દ,
સૌખ્યે ડૂબેલ પણ ઉત્સુક થાય જીવ;
તે તો સ્મરે હૃદયથી, ઉરને–અજાણી
જન્માંતરોની સ્થિરભાવભરેલ પ્રીતિ.

કાલિદાસે તારણ કાઢ્યું છે તે તો તેની મહાકવિની પ્રતિભાવને પણ ક્વચિત જ સાંપડે એવું અબોધપૂર્વ દર્શન છે. આપણા કવિને રમ્યવસતુઓ નિહાળીને ચિત્તમાં સ્ફુરાયમાણ થતા જન્માંતરોના સખ્યની વાત નથી કરવી. માત્ર જીવનના આવા પરમમંગલ કે પરમકરુણ – જે બંને સચેત હૃદયો માટે સરખા જ આવકારપાત્ર–પ્રસંગોએ 'હેત તું સંગાથે !' તો કેવું, – એટલી વિરહવેદના જ ગાવી છે, અને તે કાલિદાસ કરતાં જુદી જ વાત છે.

મને માનવાને કારણ છે કે કવિએ હૈયાઉકલતથી જ આ વાત ગાઈ છે. છતાં કોઈ ને કાલિદાસ સાથે તેનો સંબંધ જોડવો હોય તો હું એ બાબત દુરાગ્રહ ન રાખું. કીર્તિના બજારમાં મહાકવિઓએ પોતે જ જેમ મહાભારતાદિમાંનાં ભર્યાં ભર્યાં ગોદામોના માલનું છૂટક વેચાણ (retail sale) કરવામાં બાકી રાખી નથી તેમ એ મહાકવિઓની રચનાઓમાંથી પણ અનેક કણિકાઓ વીણીવીણી કલાની મદદથી સુરેખ બનાવી આપણે સફળતાથી રસભોગી વર્ગ સુધી પહોંચાડી શકીએ તો કશું ખોટું નથી. માત્ર સ્વતંત્ર, સ્વયંપર્યાપ્ત કૃતિના રૂપમાં એ કણિકાઓ આપવી જોઈએ. આ કરવામાં પણ કવિપ્રતિભાનો પૂરો પરિચય કરાવવાનો રહે છે. જો કોઈ એમ કહે કે ના ના, આગળનાઓએ ગાયેલા ભાવને ગાવા એમાં તે શી મોટી વાત છે, તો હું એને બીજીત્રીજી વાત સંભળાવવાને બદલે એટલું જ નમ્રભાવે કહીશ : 'ખરું, આ તમારા ચરણ આગળ ભૂતકાળનાં પાંચેક હજાર વરસોનો કવિતાવારસો મૂક્યો. એમાંથી સ્વયંપર્યાપ્ત અને

સ્વતંત્રપણે પ્રાણ ધારણ કરી કાળ સામે ટકી શકે એવી માત્ર ચાર લીટી કરી આપો. આખું જગત કૃતાર્થ થશે.'

ત્યાં જ મુશ્કેલી છે તો ! લોટ, દાળ, ચોખા અને મીઠું, મરચું વગેરે ષડ્રસની સમાગ્રી મળવાથી જ વાત પતી જતી નથી. પેટની ભૂખ ભાગે એ સ્થિતિ લાવવા માટે તો એ બધી સામગ્રી ઉપર કંઈક કીમિયો કરવો રહે છે. આત્માની ભૂખ પણ માત્ર છૂટક છૂટક સામગ્રીથી ભાગતી નથી, કીમિયાગરનો હાથ એ સામગ્રીને અડવો જોઈએ છે.

ભાઈશ્રી પ્રહ્લાદ પારેખનો હાથ ધારે ત્યારે કીમિયાગરનો હાથ થઈ શકે છે એ જોનારા જોઈ શકશે. જ્યારે જ્યારે ખરેખર બીજા મહાલેખકમાંથી એ કાંઈ લે છે ત્યારે ત્યારે પોતની સમગ્ર શિક્તનો એને લાભ આપી, એને પોતાની કલ્પનાની પેદાશ હોય એમ લડાવી એક ઉત્તમ અનુસર્જન એ આપણને આપે છે. ઉદાહરણ તરીકે, 'છેલ્લી પૂજા'નો છેલ્લો શ્લોક છે તેનું વસ્તુ ટાગોરમાં ન હોવા છતાં પોતાની રચનાની પરાકાષ્ઠા રૂપે કવિએ પોતા તરફથી મૂક્યો છે.

## ૫. 'ગાનનો ગેરુ રંગ'

આ સંગ્રહની કોઈ લાક્ષણિકતા હોય તો તે તેનાં દિલચશ્પ ગીતો છે. માનવહૃદયના મુલાયમ ભાવો સહજ બાનીમાં મુકાયેલા અહીં જોઈએ છીએ. આ કવિની ગીતરચનામાં એક જાતની ૠજુતા છે, બાલસહજતા છે. તેના નમૂનાઔ અહીં આપવા બેસું તો તો ચોપડીનો મોટો ભાગ ફરી છાપવા જેવું થાય. 'માનવકંઠ', 'તારો ઇતબાર', 'અવધૂતનું ગાન', 'મારા રે હૈયાને તેનું પારખું', 'આજ', 'અંધ', 'એકલું' અને 'આવશે' એ ગીતો એકવાર એમનો આસ્વાદ લીધા પછી ભૂલવાં એટલાં બધાં મુશ્કેલ છે કે મૂળ ગ્રંથમાં એક વાર છપાયાં છે તે જ બસ છે.

'જૂઈ', 'કામિની', અને 'શિવલી' એ ત્રણ, લેખકની સૌરભપ્રીતિની ખુશબોથી મધમધતાં પુષ્પવિષયક ગીતો છે.

'પરી', 'હે મંગલ!', 'શી કસોટી, હાય !' અને કાંઈક અતિસુખનું દુ:ખ એ બંગાળી ઢાળમાં ઢળાયાં છે. કવિએ પોતાનાં બધાં ગીતો કાનથી જ જાણે કે રચ્યાં લાગે છે.૧

ગીતોમાં લેખક ભાવની તીવ્રતા સહેલાઈથી સાધી શકે છે:

૧. સરખાવો : 'His ear speaks to him.'-પૉલ વાલેરી : ધ આર્ટ ઑફ પોએટ્રી' (૧૯૫૮) પૃ. ૧૭૪. (૨૧-૧-'૬૦.)

કોઈ રે આવી કોઈ વહી ગયું, મારે અંતરને દ્વાર;
કોઈ રે ગાઈ મૂંગું રહી ગયું, છાયો ઉરમાં સૂનકાર :
એવું રે લાગે આજે એકલું !
('એકલું')

કોઈ વાર 'તારલા માંહીથી હેકતી આવતી શી સુગંધી !' કહી એ આશ્ચર્યથિ જઈ રહે છે. કોઈ વાર બાળક બનીને પૂછે છે :

તારા જો આભે હસતા તો ધરતી પર જૂઈ મલકાય :
શાને હસતાં ? એવી તે શી બંને વચ્ચે વાતો થાય ?
('જૂઈ')

કોઈ વાર કવિ અતાગ વેદનાથી અકળાય છે, અમળાય છે :

જે તીરથની જાત્રી ચાલી આવી દિવસરાત્રી,
એ તીરથ નહિ પહોંચાય ?
– શી કસોટી, હાય !

'દરિયાને' ગીતમાં લેખકે આપણને અનેક 'મસ્ત લકીર આપી દીધી છે. પહેલું તો દરિયાનું–સર્વત્ર ગાન, ગાન ને ગાન મચાવતા દિરયાનું –સહજલીલાથી વર્ણન જ કેવું કર્યું છે ! –

હો દરિયા-ફકીર !
આ રે કાંઠે ગાતો, ગાવા જાતો પેલે તીર.

આમાં કાંક જાદુઈ સરળતા છે અને આ ગીતમાં માનવીના મનને બનાવવામાં કાંઈ બાકી મૂકી છે ? એમને 'મનજી' કહ્યા છે. પ્રકૃતિ પોતાનાં ગીતસર્જનો ગીતવર્ષનો માટે સહેજ પણ મમભાવ રાખતી નથી, તયાં આપણા આ 'મનજી' પોતાની રચના માટે તો શોરબકોર મચાવે છે કે

'....મારું મારું મારું છે એ ગાન !
–દોડે એ તો, ઝાલ્યા રે' ન લગીર,'

માણસના 'મનજી' ન ભારે ઠેકડી કરી છે અને તે યોગ્ય જ કર્યું છે. છતાં આખા નિરૂપણ પાછળ કવિસહજ સહાનુભૂતિ નથી એમ કોણ કહેશે ?
'આવશે' ગીતમાં મોલન પહેલાંની ઉત્કટ છતાં માદકતાવિહોણી પ્રસન્નમંગલ મુદિતા અંકાઈ છે :

ધીમા ધીમા વાજો આજ સમીર,
સાગર-વીરા ! લેજે આઘાં નીર ?
મારો રે આવે છે વા'લમ, હૈયા કેરો હીર.

લેખકે કોઈ અસ્પશ્ય મધુરતા આ ગીતથી સર કરી છે. હૃદયની મિલનાતુરતા તો જુઓ :

મારા હૈયે કરિયા લાંબા હાથ,
આવીને એ પૂરી કરશે બાથ;
તેની વચ્ચે મૂંગો મૂંગો વ્હેશે પ્રેમ અતાગ.

શ્રી પ્રહ્લાદ પારેખની કૃતિઓ વિશે આટલું કહ્યા પછી એમની ત્રુટિઓ અને ઊણપો વિશે કશું ન કહું તો રસિકોનો દ્રોહ કર્યો ગણાય. આ કાવ્યસંગ્રહ જોતાં તેમાં કેટલેક ઠેકાણે છંદોરચનાની સૃષ્ટિશ્લષ્ટતાનો અભાવ લાગે છે, કડી કડી વચ્ચેનું બંધન શિથિલ જણાય છે. ગાતો વિશે એમ કહી શકાય તેવું નથી. જોકે 'હે મંગલ!' એ ગીતમાં 'બહુ જુગો જળ જીવનનાં વહી' એ પંક્તિ એકાએકક વચ્ચે દ્રુતવિલંબિતનો સંવાદ ચિત્તમાં ઉપજાવે છે એ સહેજ વિચિત્ર છે. લેખક ઘણું ખરું પ્રાસ મેળવે છે. છતાં 'મુક્ત નિર્ઝર'માં ટાગોરની લાંબીલચક કૃતિને માત્ર બાર લીટીમાં અંતના 'ભેટી'- 'લેટી' ની કડક પ્રસરચનાની પકડથી સમાવી છે તેવી સફળતા બધા પ્રાસમાં દેખાતી નથી. પ્રાસ લાવવો તો પછી તે સબળ અને કાર્ય સાધક હોય એ જરૂરી છે. ભાષાની બાબમાં પણ લેખકની કચાશ કોઈવાર સાલે એવી છે. છંદોમાં કેટલાક શિથિલ અને દૂષિત શબ્દપ્રયોગ મળશે. બધા જ આધુનિકોનું એમ છે એવું કહી હું બચાવ નહિ કરું. બધાઓએ જ સુધરવું પડશે કહેવું બરોબર છે.

'અપ્સરી', 'મુકુલ'નો નારીજાતિમાં પ્રયોગ ('વાતો'), 'પૂર' શબ્દનો અતિ-ઉપયોગ આવી વસ્તુઓ ઘણાને ખૂંચશે. 'શબ્દો'ની શિક્તથી કવિ જાણકાર છે જ (પૃ. ૧૪૪) એટલે ભવિષ્યમાં એમનો વાકષપ્રભાવ વધતો જશે એવી શ્રદ્ધા અસ્થાને નથી. પણ લોકવ્યવહારના – બોલચાલના પ્રયોગો લેખકને સારા પ્રમાણમાં હસ્તગત છે. 'ભટૈરિયાં', 'ભંભોટી', 'મનજી' માંનો 'જી', 'ભોરની ભરનિદ્રા'માં 'ભોર'નો ગંભીર ઘોષ, 'એવા વળી શાને ભરે ભાર' વગેરે પ્રયોગો લેખકની રચનાઓને ઓર રીતે માતબર બનાવે છે.

લેખક હજી યુવાન છે, આ એમનો પ્રથમ કૃતિસંગ્રહ છે, એટલે કલ્પનાની પ્રગલ્ભતા,

વિષયોની વિવિધતા અને ભાષાપ્રૌઢિ અંગે આ સંગ્રહમાં આપણને ઊણપ લાગે તો હવે પછીની રચના ઓમાં એનો એ ખંગ વાળી આપશે એવી આશા રાખીએ. આમાં એમણે જે ઋજુકરુણ સુંદર કવિતા આપી છે એ માટે જ આપણે એમના જેટલા ઋણી રહીએ એટલું ઓછું છે. મને એમની કૃતિઓનો અભ્યાસ કરવાની તક મળી તેને પરિણામે જે વસ્તુઓ કહેવા જેવી સૂઝી તે અહીં રજૂ કરી છે. ભાઈશ્રી પ્રહ્‌લાદ પારેખની કૃતિઓનો વાચકોને રસાસ્વાદ કરાવવા ઉપરાંત નવિનતર કવિઓની અને નવીનોની પણ – રચનાઓનો આ રીતનો અભ્યાસ કરવાની વૃત્તિને કદાચ પોષણ મળશે એવી આશા પણ સાથે સાથે ખરી.

છેવટે, શ્રી પ્રહ્‌લાદ પારેખે ‘હે મંગલ !’ માં ગાયેલી પ્રાર્થનાનો એક અંશ ભગવાન મહાકાલને ઉદ્દેશીને આગળ કરું છું, આપણા આ ઉદયોન્મુખ યુવકની સુકુમાર કવિતાના યાત્રિક આત્માને એ પોતાને ચરણે સ્થાન આપે એવી આશા સાથે :

હે દયામય ! સ્થાન દે, તવ પાસ આવ્યું પથિક જલ
હે મંગલ ! હે મંગલ !

આનંદનગર, અમદાવાદ.૨૨-૧૦-૧૯૪૦

**ઉમાશંકર જોશી**

# ૧. માગણી

આવે ત્યારે દઈ નવ શકું અંતરે જે ભર્યું તે,
જાયે ત્યારે સહી નવ શકું અંતરે જે રહ્યું તેઃ
દેવાનું હું દઈશ સમજી, એમ માની લઈ ને,
–માગું છું કે–નવ નીરખતો રાહ નિષ્ઠુર થૈને :
    લૂંટી લેજે પણ સકલ જે મૌન કેરા કમાડે
વાસી રાખ્યું : મુજ પ્રબળ ઈચ્છા નહીં જાણતો એ ?

# ૨. બારી બહાર

વર્ષોની બંધ બારીને આજ જ્યારે ઉઘાડતો,
‘આવ’, ‘આવ’,–દિશાઓથી સૂર એ કર્ણ આવતો.
    આવે વાયુ પ્રથમ ભીતરે સિંધુના મોજ ચૂમી,
ઘૂમી ઘૂમી વન વન મહીં પુષ્પની ગંધને લૈ;
માળે માળૈ જઈ જઈ, લઈ પંખીના ગાનસૂર,
લાવે હૈયે નિકટ મુજ, જે આંખથી હોય દૂર.
    આકાશેથી કિરણ ઊતરી સર્વ એ વાત કે’તાં :
નાચ્યાં કેવાં જલ ઉપર ને કેમ પુષ્પો ઉઘાડયાં,
પેઠાં છાનાં કયમ કરી સહુ પંખીના વાસ માંહી,
વીણ્યાં બિન્દુ શબનમ તણાં ઘાસ માંહી છુપાઈ.
પુષ્પો અને પર્ણ તણી પૂંઠેથી
પંખી તણાં ગીત અનેક આવતાં;
સંદેશ તેનો સમજું નહીં ને
કાં હર્ષના અંતર ધોધ છૂટતા ?
નમાવી ડાળીઓ સર્વ, માર્ગમાં પુષ્પ પાથરી,
‘આવ’, ‘આવ’ બધાં વૃક્ષો સાદ દે છે ઘડી ઘડી.
    પાસેથી કો ઝરણ વહતું; વાત એ જાય કે’તું :
કેવું આભે ભ્રમણ કરતી વાદળી માંહી રે’તું;

કેવું છૂપ્યું ગિરિવર તણા ગહ્વરે થૈ અશબ્દ,
છૂટ્યું કેવું જલધિજલનો સાંભળી 'આવ' શબ્દ.
    આલિંગે છે પથ ઉપરની આવીને ધૂળ અંગે,
ને લાવે છે અખૂટ કથની માર્ગની સર્વ, સંગેઃ
કેવા કેવા પથિક દઈને પાય એ માર્ગ જાતા,
કેવાં ગીતો અનુભવ તણાં જાય એ સર્વ ગાતા,
ને ખેતરે લાખ ઊભેલ ડૂંડાં
લળીલળીને સહુ સાદ પાડતાં.
અનેકની હાર ખડી રહી ત્યાં,
છતાંય કાં એ મુજ સાથ માગતાં?
ઊંચે જોયું,–ગગનપટમાં વાદળી એક જાતી;
સમ્રાજ્ઞી શી મૃદુલ ડગલે માર્ગ એ કાપતી'તીઃ
વાતો કે'તી ઘડીક વીજની, મેઘ કેરા ધનુની,
યાત્રા કેરી વિજન વનની, પર્વતોની, રણોની.
    નીચે કોઈ ચલિત પગલે જાય છે બાળ ચાલ્યું;
પુષ્પે, પર્ણે, તૃણ સકલમાં સાંભળે હર્ષગાણું.
એ યે ગાતું કુસુમ,–તૃણમાં જાગતો હર્ષકંપ !
જાયે ધીમે ડગ, ફૂલ કને ઝાલવાને પતંગ.
    શું એ આંખે, મૃદુલ ડગલે, શું ભર્યું હાથ નાને ?
તૂટેલા એ શબદ મહીં શું ? સર્વ શું એ ક્રિયામાં ?
બારી બંધે કદીય નવ જે ભાવનાને પિછાણી,
તેવી ઉરે, નયન મહીં, કો આદ્રર્તા આજ જાણી.
    અંગાંગે છે પરમ ભરતી મસ્ત સિંધુ સમી, ને
લજ્જા કેરી નયન પર છે એક મર્યાદરેખ;
હર્ષે થાતી પુલકિત ધરા, પાયના સ્પર્શથી જે,
જાયે કોઈ યુવતિ નયનો ધન્ય મારાં કરીને.
    ઉચ્ચરીને 'અહાલેક !' કોઈ સાધુ જતો વહી,
સંદેશો સર્વ સંતોને બારણે બારણે દઈ.

  જાયે લક્ષ્મીપ્રણયી પથમાં, જ્ઞાનના કો પિપાસુ;
કોઈ જાત શ્રમિત જન, કો દીન, કોઈ દરિદ્ર;
જ્યોતિ કોઈ વદન ઝળકે સ્મિત કેરી અખંડ;
અશ્રુધારા નયન થકી કો જાય ચાલી અભંગ.
  સર્વને બારીએ ઊભો નેનથી નીરખી રહું;
એક એ સર્વનો સાદ 'આવ'નો ઉર સાંભળું.
  પળે પાછાં અંતે રવિકિરણ સૌ અસ્ત નભમાં,
અને આવે પાછા દ્વિજગણ સહુ વૃક્ષગૃહમાં;
ઝગી ઊઠે નાની સકલ ઘરમાં એક દીવડી;
શરૂ શાંતિ કેરી પરમ ઘડીઓ થાય જગની.
  સુધાભરી તારક-પ્યા ળી ઓ ને
આકાશથાળે લઈ રાત આવે;
પંખી, વનો, નિર્ઝર, માનવીને
પાઈ દઈ એ સઘળું ભુલાવે.
  મૈં યે પીધી રજનિકરથી લેઈ ને એક પ્યાલી;
અંગાંગે એ મદ ચડી જતો, આંખડી બંધ થાતી.
તો યે સૌનો, ઉર મહીં સુણું, 'આવ'નો એક સાદ:
ના બારી, ના ઘર મહીં રહું, જાઉં એ સર્વ સાથ.

# ૩. બનાવટી ફૂલોને

તમારે રંગો છે,
અને આકારો છે,
કલાકારે દીધો તમ સમીપ આનંદકણ છે,
અને બાગોમાંનાં કુસુમ થકી લાંબું જીવન છે.
  ઘરોની શોભામાં,
કદી અંબોડામાં,
રહો છો, ત્યાં જોઈ ઘડીકભર હૈયું હરખતું;
પ્રશંસા કેરાં એ કદીક વળી વેણો ઊચરતું.
  પરંતુ જાણ્યું છે,
કદી વા માણ્યું છે,
શશીનું, ભાનુનું, ક્ષિતિજ પરથી ભવ્ય ઊગવું ?
વસંતે વાયુનું રસિક અડવું વા અનુભવ્યું ?
  ન જાણો નિંદું છું,
પરંતુ પૂછું છું :
તમારાં હૈયાંના ગહન મહીંયે આવું વસતું :
'દિનાન્તે આજે તો સકલ નિજ આપી ઝરી જવું.'?

## ૪. હતે તું સંગાથે !

કદી સંધ્યાટાણે,
કદી વા કો વા'ણે,
થતું હૈયે એવું, નીરખી નભશોભા પ્રસરતી :
હેત તું સંગાથે!
    સ્ફુરે કોઈ જ્યારે
ઉરે ગીતો મારે,
થતું હા ! તે વારે મુજ મન મહીં એમ સહસા :
હતે તું સંગાથે !
    નિશાશોભા જોઈ,
કદી નિદ્રા ખોઈ,
ભમે નેનો આભે : કંઈક દિલ એવું લવી જતું :
હતે તું સંગાથે !
    નિહાળી કૈં ભવ્ય,
નિહાળી વા રમ્ય,
સ્ફુરે મારે પ્રાણે ચકિત : મુજ આનંદ મહીં જો
હતે તું સંગાથે !
    વસંતે હૈયાના,
શિયાળે વા ત્યાંના,

ઊઠે જાગી ઇચ્છા પ્રબળ, મધુરી એક, ઉરમાં :
હતે તું સંગાથે !

# ૫. પદે

ભલે જલધિના મહા વમળમાં જઉં હું શમી,
અને તિમિરમાં ભૂલી પથ, રહું વને આથડી;
વિરામ વિણ, તપ્ત હું રણ મહીં ચહું ચાલવું;
પરંતુ નવ દીનતા-શબદ તો કદી ઉચ્ચરું.
    નહીં, ખરડયું અશ્રુએ, કદીય નાથના પાયમાં
ધરું હૃદયને, તૂટેલ કદી વેદનાવજ્રથી;
બસૂર ગીત દીનતાસૂર થકી થતાં ગાઉં ના :
ફૂટેલ ઉર-વાદ્યનું ધરીશ પાયમાં મૌન હું.

# ૬. ઘેરૈયા

અમે તો ઘેરૈયા : ગગન મહીં જે રંગ ઊડતા,
અને જે રંગો આ અવનિપટ રંગીન કરતા,
અમારાં છંટાયે ઉર સકલ એ રંગ થકી, ને
અમે યે રંગાઈ અવનિનભ જેવા બની જતા.
    મહા ઘેરૈયા કો વિધવિધ લઈ રંગ ઘૂમતો,
ઘડી પૂર્વે છાંટે, ઘડીક ભરતો પશ્ચિમ દિશા;
કદી આખે આભે ઘનદળ મહીં રંગ પૂરતો,
કદી સાતે રંગો લઈ ગગનમાં ચાપ કરતો.
    અસીમે તેના એ ફરી ફરી બધા રંગ ઊડતા :
ઋતુ છંટાતી, સૌ દિન-રજનિ એ રંગ ધરતાં;
અને ઊઠે રંગો તૃણ, કુસુમ, પર્ણે, ફળ મહીં;
વળી આવી આવી અમ સકલ ભાવે સરી જતા.
    અમે ઘેરૈયા સૌ બહુ ઘૂમી શોધ કરતા :
    કહીં ઘેરૈયા એ ? કહીં છૂપવિયો રંગનિધિ આ ?

# ૭. હસું

અસંખ્ય કુટિરો થકી રજનિમાં સુણું શાંત, હું
નિસાસ, વળી અશ્રુથી પ્રતિનિશા ધરા ભીંજતી.
કહીંક ડૂસકાં સુણું,—હૃદયસ્પન્દનો દુ:ખનાં
સમાં; જન રિબાય ને અવનિમાં ભરે વેદના.
    કરું કયમ પ્રવાહની ત્વરિત હું ગતિ અશ્રુના,
વહાવી મુજ આંસુને ? કયમ વિશાળ હું વેદના
તણા સૂર કરું, બજાવી મુજ દુ:ખનાં ગીતને ?
ઊંડાણ ઉરના અગમ્ય મહીં એ ભરું સર્વને.
    અને, દિન અમાસને, વિધુવિહીન સિંધુ હસે;
હસે ઝરણ, માર્ગમાં ખડક સાથ જ્યાં આથડે;
વીંધાય ઉર વીજથી ગગનમેઘનું,—એ હસે :
વીંધાઈ અથડાઈને ત્યમ હસું હમેશાં જગે.

# ૮. શું રે કરું હું ?

શું રે કરું હું શીશ નમાવી?—ગર્વથી ઊંચું ઉર રે :
શું કરું સાગર લાવી, દ્રવે જો નેન નહીં નિષ્ઠુર રે?
    શું રે કરું બીન બજાવી?—અંતરતાર બસૂર રે;
અંગમરોડ હું કેમ કરું, જો નાચી ઊઠે નવ ઉર રે? શું રે કરું.
    વૈભવ આપી શું રે કરું હું, હૈયું જો હોયે રંકરે ?
રૂપ ફૂલોનાં કેમ સમર્પું ?—અંતરે મલિન રંગ રે. શું રે કરું.
    શું રે કરું હું દીપ પ્રજાળી, હૈયે નહીં જો નૂર રે ?
વાણીપ્રવાહ હું કેમ વહાવું, જો નહીં પ્રેમનાંપૂર રે ? શું રે કરું.

# ૯. અબોલડા

ઉરે હતી વાત હજાર કે'વા,
કિન્તુ નહીં ઓષ્ટ જરીય ઊઘડયા;
જલ્યા કર્યા અંતર સ્નેહદીવા,
ઉજાસ શાં હાસ્ય મુખે ન આવિયાં.
　નિસર્ગલીલા તુજ સાથ જોવા
હૈયે હતા કોડ, – ન પાય ઊપડયા;
સૂરે મિલાવી તુજ સૂર, ગાવા
ઉરે ઊઠ્યાં ગીત; બધાં શમાવ્યાં.
　મળી મળી નેન વળી જતાં ફરી
અકથ્ય શદે વદી વાત ઉરની;
હૈયું મૂંગું ચાતક શું અધીર;
એ રાહ જોતું તુજ શબ્દબિન્દુની:
　એવો અબોલા દિન છે સ્મૃતિમાં,
–જે દી ચડયાં અંતર પૂર નેહનાં?

# ૧૦. વીજળી

સમુદ્ર નિજ છાલકે નભ તણા દીવા હોલવે,
અને સકલ અભ્રજૂથ ઉર આભનું આવરે;
સવેગ ધસતો બધે પવન ઝાડવાં ધ્રૈજવે;
જયી તિમિર થાય શું ? પ્રલય આજ શું ઘૂઘવે ?
સચિંત ઘરમાં સહુ જન લપાઈ ને બેસિયાં,
ભયે અચલ થૈ પડયાં સકલ પંખીડાં ઝાડવે;
' પ્રકાશ કહીં ? '–ઊઠતી તિમિરની મૂંગી મશ્કરી;
પ્રગાઢ નિજ બાથમાં જગતને લિયે આવરી.
અનુત્તર કરી દઈ, તિમિર, સર્વને, ઘૂમતું;
અને નયનથી બધાં, નજર-તેજને ચૂસતું.
વિરાટ રૂપ ત્યાં ઊભું તિમિરનું; અને માનવી
ઊભો બિનસહાય,–આશ નવ,–તેજહીણો થઈ.
પ્રચંડ તહીં ઊઠતો તિમિરે–ભીતરે નાદ કો;
સહુ જનપદે, વને, જલતરંગની ઉપરે,
ચિરાય નભ નાદથી, ધરણી-અંગ ધ્રૈજી ઊઠે :
પ્રકાશ નિજ, વીજળી, નિજ જવાબ શો પાથરે !

# ૧૧. અમારી મહેફિલો

અમારી મહેફિલો કદીક નભના મંડપ મહીં
થતી; ને ત્યાં રાત્રિ, નિજ મટુકી-ચંદા શિર ધરી,
લઈ આવે પીણું અજબ ભરિયું એ મટુકીમાં;
અમે તારા-પ્યાલી ભરી ભરી પીતા એ ફરી ફરી.
અમારી મહેફિલો કદીક વળી થાતી વન મહીં;
વસંતે આવે ત્યાં કુસુમ-મટુકીને શિર ધરી.
નશાવાળું પીણું મટુકી મહીં એ, છે સુરભિનું;
અમે પ્યાલી માંહી ભરી ભરી પીતા એ, મુકુલની.
અમારી મહેફિલો કદીક વરષા સંગ ભરતા,
અને તેનાં પીણાં ભરી ભરી અમે વાદળ પીતા;
ભરી મુઠ્ઠી વર્ષા વિવિધ તહીં રંગો ઊડવતી,
અને નાચી રે' ત્યાં ગગન ભરીને વિદ્યુત-નટી !
કદી મહેફિલો એ જનગણ તણાં આંગણ મહીં
થતી, ને પીણાં જે પ્રિયતમ અમારાં, તહીં મળે :
ઉરોના પ્યાલામાં સુખ-રસ, કદી દુઃખ, છલકે;
લઈ એ પી, હૈયાં અમ અનુભવે ઐક્ય સહુથી.
અમે પીનારા એ અદભુત રસોના ફરી ફરી;
અમે ગાનારા એ રસઅસરને સૌ અનુભવી.

# ૧૨. દરિયાને

હો દરિયા-ફરીર !
આ રે કાંઠે ગાતો, ગાવા જાતો પેલે તીર.
    સૂરજ આવે, ચાંદો આવે તારાની ય જમાત,
વાદળ આવે, આવે છે ત્યાં રાત અને પરભાત,
સાંભળવાને ધૂનો કેરી તારી મસ્ત લકીર, હો દરિયા.
    કીરતિ કેરા કામણથી મારા મનજી પોઢ્યા'તા;
ધનના ધામે મનજી મારા સુખથી રે'તા'તા:
કામણ છૂટે, ધામ એ તૂટે, દોડે મારા પ્રાણ,
—બોલે એ તો, મારું મારું મારું છે એ ગાન !
—દોડે એ તો, ઝાલ્યા રે' ન લગીર, હો દરિયા.
    પ્રાણને મારા શીખવજે તું તારાં કોઈક ગાન !
દેજે એને જગ ભૂલવતી ધૂન એકાદી, વીર ! હો દરિયા.

# ૧૩. અનંત કથા

‘કહીં કહીં લખું કથા ? કવણ ઝીલશે એ બધી ?
વદ્યું નભ : અને ફૂલો, ફળ, તૃણાંકુરો, પર્ણ સૌ
ધરે નિજ ઉરો, અને કથની તારલા-રૂપ જે,
ઉરો ઉપર એ લખાય શબનમ્ તણે અક્ષરે.
    અષાઢ વદતો, ‘કહીં કથન ઠાલવું હું જઈ ?’
સરોવર, નદી અને ઝરણ સર્વ કે’તાં, ‘અહીં.’
રહી જલ-સ્વરૂપમાં સકલ વાત જે અંતરે,
સરોવર, નદી અને ઝરણમાં જઈ એ વહે.
    ઊઠી મનુજ-અંતરે પ્રબળ ભાવના, ઊર્મિઓ,
કહે, ‘અમ કથા જઈ કવણ કાનમાં બોલીએ ?’
‘સુણીશ સહુ વાત હું,’ વદતી એમ તેને કલા.
અને હૃદય બેઉનાં કથની માંહી તેને મળ્યાં.
    ફરી ફરી લખાય છે નભ તણી કથા પૃથ્વીએ,
અને હૃદયને અષાઢ ફરી વાતમાં ઠાલવે;
ફરી ફરી કલા સમીપ જઈ ભાવના, ઊર્મિઓ,
કહે કથની, તોય અંત નવ તે હજુયે કહે.

# ૧૪. એક મિત્રને

સખા ! સાથે જાતાં જીવન મહીં એવુંય બનતું,
ગમે રંગો, સૂરો, રૂપ સકલ તારા હૃદયને,
મને પ્યારાં લાગે નવ જરીય તે, ને મુજ ગમ્યાં
ન યે પામે તારા મન મહીં જરી સ્થાન પણ તે.
    રહે તારી દ્રષ્ટિ સતત ઊડતી 'કાલ' ઉપરે,
અને મારાં નેનો સતત ભમતાં 'આજ' મહીં રે';
મથે તું શ્રદ્ધાથી કંઈક જગ કાજે કરી જવા;
મને થાયે, એવા મન મહીં વળી ગર્વ કંઈ શા ?
    ઊંચા આદર્શોના પલપલ તને સાદ પડતા;
અને વહેવારોના મુજ મન વિશે ખ્યાલ ભમતા;
ભરી આશા હૈયે તુજ : અવનિ આ સ્વર્ગ બનશે;
રહે પૃથ્વી,—મુજ મ ન વિશે એ અધિક છે.
    વિરોધો વચ્ચે આ ઝરણ ઉરનું, નિત્ય વહશે
દિશે તારી, મારું : તુજ ઝરણ તેને શું મળશે

# ૧૫. પરબ

હું તો બેઠી પરબ એક માંડી,
કે પાણી ડાં કોણ પીશે ?
લીલા લીમડાએ છાંયડી ઢાળી,
કે પાણીડાં કોણ પીશે ?
મેં તો મારગડે મીટ એક માંડી,
કે પાણીડાં કોણ પીશે ?
કોઈ આવે જો દૂરના પ્રવાસી,
કે પાણીડાં કોણ પીશે ?
આજે હૈયે છે કામના જાગી,
કે પાણીડાં કોણ પીશે ?
કોઈ આવીને નીર લે માગી,
કે પાણીડાં કોણ પીશે ?

# ૧૬. ઝાંખી

કરે ધરીને નવ લક્ષ દીવા,
આ આભ ઊભું તુજ દ્વાર આવી;
ને સાત સિંધુ તુજ પાય ધોવા
ઊભા રહ્યા નીર અગાધ લાવી.
  નાચંત સૌ નિર્ઝર દ્વાર તારે
ને વીંઝણા સૌ વન ઢોળતાં તને;
ફૂલો ભરે વાટ બધી સુવાસે,
ને કીર્તિગીતો તુજ, પંખીગાને.
  હું આવિયો ત્યાં મુજ શૂન્ય હાથે;
ના નીર કે દીપક એક સાથે;
જોતો રહું મૂઢ હું ભવ્ય આરતી,
નિસર્ગદેવી તુજ જે ઊતારતી.
  નાચું,–જહીં નિર્ઝર નાચનારા ?
ગાઉં,–જહીં છે દ્વિજગાનધારા ?
અચેત ઊભો તુજ દ્વાર તાકી :
છે એક વાંછા : કરું આજ ઝાંખી.

# ૧૭. અવધૂતનું ગાન

એક લંગોટી, એક ભંભોટી, હાથમાં છે એકતારો;
એક હરિનું નામ છે હોઠે, ગાનનો એક ફુવારો;
હૈયે અમારે ગાનનો એક ફુવારો.
ગાનના તારે ધરણીની સાથે સાંધીએ ઊંચાં આભ;
ગાનથી નાના હૈયાની સાથે કરીએ એક વિરાટ :
અમારાં ગાનએ મિલનવાટ.
ગાનના જોરે ઊડતા ઊંચે, ઊડતા ગાતા ગાન;
એકતારાની ઝણઝણાટી, કંઠથી ઊઠે તાન;
તેના ઘેનમાં રે' અમ પ્રાણ.
ગાનનો ગેરુ રંગ અમારો, ધરણીથી તે આભ
ઊડતો, જેને લાગતો તેને ફૂટતી જાણે પાંખ,
અને એ ઊડતો સાથોસાથ.

# ૧૮. ગમે

બને પ્રિય મને બધું, જીવનમાં ચહું એ ઘડી :
કરાલ નગરાજ ને મૃદુલ પુષ્પની પાંખડી;
ગમે સકલ વાસ્તવિક, સ્વપનાં ય સર્વે મને;
સપાટી પરનાં તુફાન, તળિયાની શાંતિ ગમે.
    ગમે નયનનીર ને સ્મિત તણી ગમે દીવડી;
વિશાળ રણશુષ્કતા, ધરણી ધાનના વર્ણની;
ગમે સરલ પંથ ને ભટકવું ય વ્હાલું બને;
ગમે તિમિર, તેજ, ને પ્રલયસર્જનો સૌ મને.
    અનંત તુજ કાળમાં નહિ ક્યહીં ય એવી ઘડી,
રહું સકલ સાથ, જે સમય, ઉરને ભેળવી ?

# ૧૯. પરી

નહી, નહીં સ્વર્ગની અપ્સરી,
નહિ ધરાતલ સુંદરી :
મનુ-અંતરે કવિત-સૂરે જનમી તું પરી.
નહિ સ્વર્ગ-વિલાસ,
નહિ કો કામનાપાશ :
ચિર ઉલ્લાસે ગગન આવાસે નિત રહે વિચારી;
કુસુમે કુસુમે જઈ જઈ દિયે સુરભિ તું ભરી.
નહિ, નહીં.
તવ ગાન લઈ, ફૂલ કન જઈ નિત મધુકર ગાયે;
તવ નર્તન જલતરંગે, નિશીથતારકે થાયે;
તવ રંગથી સહુ પતંગ અંગ દે ભરી,
પુનિત પ્રાન્તે લઈ જતી અમ મન કદી હરી !
નહિ, નહીં.

# ૨૦. જાણીતી અજાણી

અજાણી એ રહી તોયે જાણીતી ઉરને થઈ;
નેન ના દેખતાં, કિન્તુ શકે ના ઉર વિસ્મરી.
શું નામ તેનું,–કદી યે ન જાણ્યું;
વા ધામ ક્યાં,–એ નવ જાણવા ચહ્યું.
ના વેણ એકે જઈ પાસ ઉચ્ચર્યો;
તેણે કદી યે નવ કૈં મને કહ્યું.
એક વાર અમે બન્ને સામસામે હસ્યાં, અને
પિછાન પૂર્ણ એ લાગી અમારાં બેઉનાં મને.
    બારી પાસે મુજ થઈ જતી ક્યાંક રોજે સવારે,
નાની પાડી પગલી, મુખડું રાખતી કૈંક ભારે;
વાતો કૈં કૈં કરતી નિજ સંગાથ જો હોય "બાબો";
એ સાથીની ઉપર નિજ દર્શાવતી સર્વ ભાવો.
    ને સામે આવતાં બારી મારી, એ હસતી જરી;
અને જોઈ પછી નીચું ધૂળથી કૈંક વીણતી.
અમ પિછાનની જાણ ન કોઈને;
વીસરતાં હસી એકબીજાં અમે.
પડી જઉં નિજ કામ વિશે પછી;
ઘડી રમી વળી એ ય વહી જતી.
    કિન્તુ આજે નથી એ : મુજ મન મહી ને, એ નથી એમ થાતું;

એવું ક્યારે ન જાણ્યું, મુજ મન બધું રે બાલિકાએ ભર્યુ'તું !
જાયે ત્યારે જ થાયે : હૃદય મહીં હતો આવિયો સ્નેહ આ તો !
એના જાતાં વળી કાં હૃદય ભરી, અરે, જાપ તેનો જ થાતો ?

# ૨૧. એક છોરી

એક છોરી
કોરી ગઈ અંતર માંહી દેરી.
આંખો તણાં બે નિજ ટાંકણાંથી,
ને હાસ્ય કેરી વધુ લૈ હથોડી,
કોરી ગઈ અંતર માંહી દેરી
એ એક છોરી.
    બની ગઈ દેવ સ્વયં પધારી
ત્યાં ઘંટડી કંઠ તણી બજાવી;
ને બોલ એના પ્રગટી ઊઠે છે
દીવા બનીને.
અંગાંગમાં પુષ્પ અનેક ફૂટતાં
પળે પળે, ને સહુ એ ખરી જતાં
દેરી મહીં; સૌરભ છાઈ ત્યાં જતી
કોઈ અનેરી.
ને ઊડતી જે લટ કેશ કેરી,
એ ધૂપની સેર સમી જણાતી!
માન્યું હતું, પથ્થર શું બન્યું છે
હૈયું હવે,–કોઈ પ્રવેશ પામી
શકે નહીં ત્યાં!

પણ એક છોરી
આવી, અને અંતર કોરી કોરી,
દેરી બનાવી,
બની ગઈ દેવ સ્વયં પધારી !

# ૨૨. લહાણું

મિલન ગલીઓ વહેવાર તણી જોઉં બહુ,
થતું ત્યારે, ઉર લઈ કયમ કરી આંહી રહું ?
    સુંદરતા જોઈ મારું મન જ્યારે કોળી ઊઠે,
—અફસોસ ! પકડવા તેને બહુ લોક છૂટે.
    નવા નવા વેશ કાઢી મતલબ આવે રોજ;
હસવામાં જોઉં છૂપું ઝેર ત્યારે થાતો શોચ.
    જઈ ત્યારે રહું હવે તારલાની સાથમાં ?
જીવતર વા વિતાવું સુમન-સંગાથમાં ?
    અરે, પણ માનવીનું મન મારું કેમ રહે
એમની સંગાથ ? એ તો માનવીનું ઉર ચહે.
    એમને તો દિલ નહીં; અને, ધારો, દિલ હશે :
માનવીના દિલ સાથ મેળ એનો જામશે ?
    રૂડું એથી આંહીં રહું માનવીની સાથમાં :
કદી વળી સમજશે એ જ મારી વાતમાં.
    અને યાદ આવે : કોઈ કવિ તણું ગાણું છે :
'માનવીની સાથે રે' સે'વું, એય લ્હાણું છે.'

# ૨૩. વ્યથા

અનંત ધારે ફૂટતો ફુવારો
સંજીવનીનો તહીં પૂર્વ આરે;
ને રેલતાં નીર, અખંડ ધારે
સિૃષ્ટ તણો પાય વિશાળ ક્યારો.
    હસી ઊઠયાં ઉન્નત શૃંગ અદ્રનાં,
નાચી રહ્યા નિર્ઝર સર્વ પૃથ્વીના;
ખીલ્યાં ફૂલો અંતરની સુવાસે,
ને વિશ્વ ગાજ્યું દ્વિજ કિલકિલાટે.
    એ નાચવા નિર્ઝર નૃત્ય જીવને,
પંખી સમાં ગાન સદૈવ ગાવા,
ઉઘાડીને અંતર-પાંખડી સહુ
પુષ્પો સમી ઉર સુવાસ ફોરવા,–
    અનંત ધારે તુજ પ્રેમ કેરો
બ્રહ્માંડ વ્યાપી ફૂટતો ફુવારો;
એ ઝીલવા અંતરમાં મથું હું :
હૈયા તણો શે ન ભરાય ક્યારો ?

# ૨૪. મારા રે હૈયાને તેનું પારખું

ક્યારે રે બુઝાવી મારી દીવડી, ક્યારે તજી મેં કુટિર;
કઈ રે ઋતુના આભે વાયરા, કઈ મેં ઝાલી છે દિશ;
નહીં રે અંતર મારું જાણતું.
કેવાં રે વટાવ્યાં વન મેં આકરાં, ઊંચા ઊંચા પહાડ;
કેમ રે વટાવી, ઊભી માર્ગમાં, અંધારાની એ આડઃ
નહીં રે અંત્ર મારું જાણતું.
વગડે ઊભી છે નાની ઝૂંપડી, ઘર ઘર થાયે છે દીપ;
તહીં રે જોતી મારી વાટડી, વસતી મારી ત્યાં પ્રીત :
મારા રે હૈયાને તેનું પારખું.
પડયા રે મારા પગ જ્યાં બારણે, સુણિયો કંકણનો સૂર;
મૃદુ એ હાથો દ્વારે જ્યાં અડયા, પળમાં બંધન એ દૂર.
મારા રે હૈયાને તેનું પારખું.
ફરીને કુટિરદ્વારો વાસિયાં, રાખી દુનિયા બહાર;
પછી રે હૈયે બેઉ ખોલિયાં, જેમાં દુનિયા હજાર !
મારા રે હૈયાને તેનું પારખું.

# ૨૫. અકારણ અશ્રુ

પ્રકાશ કેરી સરિતા વહી વહી
સંધ્યા સમે સાગરમાં સમાય;
એ નીર જાતાં જગ માંહી થાતું
જે શૂન્ય, અંધાર શું તે જણાય.
    વિસ્તીર્ણ જે તેજ મહીં થયેલ,
સંકીર્ણ થાતું તિમિરે જણાય.
બહાર જે નેન નિહાળતાં તે
જોવા બધું ભીતરમાં તણાય.
સંકોચાઈ હ્રદયદિશમાં સર્વ એકાગ્ર થાય,
તારાનેને નિજ ભીતરમાં વિશ્વ જોતું જણાય :
જે ધાર્યું, જે સકલ કરિયું કાળની સાક્ષીએ ને,
તારાનેનો પલક થકી તે ઊર્ધ્વ શૂન્યે ગણાય.
    એકાકી હું; નવ નીંદર : એ ભવ્ય શૂન્યે નિહાળું;
હૈયું મારું, પરિચિત નહીં, દેશ તેવે તણાયું.
ત્યાંના ધીમા અકલિત સૂરો, રંગ આછા બધાય,
જોઈ, સૂરોક શ્રવણ કરતાં, કાં ઉદાસી છવાય ?
    મારી એ છે સકલ ભ્રમણા ? ચિત્તના વા તરંગો ?
શિક્તહીણા હ્રદય સરજ્યા સૂર ને સર્વ રંગો ?

કે લેવા જે જનમ બનિયા સૂર, રંગો, અધીરા,
તેની મારા ઉર મહીં થતી સર્વ આ આજ લીલા ?
  જે ખીલતાં અંતર પ્રશ્ન-પુષ્પો,
બધાં નહીં ઉત્તરનાં ફળો બને;
ઘટી રહે ગુંજન પ્રશ્નસૂરનું,
પછી બધું શૂન્ય મહીં જઈ શમે.
  મારોયે તે, વિપળ, સૂર એ પ્રશ્નનો ગુંજિયો, ને
ધીમો થાતો, અરવ બનિયો શૂન્ય માંહી અનંત.
હુંયે જાણે ઘડીક, સરવે તત્ત્વ, જેથિ ઘડાયો,
ખોઈ બેઠો : જઈ પરમ બ્રહ્માંડ માંહી સમાયો.
  વેળા જાતાં ક્ષણ, નીરખિયું આભને ગાલ થૈને
વ્હેતું વેગે ધરણીદિશમાં તારલા-અશ્રુબિંદુ;
ને આ ક્યાંથી, કયમ નયનમાં આવતું અશ્રુ, મારાં ?
મિથ્યા પ્રશ્નો સકલ, બનતી સત્ય એ અશ્રુધારા.

## ૨૬. એક દિવસ તો આવ પ્રભાત !

એક દિવસ તો આવ પ્રભાત !
એક દિવસ તો આવ પ્રભાત !
એક દિવસ તો ખૂટે રાત !
જુગ જુગથી આવે જગ-આરે,
કિરનોને તારાં વિસ્તારે;
હું તો માગું એક જ દિનને : વરસોથી જોઉં વાટ.
એક દિવસ.
વિહંગગણ ને મારાં ફૂલ
પડી રહ્યાં નીંદર-મશગૂલ;
જગાડ તેને, ભર મન મારે ગીત અને પમરાટ.
એક દિવસ.
અંધકારનું લોહ છે પડિયું,
જન્મ થકી જાણે એ જડિયું;
પારસ ઓ ! અડ એક વાર, ને પછી ન ચડશે કાટ.
એક દિવસ.
અણખીલી મુજ કમળકળી આ, પડી રાતને હાથ;
આવ, આવ તું ખિલાવ એને : દેને પૂરણ ઘાટ !
એક દિવસ.

# ૨૭. આજ

આજ અંધાર ખુશબો ભર્યો લાગતો,
આજ સૌરભ ભરી રાત સારી;
આજ આ શાલની મંજરી ઝરી ઝરી,
પમરતી પાથરી દે પથારી. આજ...
આજ ઓ પારથી ગંધને લાવતી
દિવ્ય કો સિન્ધુની લહરી લહરી;
આજ આકાશથી તારલા માંહીથી
હેકતી આવતી શી સુગંધી! આજ...
ક્યાં, કયું પુષ્પ એવું ખીલ્યું, જેહના
મઘમઘાટે નિશા આજ ભારી?
ગાય ના કંઠ કો, તાર ના ઝણઝણે :
ક્યાં થકી સૂર કેરી ફૂવારી? આજ...
હૃદય આ વ્યગ્ર જે સૂર કાજે હતું,
હિરણ શું, તે મળ્યો આજ સૂર?
ચિત્ત જે નિત્ય આનંદને કલ્પતું,
આવિયો તે થઈ સુરભિ-પૂર? આજ...

# ૨૮. રાત પડી હતી

રાત પડી હતી, રાત પડી હતી, એવી તો સુંદર રાત પડી હતી,
જાણે એ બ્રહ્માએ ખાસ ઘડી હતી, એવી રૂપાળી એ રાત પડી હતી!
 પૂનમનો પરકાશ નહોતો કે આઠમનાં અજવાળાં નહીં;
શ્યામલ, સુંદર ને નમણી, એ તો રાત અમાસની આવી હતી.
 આભ મહીં નહીં આજ સુધાંશું ને તોય સુધા છવરાઈ રહી;
આજ અમાસ આ આંખડીને મુજ, રૂપની માધુરી પાઈ રહી.
 તેજની માગ ઘણી કરતો પણ આજ નવાઈ આ નીરખતો :
અંધકારે મુજ અંતરમાં કર્યો દીપ આનંદ તણો ઝગતો !
 એક દિને પેલી ભીલડી શંકર પાસ છમાછમ નાચી હતી;
એના સમી આજ રાત અમાસની નાચતી તારાના તાલ મહીં.
 આછેરો પાલવ વાયુ તણો તેનો જાય અડીને,–ઝલાય નહીં;
નીંદરને મેં પિયર મેલી : આ રાતનો સાથ મુકાય નહીં !

# ૨૯. અમે અંધારું શણગાર્યું

આજ અમે અંધારું શણગાર્યું,
હે જી અમે શ્યામલને સોહાવ્યું.
 ગગને રૂપાળું કર્યું તારા મઢીને એને, ધરતીએ મેલીને દીવા;
ફૂલોએ ફોરમને આલી આલીને એનું અંગે અંગ મહેકાવ્યું!
હો આજ અમે અંધારું શણગાર્યું, હે જી...
 પાણીએ, પાય એને, બાંધેલા ઘૂઘરા ખળખળ ખળખળ બોલે :
ધરણીના હૈયાના હરખે જાણે આજ અંધારાને યે નચાવ્યું!
હો આજ અમે અંધારું શણગાર્યું, હે જી...
 વીતી છે વર્ષા ને ધરતી છે તૃપ્ત આજ, આસમાન ખીલી ઊઠ્યું;
ઊડે આનંદરંગ ચોમેર અમારો, એમાં અંધારું આજે રંગાયું!
હો આજ અમે અંધારું શણગાર્યું, હે જી...
 થાયે છે રોજ રોજ પૂજા સૂરજની ને ચાંદાનાં યે વ્રત થાતાં :
આનંદઘેલાં હૈયે અમારાં આજ અંધારાને યે અપનાવ્યું !
હો આજ અમે અંધારું શણગાર્યું, હે જી...

# ૩૦. ચાંદરણાં

અહીં પડેલાં મુજ ઓશરીમાં,
નિહાળતો ચાંદરણાં રહું હું.
પ્રકાશનાં પુષ્પ ભરી લઈને
છાબે, હશે કોઈ ગઈ અહીં થી :
પડી ગયાં એ મહીંથી હશે આ
સહુ તેજપુષ્પો ?
કે અંતરે જે સુખની સ્મૃતિ છે
મારે, બધી આજ બહાર નીસરી?
ને આમ આજે મુજ ઓશરીમાં
બની જઈ ચાંદરણાં, નિહાળી
મને, રહી એ મલકી બધી શું ?
શરીરહીન સ્મિત વા પડેલાં
આ કોઈનાં? અંતરને હસાવતાં
પોતે રહી નીરવ, ને જગાડતાં
મારે ઉરે કૈં મધુરો ધ્વનિ, જે
ધીમે ધીમે ગીતસ્વરૂપ ધારતો ?
ને યાદ, ચાંદરનાં નિહાળી,
આવે મને : અંતરઓશરીમાં
કદી કદી ચાંદરણાં પડી જતાં

ઘડીક, ને ગુમ વળી થઈ જતાં :
કયા પ્રકાશનાં ?
જાણું ન હૈયું ગતિહીન કિન્તુ
બનેલ, તેને ગતિ એ દઈ જતાં;
ને એમ હૈયું ગતિમાન થૈને
પૂછે વળી,–શોધક એ બનીને :
હતો કયો એહ પ્રકાશ જેનાં
પડી ગયાં ચાંદરણાં ઘડી અહીં?

## ૩૧. આઠમ-ચાંદની

રાત્રી હતી. ઘેર જઈ રહ્યો'તો,
હાંકી ગપાટા સહુ દોસ્ત સાથ.
બની ગઈ'તી જનશૂન્ય વાટ;
કિન્તુ હજીયે ચકચૂર વાતના
નશા મહીં હું ધપતો જતો'તો.
આગે પડયો'તો પથ વીજબત્તીના
તેજે ઝ ળાં ઝ ળાં.
ને વાતને યાદ કરી કરીને,
સહુ દોસ્ત કેરી,
જરી જરી હું મલકી રહ્યો'તો,–
થંભી ગયો ત્યાં, ચમકી ગયો હું ;
એ વીજદીવા સહુ એક સાથ
ગયા બુઝાઈ !
પળેક વીતી ચમકેલ ચિત્તની;
બીજી પળે આઠમ-ચાંદનીની
છટા નિહાળું રમણીય, –મુગ્ધ,
આનંદઘેલો !
અડી રહી ભીતર ને બહાર
એ ચાંદની, ને થઈ સ્તબ્ધ જાણે

પળે પળે હું રહું છું અનુભવી
એ શાન્ત તેજ.
એ શાન્ત ને શીતલ, આત્મસ્પર્શી
પ્રકાશ, જૈને પડદા મહીં આ,
છૂપ્યો હતો, શું પુર-રોશનીના ?
એ રોશનીનો પડદો હટી ગયો,
ને સૌમ્ય ને શીતલ, રમ્ય તેજ
ખિ લા વ તું આત્મપોયણાને
જોઈ રહું, ને નિજ જાત ખોઉં.
જાણે હતો ત્યાં પુર-રોશનીથી
જન્મી રહ્યો કંઈ ગગણાટ એવો,
ભરી દિયે અંતર જે ઘડી ઘડી.
એ શાન્ત એકાન્ત સમી બનેલી
સૃિષ્ટ મહીં ત્યાં મુજ અંતરેથી
આનંદમૂર્તિ, નભની પરી શી,
ચાલી બહાર,ó
મેદાનમાં, ડુંગર-ખેતરોમાં
ને દૂર દૂરે ઝલકંત સિંધુમાં
ફરી રહી એ...
જાગી ગઈ કોઈ અપૂર્વ ચેતના
મુજ રોમરોમે;
આંખો મહીં આ મુજ, હર્ષ કેરાં
ચળકંત મોતી.
ને આસમાની મુજ અંતરે કો
પ્રગટંત જ્યોતિ :
પ્રકાશ તેનો મુ રક્ત કેરા
ભળતો વહેણે.
* * *

ત્યાં તો ઝબૂક્યા સહુ વીજદીવા :
પડી ગયો એ પડદો ફરીથી
પુર-રોશનીનો
જાગી ગયો એ ગગણાટ જૂનો.
આનંદમૂર્તિ ઉરના નિવાસે
પાછી ફરી : આઠમ-ચાંદનીની
સૃિષ્ટ સરી ગૈ.
એની ધરી અંતરમાં સ્મૃતિને
ચાલ્યો ફરી હું ઘરની દિશામાં
સ્મૃતિના નશામાં.

# ૩૨. શ્રદ્ધા

લઈ કલમકાગળો ઘણી ય રાત બેસી રહું,
અને પ્રબળ ઊર્મિના હૃદયમાં પછાડા સહું;
મળી સકલ ઊર્મિ એ, મધુર ગાન કો ગુંજશે :
—અપેક્ષિત ઉરે નિશા તિમિરને વિતાવી દઉં.
    પણે ગગનઅંતરે પ્રબળ ઊર્મિ શા તારલા
પડી ઊછળતા : હશે રજનિ ઉર મારી વ્યથા ?
નહીં, નહિ; તહીં મળી સકલ ઊર્મિ, આ ઊઠતું
પ્રકાશગીત પૂર્વમાં રવિ તણું ધરા ગુંજતું.
    સહીશ, રહી મૌન, હું સકલ ઊર્મિ આઘાતને;
નિશા સમ મળી જશે કદીક ગીત : શ્રદ્ધા મને.

# ૩૩. વિભાવરી

વિભાવરી, તારક સર્વ ગૂંથી
અંધારરંગી નિજ ચૂંદડીમાં,
સેંથો રચીને નભ-ગંગ કેરો,
ધરી શશીપુષ્પ પ્રફુલ્લ, વેણીમાં—
જતી હતી કો અભિ સારિકા સમી
આલિંગવાને પ્રિય પ્રાણને કો;
ને મત્ત ચાલે પદનૂપુરેથિ
ખરી જતાં ઝાકળ-મોતીડાંઓ.
    મૃદુ મૃદુ અંગુલિ ફેરવીને
શાંતિ તણું બીન બજાવતી જતી;
પહાડ,ને નિર્ઝર, જંગલોમાં
એ મુગ્ધતા સૂર તણી છવાતી.
    પ્રકાશ-નેનો પ્રિય પ્રાણ કેરાં
ધીમે ધીમે પૂર્વ મહીં ખૂલે છે;
ત્યજી દઈને નિજ બીન, રાત્રિ
વ્યાકુળ હર્ષે દિશ એ ધસે છે.
    લંબાવતો જ્યાં પ્રિય, રશ્મિહસ્ત,
રાત્રિ ધરે જીવન ત્યાં સમસ્ત !

# ૩૪. જૂઈ

સાગરની ચાદર ઓઢીને સૂરજ જ્યારે પોઢી જાય,
ભટૈરિયાં શા તારલિયા લઈ ચંદા આભે રમવા જાય,
ખીલે છે જૂઈ ત્યારે:
તેને ગમતું અંધારે.
    માનવ આ દુનિયાને છોડી સ્વપ્નોને સંસારે જાય,
સમીર કેરી હેરે જ્યારે ફૂલો ધીમાં ઝોલાં ખાય,
જૂઈ જતી રમવા ત્યારે:
તેને ગમતું અંધારે.
    પવન તણી સંગાથે રમતી કોઈ વેળ સંતાકૂકડી;
સંતાતી એ, ને આવીને વાયુ લે પળમાં પકડી.
ઘડીક તેની સાથે જાય,
મળતાં લાગ ફરી સંતાય.
    તારા જો આભે હસતા તો ધરણી પર જૂઈ મલકાય:
શાને હસતાં? એવી તે શી બન્ને વચ્ચે વાતો થાય?
પ્રભાત સાથે શું નવ વ્હાલ?
ઘેર જતી રે' કાં, –શરમાળ?

# ૩૫. મુક્ત નિર્ઝર

પહાડનાં પથ્થરબંધનોમાં,
અંધારનાં ભીષણ કૈં પડોમાં,
વિલાપનું એકલ ગાન ગાતું,
ને આંસુડાંએ મુજ ઉર વ્હેતું.
　　આમંત્રતો એક દિને સુણ્યો મેં
સિંધુ તણો સાદ સ્વતંત્રતાનો,
પહાડના વજ્જરબંધ તોડી
વિશાળ ઉર્વીઉર આવવાનો.
　　કૂદી રહ્યો અંતર પ્રાણ મારો,
પહાડના વજ્જરબંધ તોડવા;
ને ઊર્મિઓ અંતર ઊછળી રહે,
ધરા તણે ઉર વિશાળ દોડવા.
　　કરાડનાં બંધન સર્વ તોડ્યાં,
પૃથ્વી-ઉરે જીવનનીર દોડ્યાં;
નાચી રહું સર્વ નિસર્ગ ભેટી,
સિંધુ મહી મુક્ત હું જાઉં લેટી.

# ૩૬. અવધૂત

અસીમ અવકાશ માંહી નીરખું મહાકાળને,
વિરાટ અવધૂતને, પરમ એ અનાસક્તને;
અનંત મહીં ઊડતો ઉપરણો રહે વાયુનો,
અને કદીક મેઘ-શંખ ધરી હાથ એ ફૂંકતો.
    નિશાસમય નાચતો નીરખું તારલાસંગમાં,
પ્રચંડ કદી પૂરમાં, કદીક ચંડ વંટોળમાં;
નિહાળું ભરતી તણા તરલ ડુંગરે કૂદતો,
ભભૂકી ઊઠતા દવે વન તણા થતો તું છતો.
    ભયાનક વગાડતો કદીક વાદ્ય-જ્વાલામુખી;
સુણી અવનિ ગુંબજે ઘડીક નાદ એ, ડોલતો;
અસંખ્ય જલધાર-તાર તણું વાદ્ય-વર્ષા લઈ,
વગાડી, નચવે સરોવર, નદી અને નિર્ઝરો.
    ઉમંગભર કોઈ પાગલ ઊઠી મને નાચતો,
વિરાટ અવધૂતને નીરખીને અનાસક્ત આ.

# ૩૭. પ્રેમ

‘ચાહ્યા કરું, ના બદલો ચહું કંઈ,’
—એવી રચીને કમનીય જાળ
ભ્રમો તણી, ના સપડાઈ રાચવું;
મિથ્યા ન એવું દિલ પાસ બોલવું.
    આકાશ ચીંધી રવિને બતાવો :
વસન્ત ને મેઘ વતી ય દાવો
તમે કરો છો : ‘સહુ જે ઉરો યે
ચાહ્યા કરે, ના બદલો ચહે કંઈ.
‘કરે રવિ વિશ્વ પ્રકાશવન્તું
ને મેઘ શાંતિ જગ તપ્તને દે;
વસન્ત આવી, વન શુષ્ક જે થયાં,
ફૂલો તણા વૌભવથિ ભરે છે :
ના આશ કોઈ બદલા તણી કરે.’
    પરંતુ એ તો જડ કેરી વાતો,
—જેને ન હૈયું, નવ હાસ્ય અશ્રુ;
ના કામના કૈં, પ્રગતિ, ન થંભવું;
સ્વેચ્છા સમું કાંઈ મળ્યું ન જેમને.
    અને, કહો, ચેતનવંત સૌ એ,
તો કેમ જાણ્યું નવ મેઘહૈયે

આશા હતી આ બદલા તણી, જે
પૃથ્વીઉરે અંકુર રૂપ ફૂટે ?
    ને સૂર્યના અંતરમાં ભરી ના,
જવાબની આશ જરી ય, પદ્મના ?
વસંત સૌ વૈભવ વેરતો વને,
–જવાબમાં ભીષણ શૂન્ય પામવા?
    મિથ્યા કથા એ. નવ પ્રેમ બોલતો :
'ચાહ્યા કરું, ના બદલો ચહું કંઈ.'
એ તો બધી આતમ-વંચના છે;
મીઠાં બધાં વેણ પ્રપંચનાં એ.
    પ્રવાસ આ પ્રેમ તણો જગે ના
કૈં શૂન્યને, વા જડતા જ પામવા;
સૂતેલ કિન્તુ પરના ઉરે જે,
તે પ્રેમને એ મથતો જગાડવા,
    ને પ્રેમથી એ લવલેશ ઓછું
મળ્યે મહાયાચક ના સ્વીકારતો;
ના કીર્તિ કે વૈભવ વા ન રૂપથી
સંતોષ એના ઉર માંહી થાતો.
    કદીક આંસુ, બલિદાન-ગીત,
કદીક વા મૌન તણી ય રીત
ગ્રહી, જતો એ જગને પ્રવાસે,
જગાડવાની, પરપ્રેમ, આશે.
    થતો કદી વજ્જર શો કઠિન;
મૃદુ થતો પુષ્પ થકી વિશેષ;
ને સાધનામાં પર-પ્રેમ કેરી,
સમપી દેતો નિજને અશેષ.
    અને જીવન એકથી, મરણના થઈ દ્વારમાં,
નવીન જીવને જતો ૦ પણ હમેશ સંગાથમાં

લઈ અમર આશ, ઠએ અવર પ્રેમને પામવા;
અને નિજ ઉરે ભર્યો સકલ પ્રેમ આપી જવા,
અખૂટ ધીરજે, નહીં સમયસીમને માનતો
પ્રવાસ કરતો, નહીં અટકતો જરી, જ્યાં સુધી
સૂતેલ પરના ઉરે વિવિધ રાગરાગિણીથી
જગાડી લઈ પ્રેમને, મિલન માણતો એ,—અને
અનંત, ઉર વ્યાપતા, પરમ નંદને પામતો !

# ૩૮. જીવનસંધ્યા

નફા ને તોટાના પથ ઉપરથી તું ખસી જઈ
ઘડી સોંપી દેને જીવનરથને પ્રેમકરમાં;
ભલેને લૈ જાતો ઉડુગણ વિશે એ ગગનમાં,
નહીં ખેડાયેલા પથ ઉપર એ જાય અથવા.
    પુરાણા ખ્યાલો છો તુજ સકલ ત્યાં જૂઠ બનતા;
નફા ને તોટાનાં પણ નવલ ત્યાં મૂલ્ય મળશે
તને, તારા ને આ જગ સકલ કેરા જીવનનાં;
અને જોવાની આ જગત, તુજ દ્રષ્ટિ પલટશે.
    અને યાત્રા અન્તે જીવન તણી, અંધાર ઊતરે,
શ્રમે કીધું ભેળું સકલ ઉપરે એ ફરી વળે,
સમે તે, સોંપીને જીવનરથને પ્રેમકરમાં,
હશે જોયાં દશ્યો, સકલ ઊગશે એ તિમિરમાં,–
    ઊગે જેવા તારા દિવસ નમતાં ત્યાં ગગનમાં,
–અને સોહાગી એ જીવન તણી સંધ્યા થઈ જશે !

# ૩૯. અંધ

નેન તણાં મુજ તેજ બુઝાણાં, જોઉં ના તારી કાય :
ધીમા ધીમા સૂર થતા જે પડતાં તારા પાય,
સુણીને સૂર એ તારા,
માંડું છું પાય હું મારા.
ઝૂલતો તારે કંઠે તાજાં ફૂલડાં કેરો હાર;
સૌરભ કેરો આવતો તેનો, ઉર સુધી મુજ તાર :
ઝાલીને તાર એ તારો,
માંડું છું પાય હું મારો.
વાયુ કેરી લહરીમાં તુજ વસ્ત્ર તણો ફફડાટ;
સાંભળીને એ ખોજતો મારા જીવન કેરી વાટ :
ધ્રૈજતાં ડગલાં માંડું,
ધીમે ધીમે વાટ હું કાપું.
પાય તણો એ સૂર સુણું, ને આવે ફૂલસુવાસ,
વસ્ત્ર તણો ફફડાટ સુણું હું,–એટલો રે'જે પાસ :
ભાળું ના કાયા તારી,
નેનોની જોત બુઝાણી.

# ૪૦. જલધિમોજ શો

તૂટો, નવ તૂટો, પહાડ; કણ વા ખરો, ના ખરો :
નહીં જલધિમોજ એ કદીય ચિત્ત ચિંતા ધરે.
પ્રફૂલ્લ મુખ,–ઉરગીત સહુ અંગથી નાચતાં,–
વહી સતત કાંઠડે ભીષણ પર્વતે આથડે.
    હું યે જલધિમોજ શો, કયમ કદીય ચિંતા ધરું :
'તૂટે મનુજદુ:ખનો અડગ શે ઊભો પ્હાડ આ ?'
ઉરે હું લઈ ગીત, ને સ્મિત તણી ધરી દીવડી,
યુગોયુગ તણા પહાડ પર જૈ પડું આથડી !

# ૪૧. અતિસુખનું દુ:ખ

અંતર ભરપૂર :
દેવે દીધું મને માગ્યું જે જીવને,
તોય કાં આકુળ ઉર ?
રૂપરાશિ મમ અંગે અંગ;
છલકતા ઉર સુખતરંગ;
ધનવૈભવ સકલ સંગ
શાના આ કરુણ સૂર ? અંતર.
અંતર ભરપૂર !
નવીન કાજે કદી નહીં હવે ઉર થશે આતુર ?
    નહીં કામના કદી ય જાગે ?
નહીં અંતર કશું ય માગે ?
વર દઈ, મમ ઉર ભરી,
મને ધરણીથી કરી દૂર ! અંતર.

# ૪૨. ગામની વિદાય

હે જી મારા નાનપણાના ગામ ! મારા બાળપણાના ધામ !
તને કરું રે પરણામ, તને કરું રે પરણામ.
તારી આ માટી, તારું પાણી, હે ગામ મારા !
તારી આ ઝાડવાંની છાયા;
એની લાગી છે મને માયા :
છોડવાં નો'તાં એને છોડવાં આજે :
જાણે હૈયાનાં ખેંચાયે છે ચામ. મારા.
ના રે કળાયા કદી, નેહના વેલા એવા
ભોંયે આ તારી પથરાયા :
જાવા ઉપાડું મારા પાયને, ત્યાં તો એમાં,
ડગલે ને પગલે એ અટવાયા :
ક્યારે બાંધી લીધો'તો મને આમ ? મારા.
તારા ડુંગર ને તારા વોંકળા, હે ગામ મારા !
તારાં આંસુ ને તારાં હાસ :
હૈયાને મારા એણે બાંધી લીધી છે જાણે
કોઈ અદીઠ એવી રાશ :
ખેંચી ઊભાં છે આજ એ તમામ ! મારા.

# ૪૩. એકલું

નભમાં ઊગે છે નવલખ તારલા, અગણિત સિંધુ તરંગ;
ડાળે ડાળે વનમાં ફૂલડાં, માળે ગાયે વિહંગ;
શાને રે લાગે તોયે એકલું !
સ્મૃતિ રે અંતર મારે લાખ છે, આશા કેરો ન પાર,
પડે રે હૈયું જ્યારે એકલું ત્યારે સંગ દેનાર;
તોયે રે લાગે આજ એકલું !
ઊભી રે ધરણી મારી પાસમાં, ઉપર આભ અપાર;
વાયુ રે નિત્યે વીંટી રે' મને, આખું વિશ્વ વિરાટ;
નાના રે હૈયાને લાગે એકલું !
કોઈ રે આવી કોઈ વહી ગયું, મારે અંતરને દ્વાર;
કોઈ રે ગાઈ મૂંગું રહી ગયું, છાયો ઉરમાં સૂનકાર :
એવું રે લાગે આજે એકલું !

# ૪૪. સિન્ધુને

‘અમાવસ્યા આજે, ગગનપથ ચંદ્રા ન નીસરે;
તરંતોના શાને તુજ શરીર રોમાંચ ઊપડે ?
અને શાને આજે ખડક પર તું દીપ જગવે ?
વધા’વાને આભે કવણ પગલાં રત્ન ઝગવે ?’
    ‘અમાવસ્યા જાણું ગગનપથ ચંદ્રા ન નીસરે,
સ્મૃતિ પૂર્ણિમાના મિલન તણી કિન્તુ ઉર ચડે;
જઈ આજે તેથી ખડક પર હું દીપ જગવું;
અને રત્નો મારાં મિલનપથ માંહી સહુ જડું.
    અમાસે જીવું છું પરમ સુખથી એ સ્મરણના,
અને પૂર્ણિમાએ ભરતી સુખની છે, મિલનના.’

## ૪૫. બી

ધરાપડતમિસ્રમાં સ્વપન સેવતું બીજ કો
વિશાળ વડનું : જુએ સ્વપનમાં રવિતેજ, ને
અસંખ્ય નવ પર્ણ, ને ચરમ વાંછના શાં ફળો;
અને કિલકિલાટ એ સકલ પંખીનો સાંભળે.
છૂટે ગગનમેઘની સલિલધાર, આવે ધરા;
તૂટે તિમિર શાં પડો, સ્વપન સર્વ થાતાં ખરાં :
ઝૂલે પવનમાં ફળો, હરિત પાન ડાળે ઝૂલે;
વિશાળ વડ આજ એ વિહગગીતને સાંભળે.
પ્રગાઢ તિમિરે પડયું સ્વપન સેવતું બીજ હું
વિરાટ તણું, વાંછતું સકલ વિશ્વમાં વ્યાપવા :
ઊંચે ગગનમાં, નીચે ધરણીમાં, અને સિંધુમાં,
સહુ મનુજ અંતરે ધબકતા સહુ તાલમાં.
દયાસલિલધારથી તિમિર જો નહીં ઓગળે,
પ્રહાર કરી તોડ એ વિરલ પ્રેમના વજ્રથી;
પછી સ્વપ્ન બીજનાં વિવિધ, સત્ય રૂપે ફળે :
નભે, ધરણીમાં, જલે, મનુજ-ઉર વ્યાપી રહે.

# ૪૬. દીવાદાંડી

જાતાં જાતાં સફર મહીં આ સિંધુના માર્ગ માંહી
છૂપા ઊભા ખડક તહીં, જે કાળ શા, નાવ કેરા.
તૂટયાં જહાજો, ઝઝૂમી મરિયા જે ખલાસી બધા ત્યાં,
દીવાદાંડીસ્વરૂપ ઝબકે પ્રાણ એ સર્વનો આ.

દૂરેથી કો જલધિજલના માર્ગમાં નાવ આવે;
સંદેશાઓ ઝબકી ઝબકી વ્હાણને, એ , કહાવે :
‘ના, ના, ના, ના, અહીં નહિ, અહીં કાળ ઊભો લપાઈ;
તારું આંહીં જીવન સઘળું, –પ્રાણ,–જોશે હરાઈ.’

સંદેશાઓ ઝબકી ઝબકી આવતા પ્રાણ કેરા;
પામી એ સૌ, દિશ બદલતા નાવ કેરી, ખલાસી :
જાતાં મારું, જીવન-જલધિ-માર્ગ, જો નાવ તૂટે,
દીવાદાંડી બની રહી તહીં ચેતવું સૌ પ્રવાસી.

# ૪૭. હૈયું

હૈયાની જાણો છો જાત ? કે'વી હોયે કઈયે વાત,
તોયે કે'વી ને ના કે'વી, બન્ને કરવાં એકી સાથ!
    વજ્જર જેવા એને થાવું, ફૂલ સમા યે બનવું સાથ :
ક્યાં વજ્જર ? ક્યાં ફૂલડું ? તેને બન્નેનો કરવો મેળાપ.
    બિન્દુનું ગાવું છે ગાન, સિન્ધુની યે લેવી તાન :
દોસ્તી સૌ સંગાથે કરવી, નાનાં વા એ હોય મહાન.
    દુભાઈને ગાવું પરદુ:ખે ઘવાઈને પોતે ગાવું;
દેવું છે પોતાનું સઘળું,–ને સાથે માગણ થાવું !
    સૌની સાથે એક થવું છે, ચિસ્સાથી ના કોઈ તણા;
વિરોધમાં દાખવવી સંધિ : એવા એના કોડ ઘણા !

# ૪૮. એવું હૈયું

હે જી એવું હૈયું
હોય તો ય શું ને ન હોય તો ય શું,
–એવું હૈયું !
કદી યે નહીં જેણે કોઈનેય ચાહિયું ને,
કદી યે ન કોઈથી ચહાયું;
હરખે ન છલક્યું જે નીરખીને સુંદરને,
કદી યે સુરૂપ જે ન બનિયું, હે જી એવું.
માપેલ શોક જેનો, તોળેલો આનંદ છે ને
કદી યે અન્યાયે ન તપિયું, હે જી એવું.
રૂપ, રંગ, સૂર કેરો ભરિયો છે રસ કેવો
ધરતી ઉપર, આભ માંહી !
એકે ય પ્યાલું જેણે કદી યે ન પીધું ને
કદી યે નહીં પિવરાવ્યું, હે જી એવું.

# ૪૯. હૈયાની પકડ

એક નાનકી મારી વાત, સાંભળજિ, બન્ને ઓ હાથ !
હૈયાને જે ગમિયું તેને નહીં ભરતા જઈને બાથ.
ભોળા, જે ગમિયું હૈયાને, તેને તે લાવી દેવાને
હરખે ધાઓ છો, લાવો છો, ચાંપો છો છાતી સંગાથ :
અજાણ પણ છો, કેટકેટલું ગુમાવતા ભરતાં એ બાથ !
એવી અજબ પકડ છે ઉરની, છૂટવાની બારી કો રે' નહીં;
પકડ તમારી પાંખડીઓની, ને એની છે ખુશબોની.
પાંખડીઓ કરમાઈ જાયે, મળી જાય માટીની સાથ :
ઝાલેલી ખુશબો હૈયાએ, રહી જતી એની સંગાથ.

# ૫૦. સૂર્યોદય

અપાર જલ સિંધુનાં નિકટમાં હતાં વિસ્તર્યાં,
અને તિમિર રાતનાં ગગનથી હતાં ઓસર્યાં;
પ્રતીક શુચિતા તણાં,– અહીં તહીં ઝગે તારલા;
સૂતેલ ટૈંટિયું વળી, ક્ષિતિજ ઉપરે વાદળાં.
    થયું મિલન સિંધુનું, સ્મરણભાત તેની પડી
રહી સકલ રેતીએ : નવ જરી ય ભૂંસાય તે,
–વિચારી મન તે, વહે પવન મંદ વેગે અતિ;
ઊભાં ઉભય તેજ ને તિમિર આ સમે એક થૈ.
    તહીં ક્ષિતિજ ઉપરે અજબ ચેતના જાગતી,
અને વિવિધ રંગને પળપળે નભે છાંટતી;
સુવર્ણ તણી લીટીઓ સકલ વ્યોમમાં આંકતી,
જણાય નભ-સાગરે ભરતી તેજની આવતી.
    ઊગે, પ્રભવસ્થાન એ સકલ ચેતનાનો, રવિ :
અપાર જલની સહુ હસી રહે તરંગાવલિ !

# ૫૧. મળ્યાં અને જુદાં પડયાં

મળ્યાં અને જુદાં પડયાં.
હવે ફરી કદીય તું મળીશ કે નહીં મળે,
ન જાણતો જરીય એ, પરંતુ ભાન છે હયે.
 પ્રવાહ માંહી લાકડાં તણાઈને મળી જતાં,
અને છૂટાં પડી જતાં :
મળ્યાં અને છૂટાં પડયાં નથી જ એમ આપણે.
 અનેક આશથી ભરેલ અંતરે મળ્યાં, અને
અનેક આશને વળી, મળી, ઉછેરતાં મને;
ભવિષ્યમાં બધાં સુખો, સ્મૃતિસ્વરૂપ સૌ દુખો,
હસી હસી નિહાળતાં અને દિનો વિતાવતાં.
 જેમ જિંદગાની બે મળે : મળેલ આપણે ય
તેમ ભાવના અને અનેક કામના થકી
ભર્યાં ભર્યાં ઉરે, અને પછી વળી જુદાં પડયાં.
 પ્રવાહ બે મળે અને, મળી, ભળી, વહી રહે,
પ્રવાહ એકથી કદી વહેણ બે થઈ વહે;
તેમ આપને મળ્યાં, ભળ્યાં, અને વહી રહ્યાં,
–પ્રવાહ એકનાં પછી વહેણ બે સમાં થયાં.

# ૫૨. વાંછા

શબ્દની હોડલી કોઈ જ્યારે નથી
લઈ જવા ભાવનો ભાર મારો,
સ્મિત તણાં રશ્મિઓ દાખવી ના શકે
ઉર તણો ભાગ જે એક ન્યારો,
—દેહ નાને લઈ ભાવના ભારને
અંતરે ઊઠતું એક આંસુ;
નેનના નીરના એક એ કિરણમાં
ઊજળું હૃદય આખું ય થાતું.
સર્વ અર્પણ તણો ભાવ એ નેનના
નીર માંહી વહે ભક્તિ કેરો.
પ્રેમીનો પ્રેમ, કારુણ્ય સંતો તણું,
લઈ જતો અશ્રુનો એક રેલો.
મૂક થાઉં, સહુ શબ્દ જાઉં ભૂલી,
સ્મિત તણાં તેજ કો દી બુઝાયે;
કિન્તુ જે અશ્રુમાં હૃદય મારું વહી
ચરણ તારે જતું : ના સુકાયે.

# ૫૩. આવેશ

ઊંચે ઊંચે તારકના પલકાર,
નીચે મારા હૈયાના થડકાર;
તેની વચ્ચે મુંગો મૂંગો વહે છે અંધાર.
ધીમા ધીમા વાજો આજ સમીર,
સાગર-વીરા ! લેજે આઘાં નીર :
મારો રે આવે છે વા'લમ, હૈયા કેરો હીર.
નીંદર બે'ની, ઘેરીશ ના એ નેન,
નહીં દેશો, ફૂલો, સુરભિ ઘેનઃ
મારા રે વા'લમને આવવા દેજો રે'તાં રેન.
મારા હૈયે કરિયા લાંબા હાથ,
આવીને એ પૂરી કરશે બાથ;
તેની વચ્ચે મૂંગો મૂંગો વ્હેશે પ્રેમ અતાગ.

# ૫૪. અબોલા

તું બોલે તો બોલું એવી મનમાં વાળી ગાંઠ,
બંધ હોઠ કર્યા મેં જ્યારે,–આંખે માંડી વાત !
આંખોને યે વારું ત્યારે,–જોવું ના તુજ દિશ,
એમ કર્યુ તો,–સ્મરણો તારાં મનમાં કરતાં ભીંસ.
તેને વારું, ને તુજ દિશનું ખાળું અંતરવ્હેણ,
–નીર ફર્યાં એ પાછાં તેથી ઊભરાતાં મુજ નેન.
અંતર મારે ભય જાગે : શું બંધો જાશે તૂટી ?
શબ્દો, આંખો, અંતર, દેશે નિજનું તુજને, લૂંટી ?
–સઘળું નિજનું તુજને, લૂંટી ?

# ૫૫. એક ફૂલ ખીલ્યું છે!

મારા વા'લમની વાડીએ રે એક ફૂલ ખીલ્યું છે !
એની ક્યાં યે કળાયે ના ડાળ રે,
એનું ક્યાં રે હશે મૂળ ? એક ફૂલ ખીલ્યું છે !
વિના તે ડાળ, વિના મૂળિયે રે,
જેવા ખીલે છે સૂરજ ને સોમ રે,
એમ રે ખીલે મારા વા'લમનું ફૂલ :
એ તો ફરકે, ને હરખે મારા રોમરોમ રે;
એક ફૂલ ખીલ્યું છે ! મારા.
ખીલ્યું છે ફૂલ પેલી વા'લમની વાડીએ ને
આવે છે મહેક મારા મનમાં રે;
આ રે ધરાએ મારા મેલ્યા છે પાય
તો યે જાણે ઊડું છું ગગનમાં રે,
એક ફૂલ ખીલ્યું છે ! મારા.
એના તે રંગ આવે, આવે છે ઊડતા ને
છંટાઈ જાય મારું અંગ રે;
શાણાં તે શમણાં મારી જાણે છે વાત,
એ તો ચાલી જાયે છે એને સંગ રે.
એક ફૂલ ખીલ્યું છે ! મારા.

# ૫૬. કોકિલ બોલે છે

બોલે છે, બોલે છે રે, વનમાં કોકિલ બોલે છે;
ના, નહિ ના, નહિ વનમાં : મોર મનમાં બોલે એ, કોકિલ.
ગુલમહોરની જોઈ પેલી લાલ રંગની જ્યોતિ,
ઝૂમખે ઝૂલે આંબે જોઈ મંજરીઓનાં મોતી,
એનું દિલડું ડોલે રે, કોકિલ.
ટહુકે એના, ધગી ધરાયે લાગે જાણે હસતી,
ઘેરાયે છે એ સૂરેથી એવી કોઈક મસ્તી :
જગ ભીંજે છોળે રે, કોકિલ.
સરવર કેરા જળમાં પેલાં કમળ રહે છે ખીલી;
અગન મહીં આ તુજ ટહુકાનાં પદમ રહે છે ઝૂલી;
એ તો કોઈક નીરખે રે, કોકિલ.

## ૫૭. વાતો

હજુ ધીમે ધીમે, પ્રિય સખી! તહીં ઝાડ ઉપરે
સૂતેલા પંખીને કથની જરી જો કાન પડશે,
પ્રભાતે ઊઠી એ સકલ નિજને ગાન ધરશે :
કથા તારી મારી સકલ દિશ માંહી વહી જશે.
હજુ ધીમે ! ઊભું મુકુલ તહીં જો પર્ણ-પડદે
છુપાઈને; તેને શ્રવણ કદી જો વાત પડશે,
સુવાસે તો કે'શે સકલ કથની એ અનિલને;
અને આ તીરેથી અવર તટ વાયુ લઈ જશે.
અને કૈં તારા, જો, નભથી છૂટતા વાત સુણવા,
મૃદુ પાયે આવે શબનમ કરી કાન સરવા;
ઊભું છે આજે, જો, જગ સકલ એકાગ્ર થઈને,
ઝરે તારે શદે પ્રણયરસ તે સર્વ ઝીલવા.
પછી તો ના વાતો : પ્રિયઅધર જે કંપ ઊઠતો,
ધ્વનિ તેનો આવી મુજ હૃદયમાંહી શમી જતો.

# ૫૮. ચિરતૃષા

સકલ વાદળીઓ નિજ નીરને,
નિત પપિાસુ વહે રણ ઉપરે;
ગહન અંતર વારિ જઈ શેમ,
હૃદય તપ્ત વળી ફરી એ ધરે.
    સરી જતી નભ કોઈક વાદળી,
ઝમી જતી જલ ખેતર ઉપરે;
પ્રણયના પ્રતિઉત્તર, ત્યાં ફૂટે,
મૃદુલ અંકુર, ખેતરના હયે.
    પ્રિય ! વહે તુજ અંતરવાદળી,
મુજ ઉરે, પણ, અંકુર ના ફૂટે;
નથી નથી મુજ ખેતર શું ઉર :
ચિર તૃષા નવ અંતરની છૂટે.
    રણ સમો હુંય છું નિત તપ્ત, ને
ઉરઊંડાણ શમે તુજ નીર એ;
ફરી ફરી મુજ અંતરશુષ્કતા,
તુજ વહે જલ,–એ જ ચહી રહે.

# ૫૯. રોજિંદાં કામ કેરું આ

રોજિંદા કામ કેરું આ રચાયું મુજ પાંજરું;
આંખ, માથું, કરી નીચાં મારે ત્યાં નિત્ય બેસવું.
એની એ વાતને મારે ઘૂંટવાની ફરી ફરી;
ટીપું યે રસનું ના કે રંગની ઝાંય ના કશી.
    કોઈ વાર કરી આંખો ઊંચી, ને બા'ર જોઉં છું :
ધરાની હરિયાળી ને આભને જોઈ મોહું છું.
    ખ્યાલને પાંજરા કેરા, જાઉં છું વીસરી ઘડી
એકાદી,–ને વળી પાછા રે' એના સળિયા નડી !
    સુણું છું, સળિયા સાથે આવિ કોઈક આથડ્યું :
જોઉં ઊંચું,–અને જોઉં વર્ષાનું ગીતપંખીડું !
    આવવા પાસ મારી એ પછાડી પાંખ ત્યાં રહ્યું :
રંગ છે વાદળી જેવો, આંખ બે નીરબિન્દુ શી,
ઇંદ્રચાપ તણા રંગો પીંછાં માંહી રહ્યા તરી;
વીજ જાણે, બની નાની, પંખીની કલગી થઈ !
ઘેરું ઘેરું મજાનું એ ગીતડું ગુંજતું કંઈ.
    જોઈ ઊંચું, હસ્યો હું ને હાસ્ય મારું નિહાળીને
પંખીડું પાંખને પ્હોળી, આવવા પાસ, ત્યાં કરે.
જોઉં એ ને હસું ફિક્કું દિનના ચંદ્રના સમું :

સમજે ભોળિયું કેમ હાસ્ય કેરી ફીકાશને !
ખુશ એ તો વધારે થૈ ગુંજતું નિજ ગાનને.
ઊડી જાવા કહું કેમ ? આંખ મારી ધકેલતો :
રોજિંદા કામની માંહી આંખને મુજ ઢાળતો.
કામમાં નયનો કિન્તુ પંખીનાં ચમકી રહે,
અને તેની વળી છાયા કામમાં ભમતી રહે.
કામમાંથી જરા ઊંચી આંખો જોવા વિહંગને
કરું, કિન્તુ નહીં ત્યાં એ ! બેઉ ભોંઠી પડી અરે !
ટેવ ભૂલો હવે, આખો ! આભમાં ઘૂમવા તણી;
દોડવાની ય ભૂલો એ, ધરાએ હરણાં સમી.
ટેવ પાડો હવે આંહીં પાંજરે બેસવા તણી :
ફરી પાછું થતું માથું નીચું ને આંખ રે' ઢળી !

# ૬૦. આવ, મેહુલિયા !

આવ, મેહુલિયા ! આવ.
તને બોલાવે તળાવ, પેલાં કૂવા ને વાવ રે , આવ.
મૂંગાં બોલાવે ઢોરાં;
ઓલાં ખેતર કોરાં કોરાં :
એની માટીને ફરી મહેકાવે, રે મેહુલિયા, આવ.
ઓલી નદીયુંનાં નીર,
–એનાં ફાટયાં જાણે ચીર !
એને નવલાં તે હેરિયાં અપાવ, રે મેહુલિયા, આવ.
કેવી ધરતીની કાય !
એ તો જોઈ કેમ જાય ?
એને હવે નહીં ટટળાવ, રે મેહુલિયા, આવ.
સારી ધરતીની માગ :
આજે લાગી છે આગ :
એને આવી હવે તું ઓલાવ, રે મેહુલિયા, આવ.

# ૬૧. વર્ષા

વર્ષાની ધારના કોણે આકાશથી
અવનિને ઉર આ તાર સાંધિયા ?
અંગુલિ વીજની કોણે આ ફેરવી,
શુષ્કતા વિદારતાં ગીત છેડિયાં ? વર્ષા.
ગીત એ થનથન નાચે છે મોરલા,
ટહુકારે વન વન વ્યાપી રહ્યાં;
રૂમઝૂમ રૂમઝૂમ ઝરણાંઓ નાચતાં,
પર્વતના બંધ સૌ તૂટી ગયા. વર્ષા.
ચારે તે આરે ભેટે સરોવર,
નદીઓને હાથ ના હૈયાં રહ્યાં;
ગીતે એ વનવન સમૃિદ્ધ સાંપડી,
શુષ્કતા ભુજંગપાશ તૂટી ગયા. વર્ષા.
ગીત એ આભમાં નાચે છે વાદળી,
પોઢયા અંકુર સૌ ઊભા થયા;
પૃથ્વીના પ્રાણનાં થંભેલાં વ્હેણ સૌ
તાલે એ ગીતના વ્હેતાં થયાં. વર્ષા.

# ૬૨. આયો મેહુલિયો !

આયો, મેહુલિયો આયો !
હે જી ધરતીનો ભઈ લો આયો :
મેહુલિયો આયો, મેહુલિયો આયો !
શી શી વીરપસલી લાયો ?
મેહુલિયો આયો, મેહુલિયો આયો !
લીલૂડી સાડી લાયો;
ઝરણાંનાં ઝાંઝર લાયો;
એ તો આલી આલીને મલકાયો :
મેહુલિયો આયો, મેહુલિયો આયો !
બે'ની સાથ કરે વાત,
ટમટમટમ, ઘણી રાત:
એના હૈયે ઉમંગ એનો ગાયો,
મેહુલિયો આયો, મેહુલિયો આયો !

# ૬૩. શાને ?

અનેક જલધારાના તારે મેઘ તણું ગાજે છે ગાન :
સૂર વિના કાં અંતર રે'તું ? સૂતો રે'તો શાને પ્રાણ ?
    સાત સાત રંગોની આજે નભથી ધરણી થાય કમાન,
તો યે શાને રંગ વિનાનો રે'તો મારો આજે પ્રાણ ?
    હેલે આજે સરવર ચડતાં; નદી, ઝરણ, થાયે ગતિમાન;
તો યે શાને સ્થિર થઈને બેસી રે'તો આજે પ્રાણ ?
    પર્વત હૈયાં દ્રવતાં આજે, ઠામ ઠામ જીવનની તાન;
કોણ શુષ્કતા આવી આજે આમ કરી દેતી વેરાન ?

# ૬૪. થાયે છે થેઈ થેઈકાર

થાયે છે થેઈ થેઈકાર,
ધરા ને ગગનમાં થાયે છે થેઈ થેઈકાર !
બોલે છે મોરલા મલ્હાર,
કે આઘેરી સીમમાં થાયે છે થેઈ થેઈકાર !
વાદળના પડદાની આગળ આ વીજળી નાચે, ને થાયે ચમકાર;
આવે અવાજ ઓલાં ઝરણાંની ઝાંઝનો ને ઝાડવાં વગાડે કરતાલ !
ધરા ને ગગનમાં થાયે છે થેઈ થેઈકાર !
કેવું અજબ છે આ વર્ષાનું જંતર ! એને બાંધ્યા છે લખલખ તાર;
એ રે અનેકમાંથી એક જ ઊઠે છે આ હૈયાં હલાવતો ઝંકાર !
ધરા ને ગગનમાં થાયે છે થેઈ થેઈકાર !
વાગે છે પાવા પવન કેરા ધીરા ધીરા, વાદળનો ઘેરો ઘમકાર;
શ્યામલના સૂર કેરી, ધરતીને આવરીને ચાલી રહી છે વણજાર !
ધરા ને ગગનમાં થાયે છે થેઈ થેઈકાર !

# ૬૫. વરસે અનરાધાર

વરસે અનરાધાર,
રે મેહુલિયો વરસે અનરાધાર.
આભ-ધરા એકાકાર,
રે મેહુલિયો વરસે અનરાધાર.
માઝમ તે રાતનાં અંધારાં ઘેરાયાં ને સૂનો પડયો છે સંસાર;
એકલ અવધૂત ઓલ્યો ઊભો મેહુલિયો બજવે છે લખલખતાર.
રે મેહુલિયો વરસે અનરાધાર.
એનો અહાલેક ગાજે ગગનમાં ને પૃથ્વીએ પહોંચે પોકાર;
ડુંગરનાં વાસી પાણી, વાણી એ સાંભળીને, છોડી દેતાં ઘરબાર.
રે મેહુલિયો વરસે અનરાધાર.
તાપના શાપથી જે બનિયાં બેહોશ, જેના ધીમા પડયા છે ધબકાર,
એવાંને કારણે તે થાયે આખાશથી આ ગંગાજીનો અવતાર.
રે મેહુલિયો વરસે અનરાધાર.

# ૬૬. કામિની

સંધ્યાએ થોડી વાદળીઓ અષાઢ કેરી વરસી'તી;
ભીની ખેતરની માટીની આછી સુરભિ પ્રસરી'તી;
ખુલ્લી મારી બારી પાસ
સૂતો'તો જોતો આકાશ.
નહીં સમાવી શકતી નિજમાં એવી ખુશબો ઉગ્ર લઈ,
પ્રવેશતી ને ઘૂમી વળતી મમ ઘરમાં વાયુલહરી;
આ તે શો આવો પમરાટ,
–અષાઢની અંધારી રાત ?
મધમધતે અંગે આ પંથે ગઈ કોઈ નવપરિણીતા ?
વા પ્રેમીને મળવા કાજે કોઈ ગઈ યૌવનમત્તા ?
જોતો હું બારીની બાર'ર,
દેખું પણ કેવળ અંધાર.
ફરી વળી સૌરભ છલકાતી લઈ આવી વાયુલહરી;
ફરી જઈને બારી પાસે નીચે જ્યાં મેં નજર કરી,
પણીની પાછળ તે વાર,
દીઠી કામિનીની હાર.
અધીર એ આપી દેવાને અંતરની સુરભિ સઘળી,
તેથી તો આ વાયુ કેરી છલકી જાતી સૌ લહરી.

ધરણીનું ધરણીને દઈ,
ધરણી પર એ જાય ઢળી.

# ૬૭. શ્રાવણ

નીંદ ઊડી ક્યાં ? આંખ ખૂલી કાં ? સાંભળી કોની વાત ?
બારી ઉઘાડી, બારણે જોતાં શ્રાવણ-મેઘલી રાત ! નીંદ.
અભ્રઘટાના કોઈ એકાન્તે છૂપિયા તારક લાખ,
ગોપનવાતે કોઈ ઉરોને ભરતા આજે બાથ. નીંદ.
મંદ ઝરી ઝરી આભ કરે છે વાત વસુંધરા સાથ;
છુપાઈ કોઈને કાજ બજાવે મંદાકિની ઉર-સાજ. નીંદ.
વિદ્યુતને નિજ ઉર લઈને મેહુલે માંડી વાત;
મંદ હસે એ, ને વીજનો શો સ્મિત તણો ઝળકાટ ! નીંદ.
ગોપનવાતોની હીરદોરીએ હૈડાં સહુ બંધાય,
મુક્ત આ ત્યારે અંતરની મમ કેમ કરી સે'વાય ? નીંદ.

# ૬૮. શિવલી

સરિતનાં જલ આછરિયાં હતાં,
ગગનથી ઘન-વીજ ગયાં હતાં;
તિમિર નિર્મળ આશ્વિન માસનાં
સુભગ પૃથ્વી પરે ઊતર્યાં હતા.
    પડી રહી મૃદુ ઘાસ પરે જરા
અનુભવું રજની, નભ, ને ધરા;
પવનની લહરી લહરી મહીં
અસર અદ્‌ભુત નિર્મળતા તણી.
    તિમિરમાં, જરી દૂર, ઘડી ઘડી,
નીરખતો, શિવલી પડતી ઝરી;
વિમલતા સહુ પાંખડીએ ભરી,
શરદકાળ તણી વળી તાજગી.
    વિકસતી જ્યમ મૂક નિશા-સમે
ત્યમ અશબ્દ જતી ધરણી ઝરી;
ઉર તણો પમરાટ દઈ દઈ
સુરભિવંત કરંત વિભાવરી.
    અનુભવું ઉર, જે શુચિતા તણી
અસર, માર્દવથી, તુજ વાસથી,

અવર અંતર પાસ હું કેમ એ
લઈ જઉં મમ શબ્દ મહીં ભરી ?

## ૬૯. વાદળ વીખરાયાં

નિરભ્ર, નિર્મળ ગગન બન્યું ને એવનીજળ આછરિયાં;
ઢંકાયેલા સૂરજ–ચાંદનાં તેજ ફરી રેલાયાં. વાદળ.
    હરિયાળીમાં ધરતી કેરી, નભની નીલિમા માંહી,
તૃપ્તિ તૃપ્તિ અનુબવતા જગમાં, શરદલક્ષ્મી સોહાયાં. વાદળ.
    સૌમ્ય તેજના સુરભિત દીવડા,–સરમાં કુમદ,–પ્રગટિયાં;
ભિક્ત કેરાં ગીત સમાં આ પારિજાત પમરિયાં. વાદળ.
    મહેકે પવન, સરોવર ડહેકે, નાચત મન અનુપમ કો ઠેકે;
હરખ તણા, હૈયાના, દીવા ગોખે ગોખે પ્રગટિયા. વાદળ.
    સફળ થયો માનવનો શ્રમ ને ધાન નવાં લહેરાયાં;
આનંદે એ અમાસ કેરાં અંધારાં અજવાળ્યાં. વાદળ.

# ૭૦. ઘાસ અને હું

જ્યાં સુધી પહોંચે નજર,
ત્યાં સુધી બસ ઘાસનો વિસ્તાર છે;
ને પછી આકાશ કેરી
નીલરંગી ક્ષિતિજ કેરી ધાર છે.
    પૃથ્વીના આનંદના સ્પંદન સમાં
તરણાં હલે છે વારવાર;
ના ખબર કે શા સબંધે
સર્વ સંગે એહ, મારો પ્યાર છે.
એ હલે છે આવતાં ધીમો પવન,
થાય છે એવું જ મારા ચિત્તમાંહી યે ચલન.
    જોઉં છું વહેલી સવારે એમને,
ને ખુશીથી મહેક મહેકે છે મને.
ઝાકળેથી એ બધાંયે શોભતાં,
જોઈ આંસુ હર્ષ કેરાં આંખમાં આવી જતાં !
    થાય છે મારી નજર જાણે હરણ,
ને રહે છે ઠેકતી એ ઘાસમાં;
ના છબે છે એક પળ એના ચરણ.
સ્પર્શતો એને નહીં,

ને નજાકત તો ય એની
અનુભવું છું મન મહીં !
    ને બપોરે હેમ શા તડકા તણું
ને હરિત એવા ઘાસનું થાયે મિલનઃ
આભનું, ધરતી તણું, એ બેઉ માંહી,
લાગતું કે, મન મળ્યું;
જોઈને એ ક્યાંકથી મુજ દિલ મહીં
આનંદ કેરું મધ ગળ્યું!
    સાંજવેળા તેજ, છાયા, ઘાસ, સૌ
સાથે મળીને ખેલતાંઃ
સાદ પાડી ચિત્તને મારા ય, સંગે લઈ જતાં!
એમના એ ખેલને જોઈ રહું,
ને હર્ષપુલકિત થઈ જઉં.
પુલકને એ જોઈને લાગે મને
કે ઘાસ જુદે રંગ, મારે અંગ,
નાનું રૂપ લઈ વ્યાપી રહ્યું!
    કેવી, અહો! આ મન તણી છે સાધના,
(વા નેહની એને કહું આરાધના?)
કે જોઉં જેને બા'ર
તેને અંગમાં ને અંતરે હું અનુભવું!
    રે સ્વપ્નમાં યે ઘાસનું એ ચહુદિશે
સુખદ એવું જોઉં છું હું ફરકવું.

# ૭૧. માનવકંઠ

લોકની વાણી આજ રૂંધાણી; બંધ એ માનવ કંઠ :
તારલાને છે તેજની વાણી; ફૂલની વાણી ગંધ;
વહંતાં ગાતાં પાણી :
રૂંધાણી માનવ-વાણી.
ખાણના ખાડા ઊભરે આજે માનવને નિઃશ્વાસ;
કારખાનાંનો મેલો વાયુ મૂંઝવે તેના શ્વાસ :
શ્રમે જ્યાં નાડીઓ તૂટે,
ત્યાં તે કેમ વાણી ફૂટે ?
ભૂખના માર્યા, દુઃખના માર્યા, થાતા ગુનેગાર;
બેડીઓ નાખી, સાંકળ બાંધી, પૂરતા જેલને દ્વાર:
રાખે જ્યાં ઢોરની પેઠે,
ત્યાં તે કેમ વાણી ફૂટે ?
આંસુ કેરી ધાર મહીં ને ઊના જે નિઃશ્વાસ,
માનવ કેરા ઉર તણો ત્યાં આલેખ્યો ઇતિહાસ :
વાણી ના ઊઠતી ત્યારે
કહે કેમ બીજી પેરે ?
આંખ થકી નહીં, અંતરથિ જો ઉકેલશો ઇતિહાસ,
જાણશો ત શું ભરિયું છે ત્યાં આંસુમાં, ઊને શ્વાસ :

રૂંધાયેલ માનવ-વાણી
જોજો તેમાં આજ સમાણી.

# ૭૨. લાગે રે નવાઈ

લાગે રે નવાઈ, એની મને લાગે રે નવાઈ !
હાથી ઉપર છાલકાં, ગધ્ધા અંબાડી લઈ જાય !
    દેવ બન્યા, દ્વારપાળ હતા જે; એનાં ગીત ગવાય;
હોય ધરણા એને ધાન મળે ને ભૂખ્યા આંટા ખાય,
એની મને લાગે રે નવાઈ !
વ્યંડળ તો વરરાજા થાય, એની જાન મહીં સહુ જાય;
ઓલી કન્યા તો રહ રહ રુએ, એની હીબકે છાતી ભરાય,
એની મને લાગે રે નવાઈ !
ફૂલ કરે આજ મૂળની વાત : 'એ તો તિમિરમાં અથડાય !
ભોંયની ભીતર એ ભળે, મારી ગગન પહોંચી કાય !'
એની મને લાગે રે નવાઈ !
હાથીને મણ, કીડીને કણ; એવું, ભાઈ, મનાય :
કીડી કેરા કણને, જોઉં છું, હાથી તાણી જાય !
એની મને લાગે રે નવાઈ !
શબનાં સરઘસ નીકળે, નહિ લે જીવતાં કેરી ભાળ;
પૂતળાં કેરી પૂજા થાતી ને માનવ ઠેબાં ખાય !
એની મને લાગે રે નવાઈ !

# ૭૩. આપણે ભરોસે

આપણે ભરોસે આપણે હાલીએ,
હો ભેરુ મારા, આપણે ભરોસે આપણે હાલીએ.
એક મહેનતના હાથને ઝાલીએ,
હો ભેરુ મારા, આપણે ભરોસે આપણે હાલીએ.
ખુદનો ભરોસો જેને હોય નહીં રે તેનો
ખુદાનો ભરોસો નકામ;
છો ને એ એકતારે ગાઈ ગાઈ ને કહે,
'તારે ભરોસે, રામ !'
એ તો ખોટું રે ખોટું પિછાણીએ, હો ભેરુ.
બળને બાહુમાં ભરી, હૈયામાં હામ ધરી,
સાગર મોઝારે ઝુકાવીએ;
આપણા વહાણનાં સઢ ને સુકાનને
આપણે જ હાથે સંભાળીએ, હો ભેરુ.
કોણ રે ડુબાડે વળી કોણ રે ઉગારે,
કોણ લઈ જાય સામે પાર :
એનો કરવૈયો કો આપણી બહાર નહીં,
આપણે જ આપણે છઈએ, હો ભેરુ.

# ૭૪. અદના આદમીનું ગીત

અદના તે આદમી છઈ એ,
હો ભાઈ, અમે અદના તે આદમી છઈએ.
ઝાઝું તો મૂંગા રહીએ,
હો, ભાઈ, અમે અદના તે આદમી છઈએ.
મોટા તે આદમીની વાતું બહુ સાંભળી, રે
જુગના તે જુગ એમાં વીત્યાં;
થાયે છે આજ એવું, નાની શી વાત છે જે
હૈયે અમારે, કહી દઈ એ, હો ભાઈ.
વસ્તરના વણનારા, ખેતરના ખેડનારા,
ખાણના ખોદનારા છઈ એ;
હોડીના હાંકનારા, મારગના બાંધનારા,
ગીતોના ગાનારા થઈએ,
–હે જી અમે રંગોની રચનાય દઈએ ! હો ભાઈ.
છઈ એ રચનારા અમે છઈ એ ઘડનારા,
તે સંહારની વાતું નહીં સહીએ;
ધરતીના જાયાનાં કાયા ને હૈયાંને
મોંઘેરાં મૂલનાં કહીએ,
–હે જી એને કેમ કરીને અવગણીએ ! હો ભાઈ.
જોઈ એ ના તાજ અમને, જોઈ એ ના રાજ કોઈ;

જીવીએ ને જીવવા દઈએ;
જીવતરનો સાથી છે, સર્જન, અમારો :
નહીં મોતના હાથા થઈ એ,
–હે જી એની વાતું ને કાન નહીં દઈએ ! હો ભાઈ.

# ૭૫. પસંદગી

'સખી રાધા, નહીં શાને કૃષ્ણને તુ શોધતી ?
કાય માંહી, પધારી છે કેવી, તારી, વસંતશ્રી ?
કામનાકોકિલા યે તે હશે હૈયે ટહુકતી,
અને એ સાંભળી વાણી, હશે તું વિહ્વળે થતી !'
'ખરી છે વાત તારી એ, સખી, મેં કૃષ્ણ શોધવા
મારાં આ નયણાંને બે ઘણી યે વાર મોકલ્યાં;
પરંતુ એમ કે'તાં એ, જોઈ આવી ફરી ફરી :
તહીં ના એક છે કૃષ્ણ, સેંકડો કા'ન છે તહીં;
રચી છે રાસલીલાને, ઘણી યે ગોપીઓ લઈ.
ફોડતા મટુકી કોઈ, કોઈ વા દાણ માગતા;
રચી વા પગની આંટી કોઈ બંસી બજાવતા.
    સખી, આ સાંભળી વતો, પડી છું હું વિમાસણે :
શોધવા કેમ મારાને, કા'નના આ મહાધણે ?
પરંતુ જિંદગાનીની આ વહે જમુના અહીં;
રાહ જોઈશ કા'નાની તેને તીરે ઊભી રહી
    જાણું છું, જલમાં તેના, નાગ કાલિય ઘૂમતો,
હજારો જિંદગાનીને મૃત્યુના દંશ આપતો,
હજારો જિંદગાનીમાં કાલકૂટ ભરી જતો.
કા'નો મારો તજી બંસી, રાસલીલા તજી દઈ,

દાણ બાકી બધાં રાખી, કૂદશે નીર આ મહીં :
નાથશે નાગને, એની સહસ્ત્ર ફેણ ચાંપશે,
જિંદગી-જમુનામાંથી બાર'ર એને ફગાવશે.
　તે સમે કા'નને મારા ઓળખી હું લઈશ ને
દાણ જે માગશે ત્યારે, બધું યે ચૂકવીશ એ.'

# ૭૬. છેલ્લી પૂજા

અજાતશત્રુના પુરે રાજઆજ્ઞા ફરી વળી,
“બુદ્ધનો સ્તૂપ કો પૂજે, મોતની તો સજા ઠરી.”
સંધ્યા તણા આર્ત વિલાપ કેરી
છાયા ઢળે છે જગ શોક-ઘેરી.
વિલાપ કેરા પડઘા સમા આ
ડંકા પડે મંદિર-આરતીના.
ત્યારે ધરીને કર આરતીની
સામગ્રી, કો સુંદરી આવતી’તી :
તેણે સુણી શું નવ રાજઆજ્ઞા ?
સુણી છતાં વા કરતી અવજ્ઞા ?
ધીમાં જેવાં મૃદુલ પગલાં આભ ચંદા ધરે છે,
ને એના એ મધુર અધરે સ્મિત જેવું વહે છે,
ઓષ્ઠે તેવું અવિરત વહે સ્મિત, ને પાય તેવા
દેતી, આવે સ્તૂપની કરવા શ્રીમતી આજ સેવા.
નાચી રહી છે નવશિખ આરતી,
નાચંત તેની શતરશ્મિ આંખડી;
કરે ધરેલી ફૂ લ મા ળ કેરી
નાચી રહી સર્વ પ્રફુલ્લ પાંખડી.
ભિક્તભારે નયન નમણાં સ્તૂપ પાસે ઢળે છે;

પ્રેમાશ્રુ જે સતત વહતાં, સ્તૂપ તેથી ધુએ છે;
છાની જાણે હૃદય તણી, કો સાથ, ગોષ્ઠી કર છે;
ઓષ્ઠો તેના મધુર ફરકે, મંદ તેવું લવે છે.
છેલ્લી હતી એ નવશિખ આરતી,
ને સ્તૂપકંઠે ફૂલમાળ છેલ્લી;
વાતો હતી અંતિમ સર્વ આજની,
ને આખરી એ પળ જિંદગી તણી.
બુદ્ધના સ્તૂપની પૂજા કરંતી જોઈ સુંદરી,
પુરના રક્ષકો કેરી પ્રકોપ આંખ પ્રજવળી
“તેણે સુણી શું નવ રાજઆજ્ઞા ?
સુણી છતાં વા કરતી અવજ્ઞા ?”
કરે ધરી એ નિજ ખડ્ગ આવતો,
આજ્ઞા-અવજ્ઞા નીરખી જળી જતો.
    કંપી રહે છે નવશિખ આરતી,
ને ધ્રૈજતી સૌ ફૂલમાળ-પાંખડી;
નભે બધા તારક થરથરે છે;
નિસર્ગ જાણે ડૂસકું ભરે છે.
“ઉલ્લંઘી રાજઆજ્ઞાને કોણ તું સ્તૂપ પૂજતી ?”
જગાડી સુંદરી, પૂછ્યું; કોપે વાણી ય ધ્રૈજતી.
“બુદ્ધના પાયની દાસી,”–સુણંતાં અસિ ઊછળે;
નમેલા સુંદરી કેરા આવીને એ પડે ગળે.
શી આરતી વા ફૂલમાળ ત્યાં એ,
જ્યાં પ્રાણ કેરી થઈ પુષ્પમાળ !
ને કાય કેરી થઈ ભવ્ય આરતી,
–શિખા સહસ્ત્ર થઈ રક્તધારની !

# ૭૭. પરાજયની જીત

થયું ખતમ યુદ્ધ, ને સકલ શોર તેનો શમ્યો;
કલિંગ પડિયું, અશોકનૃપ પામિયો છે જય.
ભયંકર હતી લડાઈ, સહુ નાદ શાસ્ત્રો તણા
ભયાનક હતા; કૃતાન્ત કરતો તહીં તાંડવ.
બધા ય મધુરા સ્વરો જીવનના ગયા'તા ડૂબી,
પ્રચંડ અતિ યુદ્ધના ગરજતા મહાનાદમાં.
શમ્યો બહુ દિનો પછી પદપ્રહાર એ તાંડવી,
પરાજિત કલિંગમાં ચુપકીદી છવાઈ રહી.
    પરંતુ ચુપકીદી એ ભયદ યુદ્ધથી યે હતી;
નિરાશ નગરી હતી નયનનીરને ઢાળતી;
હતી બિનસહાય એ, કરુણ આજ તેની સ્થિતિ :
સમૂળ ઊખડી ગયેલ મૃદુ વેલ શી એ પડી !

*

વાગોળે છે વિજય, શિબિરે આજ સમ્રાટ તેનો;
દીપ્તિ તેના નયન મહીં છે દર્પ કેરી ભરેલી.
જોઉં જાતે વિજય, નૃપને સંસ્ફુરે ઊર્મિ એવી :
જોઉં જાતે મગધઅસિની ધાર છે તીક્ષ્ણ કેવી !
ગયાં તેજ ને આવિયો અંધકાર;
નહીં ભેદ એનો કલિંગે લગાર.

હતો આજ એવો, ઉરે ને બહાર,
જુએ એક અંધારને એ અપાર.
નિહાળવાને નિજ જીત જાતે,
અંધારમાં એ નગરી-સ્મશાને
રાજા પ્રવેશે, કરવા પ્રકાશ
મશાલચીઓ લઈ કૈંક સાથ.
કોઈ બીજું હતું ના ત્યાં; રાજા ને સૌ મશાલચી
પળે છે પથ પોતાને, શબોની વચમાં થઈ.
શબોના શબ્દમાં ગાથા લખાઈ ભૂપજીતની
રાજમાર્ગે, મહોલ્લામાં, આખી યે નગરી ભરી.
ડાબે ને જમણે આંખો ફેરવી, નૃપ વાંચતો :
ઉકેલે જેમ એ, તેમ જયનો અર્થ પામતો.
રાજા આજે અનુભવ કરે અંતરે કો અપૂર્વ :
જાણ્યો ન્હોતો કદીય જયનો અર્થ ભેંકાર આવો !
લાવા ધક્કેક પ્રબળ, ધરતી જેમ કંપી ઊઠે છે,
તેવું કંપે નૃપતિઉર આવેગથી ભાવ કેરા,
—જેના જોમે કઠણ પડ હૈયા તણાં સર્વ તૂટે.
જોવાને જયની ઇચ્છા હવે ના નૃપને રહી;
ઉર કે આંખ તેની આ શકે ના જીતને સહી !
ક્ષણાર્ધ પાય થંભ્યા ને પડયું ચિત્ત વિમાસણે;
'ચાલો સૌ શિબિરે પાછા,'—ભૂપ આજ્ઞા પછી કરે.
મશાલચીઓ સહુ મૂઢ થાતા;
ક્રિયા કશી યે સમજ્યા ન ભૂપની;
પરસ્પરે ઇંગિતથી જ પૂછતા :
'અરે, થયું શું, સમજે છ તું કંઈ ?'
ગયો શિબિર માંહી ભૂપ, અળગા કર્યા સેવકો,
અને શ્રમિત શીર્ષને કર મહીં ધરી બેસિયો;

કર્યાં નયન બંધ તો ય અળગી કરી ના શક્યો
ભયંકર ભૂતાવળો વિજય-દૃશ્યની કિન્તુ એ
　‘હજારો હૈયાંને નિજ નિજ તણી સૃષ્ટિસહ મેં,
અરે, સહાર્યાં ને જીવિતઉર ખંડેર કરિયા :
મહત્તા એ મારી ? વિજય મુજ એ ? ગૌરવ ગણું ?
અને એ ભૂમિની ઉપર જઈ મારો જય ચણું ?’
　અજંપો ઉગ્ર રાજાના હૈયાને આજ રે’ દમી;
ભાર એ અંતરે આજ જયનો ન શકે ખમી.
ઘડી ઊઠે, ઘડી બેસે, ફરે છે શિબિરે ઘડી,
—એનો જ જય આવ્યો છે આજ એના પરે ચડી !
‘જે જીતે નવ જીતિયાં મનુજનાં હૈયાં, નહીં જીત એ;
જે જીતે રચિયાં મસાણ, નવ એ સાચી કદી જીત છે;
જે જીતે નવલું કશું ન સરજ્યું, એને કહું જીત શે ?
જેથી માનવ માનવી મટી જતો, છે જીત કે હાર એ ?’
　ઉચ્ચારે મન રાજાનું : ‘હાર, એ હાર છે નકી.
કદી યે ખડ્ગની ધાર જીત ના સરજી શકી.
　નથી વિસ્તારવી સત્તા, ખડ્ગની જીત ના ચહું,
મારે તો માનવી કેરાં હૈયાને અપનાવવું.
હૈયાની શક્તિથી કોઈ અન્ય શક્તિ નથી વડી.
આજથી કરમાં મારા રહેશે ધર્મની છડી.
તમે હવે ખડ્ગ ! રહો જ મ્યાનમાં,
કલ્યાણમાં માનવના ન કામનાં;
ઓ ધર્મ ! આદેશ દિયો તમારો,
ને એ જ થાશે બસ માર્ગ મારો.’
*
પૂર્વમાં તેજ કેરી ત્યાં દેખાઈ નવમંજરી;
રાયના અંતરે શ્રદ્ધા, નવાં લૈ તેજ, સંચરી.

# ૭૮. દાન

ભોરની ભરનિદ્રામાં શ્રાવસ્તી નગરી હતી;
બુદ્ધને કાજ ભિક્ષાની કોની બૂમ નભે ચડી ?
હજુ ન રંગો નભ ઊઘડ્યા’તા,
તારા બધા યે હજુ ના ગયા’તા;
હજુ ન પૂરાં ફૂલડાં ખીલેલ,
ના પંખીએ ગાન હજુ ધરેલ.
 પ્હેલી પળો મંગળ એ પરોઢની,
ટાઢી વહેતી લહરી સમીરની;
પોઢેલ એ સૌ જનને નિસર્ગ
મીઠું મીઠું વ્હાલ કરી રહેલ.
એ સમે બુદ્ધના શિષ્યે સાદ એ પુરમાં કર્યો,
“જાગો છો ? આપશો ભિક્ષા બુદ્ધને, નરનારીઓ ?”
અરણ્યમાં કોઈ તપસ્વી જેમ
ઉચ્ચાર કો મંગલ મંત્રનો કરે,
તેવો સૂતેલી નગરી મહીં એ
પુકાર સાધુ કરતો બધે ફરે.
સ્વપ્નોમાં ભમતાં સૌને સાદે એ ચમકાવિયાં;
બીડેલાં નયનોને સૌ સાધુએ કરિયાં ખુલાં.
સાધુસાદે નરપતિ તણા અંતરે એમ થાતું :

"સત્તા શી આ પલવિપળની ? રાજ્યના ભોગ શા આ ?"
ને આવે છે ધનપતિ તના ચિત્તમાં યે વિચાર :
"આત્મા કેરા ધનવિભવ એ ફાંસલાના પ્રકાર."
    સાંભળી બુદ્ધનું નામ જાગી ગૈ નગરી બધી,
દેવા કૈં પ્રભુને પાયે, ધન્ય આવી ગણી ઘડી.
    ભરી મુઠ્ઠી માર્ગે રતન ઠલવે રાજરમણી;
અને લક્ષ્મીવંતી, તનુ ઉપરનાં ભૂષણ તણી
કરે વૃષ્ટિ : ને સૌ ગરીબ ગૃહિણી વેણી મહીંનાં
બધાં ચૂંટી મોતી પથ ઉપર દે આજ ફગવી.
    પરંતુ સાદ સાધુનો ભિક્ષા કાજ ફરી પડે :
રત્ન, આભૂષણો, મોતી બધાં યે ધૂળમાં રહે.
    "તને શું જોઈએ, સાધુ ? પ્રભુ શું આજ માગતા ?"
લક્ષ્મીથી તુષ્ટ થાતા સૌ એ વિચારે ડૂબી જતા.
    "પ્રભુ ના યાચતો રત્નો, તમારાં ભૂષણો કદી :
વિચારી આજ સંતોષો ઇચ્છા એ અવધૂતની."
લક્ષ્મી ભરેલા પથને વટાવી,
ને સ્તબ્ધ મૂંગી નગરી મૂકીને,
અરણ્યને માર્ગ પળંત સાધુ,
પુકાર ત્યાં યે કરતો ફરીને.
ને આ ક્યાંથી, "ઘડીક ખમજો, દેવ !" એ કોણ બોલ્યું ?
ચોંકીને એ વિજન પથમાં સાધુએ શું નિહાળ્યું ?
વૃદ્ધા નારી,–શરીર વીંટિયું વસ્ત્ર કંગાલ એક,–
બોલે, "મારી પ્રભુ-ચરણમાં આપજો દીન ભેટ."
    બોલી એમ ગઈ એક વૃક્ષની ઓથમાં સરી;
આપતી વસ્ત્રની ભેટ, લંબાવ્યા કરમાં ધરી.
    નાચિયું ઉર સાધુનું : વસ્ત્ર શિરે ચઢાવિયું :
પાત્ર જે રાખિયું ખાલી પુરે, તે કાનને ભર્યું !

## ૭૯. શી કસોટી, હાય!

શી કસોટી, હાય !
પૂજામાળા જાશે મારી અધમારગ શું વિલાઈ ?
અધમારગ પૂજાની દીવડી જાશે શું ઓલાઈ ?
શી કસોટી, હાય !
શે અપરાધે, નાથ !
થાતો મારે હૈયે આજે લજ્જાનો આઘાત ?
જે તીરથની જાત્રી ચાલી આવી દિવસરાત્રી,
એ તીરથ નહિ પહોંચાય ?
શી કસોટી, હાય ?

# ૮૦. હે મંગલ !

હે મંગલ ! હે મંગલ !
ચરણતલ તવ, આજ મમ લહો ચિત્ત પલપલ ચંચલ.
હે મંગલ ! હે મંગલ !
બહુ જુગો જલ જીવનનાં વહી, તરંગો સહુ આજ રે'કહી :
હે દયામય ! સ્થાન દે, તવ પાસ આવ્યું પથિક જલ.
હે મંગલ ! હે મંગલ !

# ૮૧. તારો ઇતબાર

તારો ઇતબાર જેને, તારો ઇતબાર તેને :
આ પારે શું વા સામે પાર,
જેને તારો ઇતબાર !
શાને આ ભીતર એવું, શાને એ બા'રે કે'વું ?
એક તુંબીના બેઉ તાર,
જેને તારો ઇતબાર !
લઈ લેજે તારી પાસે,–માગે એવું શાની આશે ?
સરખાં વૈકુંઠ ને આ સંસાર,
જેને તારો ઇતબાર !
તરશે કે ડૂબશે હોડી, દિયે એ ઉચાટ છોડી :
એવા વળી શાને ભરે ભાર,
જેને તારો ઇતબાર !

# ૮૨. શબ્દો

અગ્નિ તણો સંગ ન પામાતાં સુધી
નિસ્તેજ ટાઢા જ્યમ કોલસા રહે,
શબ્દો રેહ નિષ્પદ્રભ તેમ, જ્યાં સુધી
જ્વાલા નહીં સર્જનની પ્રજાળે.

# ૮૩. વિદાય

કદી નહિ કહું, 'મને જ સ્મરણે સદા રાખજે,
અને નયનપંથનું અવર વિશ્વ તું ત્યાગજે;
પરંતુ ગગનાંગણે, અવનિમાં, અને સિંધુમાં,
મળે અધિક જે તને મુજ થકી, ઉરે થાપજે.
    પરસ્પર કરી કથા રજનિ ને દિનો ગાળિયાં;
અનેક જગતો રચી સ્વપનમાં, વળી ભાંગિયાં.
કઠોર થઈને કદીક તુજ આંસુ જોયા કર્યાં;
કદીક તુજ ગોદ શીશ ધરી હીબકાં મેં ભર્યાં.
    મળે અધિક ઊજળા દિન અને મીઠી રાતડી,
જજે સકલ તો ભૂલી રજનિ ને દિનો આપણાં;
રચે સ્વપન ભવ્ય કો જગતનું બીજા સાથમાં,
ભલે વીસરજે પછી જગત આપણે જે ઘડયાં.
    છતાંય સ્મરણે ચડી વિપળ એક જો હું લઉં,
ઉદાર તવ ઉરની પ્રથમથી ક્ષમા તો ચહું.

# ૮૪. ભુંડ

જુઓ ને આ ભુંડ,
નીચું કરી મુંડ,
દિન બધો ઘૂમી ઘૂમી એક માત્ર ખાય :
જાણે ના ધરાય !
અન્ય સહુ અંગ પરે પેટ કેરી આણ ફરે :
આંખ થકી છટકીને ક્યાં ય ના જવાય ;
સુંદરની સાથે કંઈ વાત નહીં થાય;
મધુર સૂરોને નહીં કાનથી સુણાય :
પેટ કેરી આણને તે કેમ ઉથાપાય !
ક્યાંથી હોયે એને ભાન,
–ઉપર રહ્યું છે એક નીલ આસમાન !
ઝાડ કેરી ડાળ પરે પણે એક ફૂલ;
કોકિલના સૂર રચે એક એક ગુલ.
સૂરજનું સોનું લઈ, ચાંદ કેરું રૂપું,
સજી શણગાર બેસે, જાણે નવવધૂ,
ધરતી આ : કેવી સોહે ! જોઈ જોઈ આંખ મોહે.
પણ પેલું ભુંડ,
નીચું કરી મુંડ,
એક માત્ર ખાય :

ધરતી રૂપ એને નહીં રે દેખાય !
બસ મારું ભાણું :
કશું યે ન બીજું જોઉં, સુણું નહીં જાણું :
પેટરાજા પળે પળે માગે નજરાણું .
ખોજી રહે દાસ ભુંડ,
નીચું નીચું કરી મુંડ, માત્ર એક ખાણું.

# ૮૫. મશીનની માનવી ઉપર સવારી

ગાડી જાયે વેગવંત,
નિયત મંજિલ એની, નિયત કરેલ પંથ.
આમતેમ ટહેલવાની નહીં વેળા પાસે,
મુકામે પહોંચી એને જાવું એક શ્વાસે.
 ‘રુક જાઓ !’—નાનકડી ઊભી અહીં ગાય :
કોઈનો ન એને એવો સાદ સંભળાય.
હાશ, ભાગી ગઈ ગાય,
—ગાડીથી તો શે થોભાય !
માથા પરે લઈ એક લાકડાની ભારી,
અડવાણે પાયે એક ચાલી આવે નારી.
ભારીની ઉપર જેવું લૂગડું વીંટાળ્યું,
એવું એના અંગ પરે ચીંથરું નિહાળું.
સૂરજ ગયો છે ઢળી :
અંધારાથી ધરતી આ બની ગઈ શામળી.
 મેદાન વટાવી, નારી, નાનકું ચઢાણ
ચઢીને જ્યાં આવી, ત્યાં તો થઈ કેવી હાણ !
એને વિશે સાંભળશે કોણ મારી વાણી ?
ભારે ભારે કામ કેરાં સહુને દબાણ.
તે દિવસે રાતે.

આવી નહીં ઊંઘ મારી આંખે કોઈ વાતે !
અંધારામાં જોઉં પેલી નારી માથે ભારી :
આંતરડી પાડી ઊઠે મારી ચિચિયારી.
    લાગણી-વિવશતા આ : એવું કોઈ બોલે;
કોઈ કહે : અલ્યા, તું તો પોચટની તોલે.
    કહી શકો તમે એવું, તમે જાણકાર,
—પ્રાણ મારો પણ કરી ઊઠે હાહાકાર.
ઘડી ઘડી જોઉં પેલી નારી માથે ભારી,
—મશીનની માનવીની ઉપરે સવારી !
    વિચાર ધરે છે તહીં તિમિરે આકાર :
મશીનના જોઉં, અહો, કેટલા પ્રકાર!
કોઈ તણી સીટી વાગે 'ધરમ, ધરમ !'
કોઈની વરાળ બોલે કંઈક 'ઇઝમ.'
'ધન ! ધન ! ધન ! ધન !'—કોઈનો અવાજ;
કોઈકના ભૂંગળામાં સત્તા કેરો નાદ.
નિયત કરેલ એના પંથ માંહી ગતિ;
ધસમસી જાયે,—એમાં થોભવાનું નથી.
ગતિ કરે કેવી હાણ, —તેની એને નહીં જાણ!
મશીનની જાય ચાલી આવી વણઝાર,
કચરાતા જાઉં એમાં નાના નાના પ્યાર.
સાંભળે તે કોણ પણ એનો ચિતકાર !
    શમી જાયે સકલ એ વિચાર-આકાર :
ઘેરી મને ભીંસી રે'તો ઘન અંધકાર.
બોલી ઊઠે મન મારું : કરુણ આ ભારી
મશીનની માનવીની ઉપરે સવારી !

# ૮૬. હૈયું કહીં ?

મૂંગો થો હું જાઉં છું.
વાણીને હું વહાલ કરનારો સદા,
આજ એનાથી વિખૂટો – લાગતું કે – થાઉં છું :
મૂંગો થતો હું જાઉં છું.
    વ્યર્થ વાણી ભાસતી, –એવું નથી :
બોલવાને કાજ રહું છું હું મથી.
ગાનાર હું, ને ઝણઝણી ઊઠનાર હું,
આજ જાણે સ્તબ્ધતાના બંધમાં ભીંસાઉં છું :
મૂંગો થતો હું જાઉં છું.
    દૂર કોઈ એક નાનું વિહગ બોલી ઊઠતું,
પર્ણ કોઈ પવન માંહી ડોલતું,
નાનકું વા ઘાસ મારા પાયને અડકી જતું,
હર્ષથી કેવું, અહો, હૈયું તદા પાગલ થતું !
હર્ષના એ સૂરથી સૌ, ત્યક્ત જાણે થાઉં છું :
મૂંગો થતો હું જાઉં છું.
    જે દિનેથિ મેં નિહાળ્યો માનવીને પાસ લઈ,
–જોઉં તો મંદિર દીસે, પણ દેવ દેખાયે નહીં,
–હૈયું કહીં ?

ફંફોસતો મંદિર મહીં : પામું નહીં :
તે દિવસથી સ્તબ્ધતાની ભીડમાં ભીંસાઉં છું :
વાણી હું વહાલ કરનારો સદા
મૂંગો થતો હું જાઉં છું.

# ૮૭. માનવીનાં મૂલ

આપણાં ઉર સંગાથે આજ બેસી વિચારીએ :
ઓછાં ના માનવી કેરાં કદીએ મૂલ્ય આંકીએ.
વિચારો આપણા સર્વે, કેંદ્ર એને કરી રહો;
બેટ એને બનાવીને ભાવ સૌ આપણા વહો !
    આપણે હણવા એને કેટલી વેદીઓ રચી,
રૂપાળાં નામ આપીને,–ઘડી જે જાય છે જચી !
કોઈ દી ધર્મનું નામ કદી વા સંસ્કૃતિ તણું;
આપણા સ્વાર્થ યજ્ઞાર્થે એને છે બકરું ગયું.
    કશાના રક્ષણાર્થે ના ધરાઓ માનવી બલિ,
રક્ષાર્થે માનવી કેરી બધું હો આ ધરા મહીં..
સાધવાને કશું યે ના બનો માનવ સાધન,
આપણા પ્રેમ કેરું હો સાધ્ય માનવનું મન..

# ૮૮. મેલો એક કોડિયું

મેલો એક કોડિયું, રે ભાઈ, મેલો એક કોડિયું :
એક એક કોડિયે, ભાઈ, કોટિકોટિ દીવડાઓ થાય.
એક એક કોડિયાના તેજ તણા ધાગા માંહી
કોટિ કોટિ દિલડાંઓ સંધાય;
ઘરનાં તે આંગણાં ને દૂર તણા પંથ આપણ,
એના તે તેજથી છવાય. મેલો.
એક એક કોડિયાના અજવાળે અજવાળે
કોટિકોટિ ચરણો ચાલ્યા જાય;
એક એક કોડિયાની આલબેલ સાંભળીને
લાંબો તે પંથ ટૈંકો થાય : મેલો.
એક એક કોડિયું એ, સફરીને કાજે સૌએ,
આશાનું ગીત મીઠું ગાય;
એક એક કોડિયાથી દરિયો અંધાર કેરો
તરી જઈ સામે પાર જવાય મેલો.

# ૮૯. પૂજ્ય નાનાભાઈ ભટ્ટઃ એંસીમે જન્મદિને

કેવી કરામતથી ભર્યું આ કોડિયું !
તેલ ના કંઈ બા'રથી પૂરવું પડે,
કે વાટ પણ ના અન્ય કોઈ કર વણી એમાં ધરે.
તેલ એ નિજનું સ્વયં પૂરી લિયે,
વાટ પણ નિજની વણી મૂકી દિયે;
જો ! પછી એ સૌમ્ય તેજે, કુટિરમાં નિજ નાનદી, જલતું રહે.
એને કશાં વલખાં નથી, અજવાળવા ધરતી બધી.
ગામ કેરાં નાનકાં પણ કોડિયાં પેટાવવા મથતું રહે છે રાતદી.
શી, અહો ધીરજ ! મથામણ કેટલી !
કંઈક મુશ્કેલી ય ફૂંકાતી રહી;
તો ય એની જ્યોત તો રે'તી ઝગી,
કોડિયાં હૈયાં તણાં પેટાવવા રે'તી મથી.
સૌમ્ય, તેજસ્વી, નિહાળીને તને,
ચિત્ત મારું ઝૂકતું તારી કને.

# ૯૦. સ્વ. મોતીલાલ નેહરુને : જન્મશતાબ્દીએ

તમે હતા સુખના ઉપવનમાં ને વૈભવની વચમાં;
તમે હતા આ દુનિયા માંહી યશ કેરા મંદિરમાં.
 યુગો યુગોમાં અદ્‌ભુત એવો આવ્યો ત્યાં અવધૂત;
ઢંઢોળ્યા તેણે લોકોને, –જાગી ગયા સપૂત.
 તમે જાગિયા, જેવો જાગે વન માંહી વનરાજ :
ખંખેરી નાખ્યાં સુખ –વૈભવ–યશને હલવી યાળ !
 અને મોરચે મુક્તિ કેરા ચાલ્યા અવધૂત સાથ;
અણથંભ્યા બસ રહ્યા ઝૂઝતા, ગણ્યાં નહીં દિનરાત.
 તમે લડ્યા એવું કે આજે મુક્તિ થઈ સાક્ષાત્ :
તમે રહો છો એથી નિત્યે અમ હૈયાં સંગાથ !

# ૯૧. વનપ્રવેશ, મિત્રોને

તપ્ત લલાટે આજે મારા, બુંદ ખુદાઈ પામ્યો;
જીવનભર જે નહીં કમાયો તે આજે હું કામ્યો.
    સરલ, સૌમ્ય સદ્‌ભાવ ઝીલવો, મેં જાણ્યું કે સહેલ :
અનુભવ આજે અંતર કરતું, એ કેવું મુશ્કેલ !
    દોસ્તો, આવો, અંતર મારે કરો ડોકિયું આજ :
બાજઠ પર બેઠાં છે એમાં બેઉ હરખ ને લાજ.
    હસવા માંહી આજ ન પૂરું સુખથી પ્રગટ થવાય :
એથી આવી આંખ મહીં એ આંસુમાં મલકાય !

# ૯૨. દિલડું જીત્યું નહી !

ના, ના, ના, ના, નહિ,
તેં તો મારું દિલડું જીત્યું નહિ !
તેં તો છે માણિયા વાસંતી વાયરા, આંધીને ઓળખી નહીં;
પાણીથી પોચી છે તારી તો પ્રીતડી, શકે નહિ દુ:ખડાં સહી.
તેં તો મારું દિલડું જીત્યું નહીં !
તેં તો છે મીઠપની પીધી મટુકીઓ, ઝેરની અંજલિ નહીં;
ફૂલોની સેજમાં હૈયું સુવાડિયું : વજ્જરમાં કેમ શકે રહી !
તેં તો મારું દિલડું જીત્યું નહીં !
તારાં તો ગીતમાં જોઉં અતીતને, આગમની વાણી નહીં;
તારા તો થંભેલા જોઉં છું પાયને, હૈયામાં થેઈ થેઈ નહીં !
તેં તો મારું દિલડું જીત્યું નહીં !
તું તો છે શ્રાવણ ને માગું અષાઢ હું, ચાહું સરવડાં નહીં;
ડહેકા દિયે છે મારું હૈયું જે હેલીએ, એવી તું નહિ શકે દઈ !
તેં તો મારું દિલડું જીત્યું નહીં !

# ૯૩. એક ગોરીને

‘ગોરી ! રે હો ગોરી ! તારી કોરી રે ચૂંદલડી
વૈશાખે ક્યાંથી રે ભીંજાણી ?’
‘વૈશાખી માસે મારા મનનો મેહુલિયો
આવ્યો, તેણે ચૂંદડી ભીંજવી હો !’
‘તારી રે આંખોનાં આંજણ કાલે, ગોરી ! કાળાં હોતાં;
આસમાની આજે ક્યાંથી આવ્યાં હો ?’
‘આવ્યો જે, એ આસમાની આંજણ સાથે લેતો આવ્યો :
એથી મારાં નયણાં અંજાયાં હો !’ ગોરી !.
‘તારાં રે જોયાં’તાં મનનાં આછાં રે અજવાળાં, ગોરી !
આજે ક્યાંથી પૂનમ, આ પથરાણી હો ?’
‘બારે રે મહિનાની પૂનમ, આવ્યો જે, એ સાથે લાવ્યો :
એથી તો અજવાળાં આ રેલાણાં હો !’ ગોરી !.

# ૯૪. વળાંક

એક સુંદર કાય કેરો આ જરાક વળાંક છે :
કાય એ સીધી ય તે સુંદર હતી;
કિન્તુ સહેજ વળાંક લેતાં અધિક સુંદર થઈ જતી.
સહેજ વાંકી ડોક છે;
કમર કેરો એક બાજુ લઘુક એવો ઝોક છે.
જોઈ ને એ આંખ મારી ખુશખુશાલ !
કોઈ ખિસકોલી કરે છે જેમ દોડાદોડ કોઈ ડાળ પર,
આંખ મારી તેમ દોડી રે', રહી આ વાંક પર.
કરકરો એની ખુશી કેરો અવાજ !
આંખ પર એ કાન માંડો જો તમે,
જરૂર, કહું છું, સૂર, મારાં નેનના એ સાંભળે

# ૯૫. માનવ-પારિજાત હે !

થોડી ઘડી તું મુજ પાસ આવી
ખડી રહી, ને મુખથી સર્યાં ત્યાં
થોડાક શબ્દો, સ્મિત,—આંખમાંથી
કિરણો તણાં ત્યાં
કુસુમો ગર્યાં કૈં.
પળે પળે અંગ મહીં પ્રસન્નતા
ઝબૂકતી શી !
સરોવરે જેમ જરા હલંતા
જલમાંહી ચાંદની !
થોડી ઘડી એ ગઈ, વાત આપણી
પૂરી થઈ, ને મુજ ચિત્ત જાતું,
દિન એક આવી ઘડીઓ મળી હતી
સહુ ચૂંટવા તે.

*

તે દી પરોઢે મુજ બાગ માંહી
ટહેલતો'તો, તહીં એક આવી
મધુરી સુવાસ
ખેંચી લઈ ગૈ નિજ વાસ પાસ.
ત્યાં છોડ ખૂણા મહીં પારિજાતનો

ઊભો હતો ભોર તણી હવામાં
હલતો જરાક.
પળે પળે પુષ્પ ધરા ખરંતાં
મનને ભરંતાં
નિજ સૌરભેથી.
થોડી ઘડી માનવ-પારિજાત હે !
તેં પાસ આવી સ્મૃતિ એ જગાવી
હૈયું કર્યુ સૌરભથી ભર્યુ ભર્યુ !

# ૯૬. રખડવા નીકળ્યો છું

રખડવા નીકળ્યો છું.
તરસ ને ભૂખ મારી તૃપ્ત કરવા કાજ
આજ આ ભટકવા નીકળ્યો છું.
વર્ષા નથી, છે વાદળાં;
શીતલ અને ધીમી ગતિની છે હવા;
મેદાન હરિયાળાં હસે,
ને દૂર એમાં ગાય કોઈ ભાંભરેટ
કોઈ રંગીલું ગળું,
આ સીમને માધુર્યથી વળગી પડ્યું.
ક્યાંક છે તડકા તણું કો ચોસલું,
તાજુ અને થોડું ગરમ :
એકાદબે બટકાં લઉં એને ભરી,
ને પછી તેની ઉપર
માટી તણી સોડમ ભરેલી આ હવા
ગટગટાવી લઉં જરી.
શી છે કમી ? જહાંગીર છું,
—ને જહાંનું નૂર આ સામે ખડું !

# ૯૭. હૈયાનો હંસલો

હૈયાનો હંસલો આ મારો
કે ચારો તે ચરવાને જાય
કોણે આ આસમાને વેર્યા છે તારલાને ?
ચૂગી ચૂગી ને એ તો ખાય.
કોણે મેલ્યા છે મધના પ્યાલા આ ફૂલ કેરા ?
પીવાને હંસલો એ જાય;
સૂરજનાં સોનેરી ને ચંદાનાં રૂપેરી
નીરમાં જઈ ને એ તો ન્હાય. હૈયાનો.
ધરતીના હરિયાળા, આભ કેરા આસમાની,
રંગે એ હંસલો રંગાય;
શ્યામલ સ્વરૂપ જ્યાં એ જોવે મેહુલિયાનું,
પોતે યે રૂપે એ સોહાય ! હૈયાનો.
આભે ઊડીને એ તો ધરતીને નીરખે, ને
ધરતીએ આવી જોતો આભ;
મૂંગા છે હંસ પેલા માનસનાં નીર કેરા :
મારો આ હંસલો તો ગાય ! હૈયાનો.

# ૯૮. કોણ એવું છે અપાર!

કોણ એવું છે અપાર ?
કોણ મારી બાથ કેરી બા'ર છે ?
ધારતાં એવું તમે ઓ આભ, વાયુ, તેજ, સિંધુ ને ધરા !
કે સૌ તમે વણપાર છો ?
ને પ્રેમ કેરી બાથની મુજ બા'ર છો ?
પ્રેમ મારો જે ક્ષણે
થાય છે ઊભો ધરાને પ્રાંગણે,
બાથ ભરવા કારણે
બાહુને પ્હોળા કરી, ભેગા કરીને બાથ જ્યાં પૂરી કરે,
જાઓ છો એમાં પુરાઈ સૌ તમે !
ને તોય ખાલી એટલી એ તો રહે,
કે, જે તમારો સર્જનારો,
તે ય તેમાં જઈ સમાઈને રમે !

○○○